પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૯-૦૪-૨૦૨૬-ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૧૦૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# આસામ, કેરળ અને પુદુચેરીમાં શાંતિપૂર્ણ મતદાન

## ૩ રાજ્યોની ૩૯૬ બેઠકો પર ચૂંટણી : સવારે ૧૧ વાગ્યા સુધી આસામમાં ૩૮.૯ ટકા, કેરળમાં ૩૩.૩ ટકા અને પુદુચેરીમાં ૩૭.૧ ટકા મતદાન નોંધાયું



નવી દિલ્હી, તા. ૦૯

આજે ત્રણ રાજ્યો આસામ, કેરળ અને પુદુચેરીમાં એક જ તબક્કામાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે. કુલ ૨૯૬ બેઠકો માટે મતદાન ચાલી રહ્યું છે. સવારે ૧૧ વાગ્યા સુધીમાં, આસામમાં ૩૮.૯%, કેરળમાં ૩૩.૩% અને પુદુચેરીમાં ૩૭.૧% મતદાન થયું હતું.

દેશના ત્રણ રાજ્યો આસામ, કેરળ અને પુદુચેરીમાં ૨૯૬ બેઠકો પર સાંજે ૫ વાગ્યા સુધી ચાલશે. આજે સવારે ૬ વાગ્યાથી ૭ વાગ્યાની વચ્ચે તમામ મતદાન મથકો પર અધિકારીઓએ મોક પોલિંગ કર્યું, જેથી ઈફસમાં કોઈ ખામી નથી તેની ખાતરી કરી શકાય.

પુડુચેરીના ઝસ રંગાસ્વામી મતદાન કરવા માટે મોટરસાઈકલ પર પહોંચ્યા. તેમણે પહેલા એક મંદિરમાં પૂજા પણ કરી હતી. કેરળના ઝસ પિનારાઈ વિજયને પણ આજે સવારે મતદાન કર્યું હતું. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરકારે ગુવાહાટીમાં મા કામાખ્યા મંદિરમાં પૂજા કરી હતી.

ત્રણેય રાજ્યોમાં લગભગ ૧૦ લાખથી વધુ મતદારો પ્રથમ વખત મતદાન કરશે. કેરળમાં ૭૦ વર્ષમાં પ્રથમ વખત કોઈ મુખ્યમંત્રી હેટ્રિક માટે ચૂંટણી લડી રહ્યા છે. આસામમાં ભાજપ હિમંતા બિસ્વા સરમાના સહારે સતત ત્રીજી વખત સરકાર બનાવવાનો દાવ રમી રહી છે. જ્યારે પુદુચેરીમાં કોંગ્રેસમાંથી નીકળેલા એન. રંગાસામી પાંચમી વખત સત્તામાં આવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આસામની ૧૨૬, કેરળની ૧૪૦ અને પુદુચેરીની ૩૦ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. આસામની ૧૨૬ બેઠકો માટે ૭૨૨ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે અને બહુમતીનો આંકડો ૬૪છે. મતગણતરી ૪ મેના રોજ થશે અને તે જ દિવસે પરિણામો જાહેર કરવામાં આવશે.

આસામમાં ૧૨૬ બેઠકો પર ૪૧ પક્ષોના ૭૨૨ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જ્યારે કેરળમાં ૨.૭૧ કરોડ મતદારો ૮૯૦ ઉમેદવારોમાંથી પોતાના નેતા પસંદ કરશે. પુડુચેરીમાં ૨૦ પક્ષોના ૨૯૪ ઉમેદવારો પોતાનું નસીબ અજમાવશે.

આસામના દિમા હાસાઓમાં એક મહિલા મતદાતાએ કહ્યું, "હું અહીં મારા મતાધિકારનો ઉપયોગ કરવા આવી છું. મારું માનવું છે કે

અનુસંધાન પાના ૭ પર

## ઈરાને હોર્મુઝ સમુદ્ર માર્ગ ફરી બંધ કરતા ઉર્જા સંકટ ઘેરાયું

### યુદ્ધ વિરામમાં હિઝબુલ્લાહ સામેલ નહીં હોવાનું ટ્રમ્પનું નિવેદન

નવી દિલ્હી, તા. ૦૯

ઈઝરાયલે બુધવારે લેબનોનની રાજધાની બેરુતમાં હવાઈ હુમલો કર્યો. આ હુમલામાં ૨૫૪ લોકોના મોત થયા અને ૮૦૦થી વધુ ઘાયલ થયા. આ માહિતી લેબનોનના સ્વાસ્થ્ય મંત્રાલયે આપી છે. ન્યૂઝ એજન્સી છ અનુસાર, આ હુમલા બાદ ઈરાને હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી બંધ કરી દીધું છે.આ પહેલા ઉગ્રવાદી સંગઠન હિઝબુલ્લાહે ચેતવણી આપી હતી કે જો લેબનોનને યુદ્ધવિરામમાં સામેલ કરવામાં નહીં આવે, તો આ કરાર તૂટી જશે. જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું કહેવું છે કે ઈરાન સાથેના યુદ્ધવિરામ પ્લાનમાં હિઝબુલ્લાહ સામેલ નથી.અમેરિકા અને ઈરાન વચ્ચે લગભગ ૪૦ દિવસ પછી ૨ અઠવાડિયાના યુદ્ધવિરામ પર સહમતિ બની છે. ટ્રમ્પે જણાવ્યું કે આ નિર્ણય પાકિસ્તાની પીએમ શાહબાઝ શરીફ અને આર્મી ચીફની અપીલ બાદ લેવામાં આવ્યો.ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ અમેરિકાને કહ્યું છે કે તેણે સીઝફાયર (યુદ્ધવિરામ) અને યુદ્ધમાંથી કોઈ એક વિકલ્પ પસંદ કરવો પડશે.તેમણે કહ્યું કે સીઝફાયરની શરતો સ્પષ્ટ છે- અમેરિકા કાં તો યુદ્ધવિરામ લાગુ કરે અથવા ઈઝરાયલ દ્વારા યુદ્ધ ચાલુ રાખે, પરંતુ બંને એકસાથે ચાલી શકે નહી.અરાઘચીએ લેબનોનમાં થઈ રહેલી હિંસાનો

અનુસંધાન પાના ૭ પર

## લેબેનોનમાં એકજ દિવસમાં ઈઝરાયેલ દ્વારા અનેક હુમલામાં ૨૫૪ લોકોનાં મોત

### લેબેનોને રાષ્ટ્રીય શોકની ઘોષણા કરી : ઈરાને કહ્યું- યુદ્ધવિરામ અને યુદ્ધ એક સાથે ચાલી શકે નહીં



નવી દિલ્હી, તા. ૦૯

લેબનોનમાં ઈઝરાયલના હુમલામાં એક જ દિવસમાં ૨૫૪ લોકોનાં મોત થયા છે, જ્યારે ૧૧૬૫થી વધુ લોકો ઘાયલ થયા છે. આ પછી દેશમાં રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે.

લેબનોનના વડાપ્રધાન નવાફ સલામે કહ્યું કે તેઓ દેશના તમામ રાજકીય અને રાજદ્વારી સંસાધનો એકત્ર કરીને ઇઝરાયલી હુમલાઓને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે. સ્વાસ્થ્ય મંત્રી રકાન નાસેરદ્દીને આંતરરાષ્ટ્રીય મદદની અપીલ કરી છે. મોટી સંખ્યામાં ઘાયલોની સારવારથી સ્વાસ્થ્ય વ્યવસ્થા પર ભારે દબાણ છે.

આ દરમિયાન યુદ્ધવિરામને લઈને વિવાદ વધુ ઘેરો બન્યો છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે કહ્યું કે લેબનોન આ કરારમાં સામેલ નથી. અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે કહ્યું, ‘‘અમે આવું કોઈ વચન આપ્યું ન હતું.’’જ્યારે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું કે અમેરિકાએ નક્કી કરવું પડશે કે તે યુદ્ધવિરામ લાગુ કરે છે કે ઈઝરાયલ દ્વારા યુદ્ધ ચાલુ રાખે છે, કારણ કે બંને સાથે ચાલી શકે નહી.

ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા તેલના જહાજો પાસેથી દરેક બેરલ પર ૧

અનુસંધાન પાના ૭ પર

## નાજુક યુદ્ધવિરામ વચ્ચે વાટાઘાટો માટે જે.ડી.વાન્સ પાકિસ્તાન જશે

### શાંતિ મંત્રણામાં ઈરાનનો પરમાણું મુદ્દો મુખ્ય રહેશે

નવી દિલ્હી, તા. ૦૯

હંગેરીની મુલાકાત પૂર્ણ કર્યા પછી, યુએસ ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ આ સપ્તાહના અંતે ઈસ્લામાબાદ જશે, જ્યાં તેઓ ઈરાન સાથે વાટાઘાટો માટે ઉચ્ચ સ્તરીય યુએસ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. આ મુલાકાત ત્યારે આવી છે જ્યારે વોશિંગ્ટન તાજેતરના અઠવાડિયાના લશ્કરી તણાવ પછી ઉદ્ભવેલા નાજુક યુદ્ધવિરામને મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. ટ્રમ્પ વહીવટીતંત્ર આ યુદ્ધવિરામને કાયમી શાંતિમાં પરિવર્તિત કરવા માટે રાજદ્વારી પ્રયાસોને તીવ્ર બનાવી રહ્યું છે. વ્હાઈટ હાઉસે બુધવારે જાહેરાત કરી હતી કે વાટાઘાટ ટીમમાં ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનરનો સમાવેશ થશે, જે દર્શાવે છે કે વહીવટીતંત્ર હવે તે તબક્કા પછી એક સંગઠિત રાજદ્વારી પ્રક્રિયા સાથે આગળ વધવાનો ઈરાદો ધરાવે છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે પત્રકારોને જણાવ્યું હતું કે, "હું જાહેરાત કરી શકું છું કે રાષ્ટ્રપતિ આ સપ્તાહના અંતે વાટાઘાટો માટે તેમની ટીમ ઈસ્લામાબાદ મોકલી રહ્યા છે, જેની આગેવાની ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ, ખાસ દૂત વિટકોફ અને શ્રી કુશનર કરશે." તેમણે વધુમાં કહ્યું, "આ વાટાઘાટોનો પ્રથમ રાઉન્ડ શનિવારે થશે."

હંગેરીથી પાછા ફરતી વખતે મીડિયા સાથે વાત કરતા, વાન્સે ભારપૂર્વક જણાવ્યું હતું કે પાકિસ્તાન અને ઈરાન વચ્ચે સમાંતર રાજદ્વારી વાટાઘાટો પહેલાથી જ સુનિશ્ચિત

અનુસંધાન પાના ૭ પર

## ભારતીય લોકો પાસે ૩૫,૦૦૦ ટન સોનું હોવાનો અંદાજ

### હવે ચાંદીના જુના દાગીના-સિક્કા કંપનીને વેચી શકાશે

નવી દિલ્હી, તા. ૦૯

દેશમાં પહેલીવાર ચાંદીના વેચાણની પ્રક્રિયાને સરળ, વધુ પારદર્શક અને સુરક્ષિત બનાવવા માટે એક મોટું પગલું લેવામાં આવ્યું છે. એમએમટીસી-પીએએમપીએ ચાંદીના બાયબેક સેવા શરૂ કરી છે. આ સેવા હેઠળ, કોઈપણ વ્યક્તિ અથવા ગ્રાહક તેમના જૂના ચાંદીના દાગીના, સિક્કા અને બાર સીધા આ સરકારી માલિકીની કંપનીને વેચી શકશે.

તેમને બજાર દર મુજબ ચૂકવણી કરવામાં આવશે. આ સેવા હાલમાં સાત શહેરોમાં ઉપલબ્ધ છેઃ નવી દિલ્હી, કોલકાતા, ભુવનેશ્વર, ગુવાહાટી, લુધિયાણા, અમદાવાદ અને મુંબઈ પછી દેશભરમાં શરૂ કરવામાં આવશે.

નવી સિસ્ટમ હેઠળ, ગ્રાહકો તેમના ચાંદીના ઉત્પાદનોને કંપનીના શુદ્ધતા પરીક્ષણ કેન્દ્રમાં લાવશે. ચાંદીને ઓગાળવામાં આવશે અને એક્સ-રે ફ્લોરોસેન્સ નામની આધુનિક તકનીકનો ઉપયોગ કરીને તેની શુદ્ધતાનું પરીક્ષણ કરવામાં આવશે, જે કોઈપણ અનુમાન વિના સચોટ પરિણામો પ્રદાન કરે છે.સમગ્ર પ્રક્રિયા પર ઈઈઝટ અને સુરક્ષા દ્વારા દેખરેખ રાખવામાં આવશે, જેથી કોઈ અનિયમિતતા ન થાય. એકવાર શુદ્ધતા પરીક્ષણ પૂર્ણ થઈ જાય, પછી પ્રવર્તમાન બજાર દરના આધારે કિંમત નક્કી કરવામાં આવશે, અને ચુકવણી સીધી ગ્રાહકના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે.અત્યાર સુધી, લોકોને તેમના ચાંદી વેચવા માટે સ્થાનિક ઝવેરીઓ

અનુસંધાન પાના ૭ પર

## જમ્મુ-કાશ્મીરમાં બસ સ્ટેન્ડમાં રહસ્યમય આગમાં ૭ બસો ખાખ

### કૂપવાડાના બસ સ્ટેશનમાં લાગેલી આગનું કારણ શોધવા તપાસ ચાલુ

નવી દિલ્હી, તા. ૦૯

જમ્મુ કાશ્મીરના કુપવાડા જીલ્લામાં બસ સ્ટેન્ડમાં ગઈકાલે રાત્રે ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. જેમાં ૭ બસો બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે કોઈ જાનહાની નથી થઈ.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ જમ્મુ કાશ્મીર જીલ્લાના

મેઈન બસ સ્ટેન્ડ પર ગઈકાલે રાત્રે ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. આગની ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. ૬ બસો પૂરેપુરી આગની લપટોમાં ઘેરાઈ ગઈ હતી.

બાદમાં આગ બુઝાવવાનું કામ તરત શરૂ કરી દેવાયું હતું અને અનેક કલાકોની કોશીષ બાદ સફળતાથી આગ પર કાબૂ મેળવી લેવાયો હતો. આગના આ બનાવમાં કુલ ૭ બસો ક્ષતિગ્રસ્ત બની હતી. આ બનાવમાં જાનહાની કે કોઈના ઘાયલ થવાના સમાચાર નથી. આગના કારરની હાલ તપાસ હાથ ધરાઈ છે.

## શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદને મારી નાખવાની ધમકી મળી

### ઓડિયો મેસેજમાં ધમકી આપતા કહ્યું - દુનિયામાંથી જવાનો ટાઈમ થઈ ગયો છે

નવી દિલ્હી, તા. ૦૯

સ્વામી અવિમુક્તેશ્વરાનંદને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. તેમને મોકલવામાં આવેલા ઓડિયો મેસેજમાં કહેવામાં આવ્યું છે કે જેમ અતીક અહેમદને મારવામાં આવ્યો હતો, તેમ તમને પણ મારી નાખવામાં આવશે. આ ઓડિયોમાં ૩૩ વખત ગાળો પણ આપવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે તેમની યાત્રા દરમિયાન હુમલો કરવામાં આવશે.

૧ એપ્રિલે જ્યોતિષ્પીઠના સત્તાવાર નંબર પર પહેલા એક ધમકીભર્યો મેસેજ આવ્યો હતો, જેને બાદમાં બ્લોક કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ ૬ એપ્રિલની રાત્રે ૯:૫૫ અને ૯:૫૬ વાગ્યે બે વોઈસ મેસેજ મોકલવામાં આવ્યા હતા. જ્યોતિષ્પીઠે બુધવારે આ બંને ઓડિયો જાહેર કરીને મામલાની તપાસની માંગ કરી છે.

સ્વામી અવિમુક્તેશ્વરાનંદ ‘‘ગોમાતા-રાષ્ટ્રમાતા’’ અભિયાન ચલાવી રહ્યા છે. આ અંતર્ગત ૩ મેથી ઉત્તર પ્રદેશમાં તેમની ‘‘ગવિષ્ઠી યાત્રા’’ શરૂ થવાની છે, જેમાં તેઓ લોકોને ગાયોની સુરક્ષા અને તેમના માટે આશ્રય (ગૌધામ) બનાવવા વિશે જાગૃત કરશે.

શંકરાચાર્યને આ પહેલા પણ ઘણી વખત ધમકીઓ મળી ચૂકી છે. તેમના સમર્થકોનું કહેવું છે કે ગૌરક્ષા અભિયાનને કારણે કેટલાક લોકો નારાજ છે. આ જ કારણથી તેમને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

શંકરાચાર્યની ‘‘ગવિષ્ઠી યાત્રા’’ ને જોતા આ મામલો વધુ ગંભીર બન્યો છે. યાત્રા દરમિયાન સુરક્ષા વ્યવસ્થાને લઈને સવાલો ઉઠવા લાગ્યા છે.

શંકરાચાર્યના વકીલ અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સભ્ય શ્રીનાથ ત્રિપાઠીને પણ એક મહિના પહેલા જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. આ ધમકી તેમના મોબાઈલ પર મોકલેલા જીસ્જી દ્વારા આપવામાં આવી હતી. આમાં વારાણસી કચેરીને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી પણ આપવામાં આવી હતી.

શંકરાચાર્ય પર અગાઉ બટુકોના યૌન શોષણનો કેસ દાખલ કરાવનાર આશુતોષ બ્રહ્મચારી મહારાજે પણ આ મામલે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું, આ ઘટના

અનુસંધાન પાના ૭ પર

## એલિયન્સ હયાત છે અને માનવીઓના સંપર્કમાં છે : અમેરિકી સાંસદ ટીમ

### નાસા સહિતની એજન્સીઓ ખોટું બોલતી હોવાનો ટીમ બુસ્પેટનો દાવો

નવી દિલ્હી, તા. ૦૯

અમેરિકાના સાંસદ ટીમ બુસ્પેટ એવો દાવો કર્યો છે કે, એલિયનનું અસ્તિત્વ છે અને એલિયન પૃથ્વી પર પણ આવ્યા હતા એટલું જ નહીં માનવીઓ સાથે સંપર્ક પણ કર્યો હતો.અમેરિકામાં છેલ્લા કેટલાંક વર્ષોથી યુએફઓ તથા તેને લગતા ઘટનાક્રમોમાં રસ વધ્યો છે. સરકાર દ્વારા ખાસ વિભાગ શરૂ કરીને અવકાશમાં દેખાતા રહસ્યમય પદાર્થો વિશે જાણ કરવા પાયલોટો સહિતના વર્ગોને સુચવાયું છે.તેઓ દ્વારા ચોક્કસ સમય, સ્થળ, તારીખ અને મીટીંગ વિશે જાણ કરવામાં આવે જ છે. પૂર્વ પ્રમુખોને તેનાથી અવગત કરવામાં આવેલા જ છે. તેઓએ કહ્યું કે એલિયનથી માનવજાતને કોઇ જોખમ હોવાની સંભાવના દેખાઇ નથી. પરગ્રહવાસી (એલિયન)નું અસ્તિત્વ છે જ. આંખના પલકારામાં તેઓ આપણને નષ્ટ કરી શકે પરંતુ આવું કાંઇ થયું નથી કે જોખમ પણ જણાતું નથી.એક ઈન્ટરવ્યૂમાં તેઓએ એવી પણ ચેતવણી આપી હતી કે એલિયન કે તેના સંપર્ક વિશેની માહિતી જાહેર કરવાથી લોકોનો વિશ્વાસ ડગમગી જવા સાથે ભય ઉભો થઇ શકે છે. મને એજન્સીએ જ જાણકારી આપી હતી અને તેઓ જાહેરમાં માહિતી આપે તો લોકોની ઉંઘ હરામ થઇ શકે. યુએફઓ તથા રહસ્યમય અવકાશી પદાર્થો મામલે અવાજ ઉઠાવવામાં સાંસદ બુસ્પેટનો સિંહફાળો છે.તેમણે એવો દાવો કર્યો છે કે, નાસા સહિતની એજન્સીઓ ખોટું બોલે છે અને ફાઈલોમાં સંગ્રહાયેલી માહિતી જાહેર કરતી નથી.

## જનહિત અરજીનો કોન્સેપ્ટ ખતમ કરવો જોઈએ : કેન્દ્ર સરકાર

### સબરીમાલા મંદિર કેસ અંગે સુપ્રિમ કોર્ટમાં ત્રીજા દિવસે સુનાવણી

નવી દિલ્હી, તા. ૦૯

કેરળના સબરીમાલા મંદિરમાં તમામ મહિલાઓને પ્રવેશ આપવાના મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી શરૂ થઈ ગઈ છે. બુધવારે સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે જનહિત અરજીઓ (PIL)ની ઉપયોગિતા પર સવાલ ઉઠાવ્યો. કોર્ટમાં દાખલ કરાયેલી લેખિત દલીલોમાં સરકારે કહ્યું- જનહિત અરજીને માત્ર વ્યાખ્યાયિત જ નહીં, પરંતુ સંપૂર્ણપણે ખતમ કરવાનો સમય આવી ગયો છે.સરકારે કહ્યું- PILનો ખ્યાલ એવા સમયમાં બન્યો હતો, જેમાં મોટી વસ્તી ગરીબી, નિરક્ષરતા, કાનૂની મદદ જેવા અન્ય અભાવમાં અદાલતો સુધી પહોંચી શકતી ન હતી. આજના સમયમાં ટેકનોલોજી અને ઈ-ફાઈલિંગ જેવી સુવિધાઓ છે જેનાથી કોર્ટ સુધી પહોંચવું સરળ બન્યું છે. હવે તો એક પત્ર પણ સીધો કોર્ટ સુધી પહોંચી જાય છે.આના પર ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું- અદાલતો પોતે PIL પર સુનાવણી કરવામાં સાવચેત રહે છે. ૨૦૦૬ થી લઈને ૨૦૨૬ સુધી, બે દાયકામાં સ્થિતિ બદલાઈ ગઈ છે. નોટિસ ત્યારે જ જારી કરવામાં આવે છે જ્યારે તેમાં કોઈ નક્કર આધાર હોય.ધાર્મિક સ્થળોએ મહિલાઓ સાથે ભેદભાવનો મામલો છેલ્લા ૨૬ વર્ષથી દેશની અદાલતોમાં છે. ૨૦૧૮માં, ૫ જજોની બેન્ચે ૪:૧ના બહુમતીથી મંદિરમાં મહિલાઓના પ્રવેશ પરનો પ્રતિબંધ હટાવી દીધો હતો. ત્યારબાદ ઘણી પુનર્વિચાર અરજીઓ દાખલ કરવામાં આવી હતી.સુપ્રીમ કોર્ટની ૯ જજોની બંધારણીય બેન્ચ ૭ એપ્રિલથી ૨૨ એપ્રિલ સુધી ૫૦થી વધુ અરજીઓ પર સુનાવણી કરશે. કોર્ટમાં રિવ્યુ પિટિશન કરનારાઓ અને તેમને ટેકો આપનારાઓ ૭ એપ્રિલથી ૯ એપ્રિલ સુધી, જ્યારે વિરોધ કરનારાઓ ૧૪ એપ્રિલથી ૧૬ એપ્રિલ સુધી દલીલો કરી શકશે.કેએમ નટરાજઃ બંધારણમાં ધાર્મિક અધિકારો, કલમ ૨૫ અને ૨૬ માં સારી રીતે ગૂંથાયેલા છે. બંધારણમાં ધાર્મિક અધિકારોના રક્ષણ માટે ત્રણ સ્તરની વ્યવસ્થા (મેકેનિઝમ) ઉપલબ્ધ છે. કલમ ૨૫ નો પ્રથમ ભાગ વ્યક્તિગત અધિકારની ગેરંટી આપે છે; તેનો બીજો ભાગ નિયમનકારી વ્યવસ્થા (રેગ્યુલેટરી મેકેનિઝમ) તરીકે કાર્ય કરે છે; અને કલમ ૨૬ સંસ્થાકીય અધિકાર આપે છે. કલમ ૨૫(૧) અને ૨૬ એકબીજા સાથે જોડાયેલા છે. તેઓ એકબીજા સાથે આંતરસંબંધિત છે અને વ્યક્તિને અધિકારો પ્રદાન કરે છે.

# સરસાણા સ્થિત પ્લેટિનમ હોલમાં 'વુમન આંત્રપ્રિન્યોરશિપ કોન્કલેવ' યોજાયો

## ભારતમાં મહિલાઓ વિકસિત અને સુરક્ષિત છે : સુશ્રી નુપુર શર્મા



સુરત, તા.૯

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા બુધવાર, તા. ૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સરસાણા સ્થિત પ્લેટિનમ હોલમાં ગુજરાતનો પ્રથમ વિશાળ 'વુમન આંત્રપ્રિન્યોરશિપ કોન્કલેવ' ભવ્ય રીતે યોજાયો હતો, જેમાં મુખ્ય અતિથિ તરીકે સુપ્રિમ કોર્ટના વકીલ સુશ્રી નુપુર શર્મા ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે નિષ્ણાત વક્તાઓ તરીકે હોલમાર્ક ઈન્ટરનેશનલના કો–ફાઉન્ડર સુશ્રી રાજલ સી., ડર્મેટોલોજિસ્ટ એન્ડ એસ્થેટિક એક્ષ્પર્ટ ડો. આંચલ પંથ અને ઈન્ફર્ટિલિટી સ્પેશ્યાલિસ્ટ ડો. શુભ્રા પાંડેએ મહિલા સાહસિકોને વિવિધ ક્ષેત્રમાં આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, આજના સમયમાં મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે અને ઉદ્યોગ ક્ષેત્રમાં પણ તેઓ મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે ત્યારે આ કોન્કલેવનો મુખ્ય હેતુ મહિલા ઉદ્યોગ સાહસિકોને એક મજબૂત મંચ પૂરું પાડવાનો હતો, જ્યાં તેઓ નેટવર્કિંગ કરી શકે, એકબીજાના અનુભવોમાંથી શીખી શકે અને પોતાના વ્યવસાયને નવી દિશા આપી શકે. મુખ્ય અતિથિ સુપ્રિમ કોર્ટના વકીલ સુશ્રી નુપુર શર્માએ પોતાના પ્રેરણાદાયક સંબોધનમાં જણાવ્યું હતું કે, ભારતમાં સૌથી વધારે સુરક્ષા અને શાંતિ છે. તમે કોઇ પણ ક્ષેત્રમાં હોવ પણ સુરતમાં, ગુજરાતમાં અને ભારતમાં તમે સુરક્ષિત છો. જો તમે સુરક્ષિત નહીં હોવ અને તમારા જીવનમાં શાંતિ નહીં હોય તો તમે સમૃદ્ધ કયારેય નહીં બની શકો, આથી સૌથી મહત્વની બાબત એ સુરક્ષા છે. વિશ્વભરમાં જે રીતની પરિસ્થિતિનું સર્જન થયું છે તે બાબતથી સુરક્ષાની બાબત સમજી શકાય છે. તેમણે જણાવ્યું હતું કે, મહિલા સાહસિકો માટે ભારત સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે, જેનો લાભ લઈને મહિલાઓ હજી વધુ સશકત અને

અનુસંધાન પાના ૭ પર

# નેત્રંગ મંડળીના પૂર્વ હોદ્દેદારો સામે તંત્રની લાલ આંખ

## ૧.૬૯ કરોડની ઉચાપત મામલે વ્યક્તિગત જવાબદારી નક્કી

અંકલેશ્વર, તા.૯

૩૦ દિવસમાં ૧૦% વ્યાજ સાથે રકમ જમા કરાવવા આદેશ; કસૂરવારોમાં ફફડાટ આદિવાસી સમાજના ડિરેક્ટરોએ પશુપાલકોના લોહી અને પરસેવાના રૂપિયાની કરી ઉચાપત સમાજે વિશ્વાસ મૂક્યો કે સારો વહીવટ કરશે પરંતુ આમણે તો સંપૂર્ણ વહીવટ જ કરી નાખ્યો શ્રી નેત્રંગ વિભાગ દૂધ ઉત્પાદક સહકારી મંડળ ચાસવડ સ્થાનિક સહકારી મંડળીમાં થયેલી ૩.૧૯ કરોડની નાણાકીય ગેરરીતિઓ અને જવાબદારીઓ અંગે સત્તામંડળ દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. મંડળીની તપાસના અંતે કુલ રૂપિયા ૧,૬૯,૮૫,૮૭૭.૬૩ ની જંગી રકમની વસૂલાત માટે જે-તે સમયના કમિટી સભ્યો અને હોદ્દેદારોને વ્યક્તિગત રીતે જવાબદાર ઠેરવવામાં આવ્યા છે.તે તપાસના અંતે ૯૩ ની કલમ હેઠળ પૂર્વ પ્રમુખ કવિ વસાવાને ૧૮ લાખ અને ઉપ પ્રમુખ અરવિંદ વસાવાને

અનુસંધાન પાના ૭ પર

# ડેટા એક્સપર્ટ યુવકને તબીબે સતત સીપીઆર આપી નવજીવન આપ્યું

## ડો. ગુંજન મલવિયાની ટીમે અડાજણના યુવકનો જીવ બચાવ્યો



સુરત, તા.૯

કાર્ડીઓલોજીસ્ટ ડો. ગુંજન મલવિયાની ટીમે અડાજણના સાયબર ડેટા એક્સપર્ટ યુવકને નવુજીવન આપ્યું હતું. યુવકને ઊલટીઓ થયા બાદ બેભાન થઈ ગયો હતો. જેથી તબીબે સતત સીપીઆર તેમજ જરૂરી સારવાર આપતા યુવક ફરી ધબકતો થયો હતો.

ઈન્ટરવેન્શનલ કાર્ડીઓલોજીસ્ટ ડો. ગુંજન મલવિયાએ યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે અડાજણ હનીપાર્ક ખાતે રહેતા ૪૬ વર્ષીય દર્દી પંકજ એસ. પરમાર સાયબર ડેટા એક્સપર્ટ સુરત શહેર ક્રાઇમ બ્રાન્ચ ખાતે સેવા આપી રહ્યા છે. ઈદના દિવસે રાત્રે તેઓ એક ઈવેન્ટમાં ગયા હતા. જ્યાં તેઓને અચાનક ઉલટીઓ થવા લાગી હતી. જેથી તેમના મિત્ર સાથે કારમાં ઘરે જવા નીકળ્યા હતા. દરમિયાન પાલ-ઉમરા બ્રિજ પર તેમને અચાનક છાતીમાં દુખાવો ઉપડયા બાદ તેઓ કારમાં બેભાન થઈ ગયા હતા. જેથી મિત્રએ કાર સાઈડમાં પાર્ક કરી ત્યાં હાજર શખ્સોએ પંકજભાઈને સીપીઆર શરૂ કરી દીધું હતું. આ સાથે મિત્રએ ફેમિલી ડોક્ટરને જાણ કરી હતી અને તેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે યુનિવર્સલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. દરમિયાન હોસ્પિટલ પહોંચતા જ દર્દી પંકજભાઈ સંપૂર્ણ કાર્ડિયાક અરેસ્ટમાં હતા. પલ્સ નહતા, શ્વાસ પણ ચાલતો ન હતો અને ઈસીજી પર ફ્લેટલાઈન દેખાતી હતી. જેથી તેમનો પરિવાર ખૂબ જ શોકમાં ઘરકાવ થઈ ગયા હતા. પરંતુ ડો.ગુંજનએ હાર માની નહતી અને દર્દીને વારંવાર વેન્ટ્રીક્યુલર ફિબ્રીલેશન થયું. જેને નિયંત્રણ કરવા માટે અનેક વખત ડીફિબ્રીલેશન આપવામાં આવ્યું. સતત સીપીઆર, એરવે મેનેજમેન્ટ અને જરૂરી દવાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ તેને એક્યુટ કોરોનરી ઈવેન્ટની શંકા થતા દર્દીને તરત કેથલેબમા ખસેડવામાં આવ્યા હતા. ચાલુ રિસસીટેશન વચ્ચે જ ઈમરજન્સી કોરોનરી એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી અને સર્ક્યુલેશનને સ્થિર કરવા માટે ઈન્ટ્રા-એઓટિક બલૂન પંપનો સહારો લેવાયો હતો. જ્યાં હૃદયને વારંવાર શોક્સ આપવામાં આવ્યા હતા. જેથી તેઓનું ધીમે ધીમે હદય ફરી રીધમમાં આવ્યું, પલ્સ પાછા મળ્યા અને રક્ત પ્રવાહ ફરી શરૂ થયો હતો અને દર્દીને આઈસીયુમાં ખસેડી મગજની સુરક્ષા માટે ટાર્ગેટેડ ટેમ્પરેચર મેનેજમેન્ટ આપવામાં આવ્યું હતું. આમ ૪૮ કલાક બાદ શક્ય લાગતું ન હોય તેવું પરિણામ સામે આવ્યું હતું અને દર્દી ફરી ધબકતો થયો હતો. આમ ડો. ગુંજન સહિતની ટીમે દર્દીને ફરી નવજીવન આપ્યું હતું.

**અડાજણ હનીપાર્ક ખાતે રહેતા ૪૬ વર્ષીય દર્દી પંકજ એસ. પરમાર સાયબર ડેટા એક્સપર્ટ સુરત શહેર ક્રાઇમ બ્રાન્ચ ખાતે સેવા આપી રહ્યા છે. અચાનક છાતીમાં દુખાવો ઉપડયા બાદ તેઓ કારમાં બેભાન થઈ ગયા હતા. જેથી મિત્રએ કાર સાઈડમાં પાર્ક કરી ત્યાં હાજર શખ્સોએ પંકજભાઈને સીપીઆર શરૂ કરી દીધું હતું.**




# સ્કેટ કોલેજમાં સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ કાર્યક્રમ

## પીઆઇ ડી.વી ગામીતે સાયબર ક્રાઈમ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું

સુરત, તા.૯

સાર્વજનિક કોલેજ ઑફ એન્જીનીયરીંગ એન્ડ ટેક્નોલોજી, સુરત (SCET)ના નેશનલ સર્વિસ સ્કીમ (NSS) વિભાગ દ્વારા રાજ્ય સાયબર સેલ CID, ગાંધીનગર તથા ISEA (Infromation Security Education and Awareness), CDAC હૈદરાબાદ, ભારત સરકારના સહયોગથી ''સાયબર ક્રાઇમ જાગૃતિ કાર્યક્રમ''નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ તથા સામાન્ય નાગરિકોમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ લાવવાનો હતો. આજના ડિજિટલ યુગમાં વધતા સાયબર ગુનાઓને ધ્યાનમાં રાખીને, આ પ્રકારની જાગૃતિ અત્યંત જરૂરી બની ગઈ છે. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી. વી. ગામીત હાજર રહ્યા હતા. તેમણે વિવિધ પ્રકારના સાયબર ક્રાઈમ જેમ કે ઑનલાઇન ફ્રોડ, ફિશિંગ, સોશિયલ મીડિયા મિસયુઝ, OTP સ્કેમ વગેરે અંગે વિગતવાર માહિતી આપી. તેમણે વિદ્યાર્થીઓને સાયબર સુરક્ષા માટે જરૂરી સાવચેતી રાખવા માર્ગદર્શન આપ્યું તેમજ રિયલ લાઈફ કિસ્સાઓ દ્વારા સમજણ વધારી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વિવિધ પ્રશ્નો પૂછ્યા, જેના જવાબોમાંથી તેમને વ્યાવહારિક જ્ઞાન મળ્યું. કાર્યક્રમ અંતે સૌએ સાયબર સુરક્ષા અંગે સજાગ રહેવાની પ્રતિજ્ઞા લીધી. આ કાર્યક્રમ NSS SCET દ્વારા સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાનો એક સારો પ્રયત્ન સાબિત થયો.

# ક્ષય રોગ વિષયે ડો. રાજેશભાઈ હજીરાવાળાનું વ્યાખ્યાન યોજાયું

## સુરત ડિસ્ટ્રિક્ટ ટીબી એસોસિએશનની અન્ય સંસ્થાઓ સાથે સંયુક્ત રીતે યોજાયેલા સમારંભ

સુરત, તા.૯

સુરત અત્રે મજુરા ગેટ પાસે "શારદા હોસ્પિટલ" ના હોલમાં "સુરત ડિસ્ટ્રિક્ટ ટીબી એસોસિએશન", "રોટરી ક્લબ ઑફ સુરત ડાયમંડસિટી", "ગુજરાત હિતરક્ષક સભા", "દક્ષિણ ગુજરાત પ્રગતિશીલ લેખક સંઘ" અને "સુરત શહેર જિલ્લા - મહિલા સંઘ" ના સંયુક્ત ઉપક્રમે "ગુજરાત સ્ટેટ ટીબી એસોસિએશન, અમદાવાદ"ના ઉપાધ્યક્ષ ડૉ. અતુલભાઈ પાઠકજી નાં પ્રમુખપદે એક સમારંભનું આયોજન થયું હતું, જેમાં "સુરત ડિસ્ટ્રિક ટીબી એસોસિએશન"ના પ્રમુખ ડૉ.રાજેશભાઈ હજીરાવાળાએ ક્ષય રોગ અંગે સવિસ્તાર માહિતી આપી હતી અને તેને અંગેની વર્ષો પહેલાંની પરિસ્થિતિ ની જાણ કરી હતી. તેમ જ હાલમાં ક્ષય રોગની થઈ રહેલી સારવાર અંગે માહિતી આપી હતી. સમારંભના અંતે "રોટરી ક્લબ ઑફ સુરત ડાયમંડસીટી"ના ઉપપ્રમુખ શ્રી સત્યમ સાગરે આભાર વિધિ કરી હતી.




# નિવૃત્ત થયેલા મહિલા કર્મચારીને પરીક્ષા માટેનો કોલ લેટર મળ્યો

## સુરત મહાનગર પાલિકાના મહેકમ તથા રીક્રૂટમેન્ટ વિભાગની ગંભીર બેદરકારી

સુરત, તા.૯

સુરત મહાનગરપાલિકામાં હાલમાં ૮૦૦૦ જેટલી વર્ગ એકથી ચારના કર્મચારી કામદારોની જગ્યાઓ ખાલી છે. જે જગ્યાઓ ભરવા માટે યુનીયનો તરફથી લાંબા સમયથી રજૂઆતો કરવામાં આવી રહી છે.જેના અનુસંધાનમાં હાલમાં ૨૨૦૦ જેટલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહી છે.જે બાબતને અમો આવકારીએ છીએ.આ જગ્યાઓ પૈકી મેનેજરની જગ્યા ભરવા માટે કાર્યવાહી કરવામાં આવેલ છે.આગામી દિવસોમાં આ માટેની લેખિત પરીક્ષા તારીખ ૧૨/૪/૨૦૨૬ ના રોજ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે.જે પરીક્ષાના ઉમેદવારોના કોલ લેટર મોકલવામાં આવ્યા છે. આ કોલ લેટર મોકલવા માટેની કામગીરીમાં એક આશ્ચર્યજનક કિસ્સો જાણવા મળ્યો છે.એક મહિલા કર્મચારી જેઓ સુરત મહાનગરપાલિકામાં પ્રથમ શ્રેણી ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હતા. આ ફરજ દરમ્યાન તેઓએ આ જગ્યા માટેનું ફોર્મ ભરેલ હતું. આ જગ્યા માટે તેઓની સંપૂર્ણ લાયકાત હતી.જેથી તેઓને લેખિત પરીક્ષાનો કોલ લેટર તેમને મળ્યો.પરંતુ સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ ખાતુ અને મહેકમ રિક્રુટમેન્ટ ખાતાની બેદરકારી કે પછી અજ્ઞાનતાને કારણે તેઓને મેનેજરની પરીક્ષાનો કોલ લેટર આપવામાં આવ્યો છે.જેમાં આશ્ચર્યની વાત એ છે કે, તેઓ પ્રથમ શ્રેણી ક્લાર્ક તરીકે સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા હતા અને તારીખ ૩૧/૧૦/૨૦૨૩ ના રોજ સુરત મહાનગરપાલિકાની ફરજમાંથી નિવૃત્ત થઈ ગયેલ છે.એટલે કે અઢી વર્ષ પહેલા તેઓ ફરજમાંથી નિવૃત્ત થવા છતાં પણ તેઓનો પરીક્ષા માટેનો કોલ લેટર આવ્યો છે.અહી

અનુસંધાન પાના ૭ પર

# રુદ્ર પ્રયાગમાં માતૃશ્રી સંતોકબા ધોળકીયા ૨૫૬મા સરસ્વતી ધામનું લોકાપર્ણ કરાયું

સુરત, તા.૯

માતુ શ્રી કાશીબા હરિભાઈ ગોટી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભારતભરમાં અંતરિયાળ, પહાડી, દુર્ગમ વિસ્તારોમાં શાળાભવનો અને છાત્રાલયોનું નિર્માણ કરવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત ઉત્તરાખંડના રાઉંલેંક ગામમાં ૨૫૬મા સરસ્વતીધામ – માતુ શ્રી સંતોકબા લાલજીદાદા ધોળકિયાનું લોકાર્પણ તા. ૫-૪-૨૦૨૬ ને રવિવારના રોજ કરવામાં આવ્યું હતું.

આ લોકાર્પણ સમારોહનો શુભારંભ માનવંતા મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો. શાળાના વિદ્યાર્થીઓએ સ્વાગત નૃત્ય, સરસ્વતી વંદના, પાંડવ નૃત્ય, નંદા વગેરે સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી



## શિક્ષણ દ્વારા રાષ્ટ્રનિર્માણ માટે શ્રી કેશુભાઈ ગોટી અંતરિયાળ, પહાડી, દુર્ગમ વિસ્તારોમાં કાર્ય કરી રહ્યા છે; તમામ લોકોએ યથાશક્તિ તેમાં સહયોગ આપવો જોઈએ : જયંતીભાઈ નારોલા

સૌને આનંદમગ્ન કર્યા હતા. સંસ્થાના પ્રધાનાચાર્ય શ્રી રાકેશ નેગીએ શબ્દપુષ્પથી અને આસપાસના ગામોથી પધારેલા અગ્રણીઓએ સ્મૃતિચિહ્નથી

અનુસંધાન પાના ૭ પર

# ૭૦ મા જન્મદિવસે શુભેચ્છકોને પુસ્તક ભેટ આપીને અનોખી ઉજવણી કરાઇ

## કોલેજના પૂર્વ આચાર્ય ડો. જે.એમ. નાયક દ્વારા વાંચન માટે પ્રોત્સાહન



વલસાડ, તા.૯

વલસાડની શાહ એન. એચ. કોમર્સ કોલેજના પૂર્વ આચાર્યશ્રી ડૉ. જે. એમ. નાયકના ૭૦ મા વર્ષગાંઠ સેલિબ્રેશન પ્રસંગે અનોખી પ્રેરણાદાયક પહેલ કરવામાં આવી હતી.સગાસંબંધીઓ , મિત્રો અને ઉપસ્થિત શુભેચ્છકોને બર્થ ડે ઉજવણી કાર્યક્રમને અંતે દરેક ફેમિલી દીઠ પુસ્તક ભેટ આપવામાં આવી હતી. લોકોને વાંચન માટે પ્રોત્સાહન મળે અને જ્ઞાનનો વ્યાપ વધે એવા હેતુથી પરંપરાગત ભેટની જગ્યાએ બુક ભેટ આપીને લોકોને વાંચન તરફ વાળવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો કે જેને ઉપસ્થિત મહેમાનોએ આવકાર આપ્યો હતો. જન્મ દિવસના પ્રસંગને સમાજ પ્રેરક અને અર્થસભર બનાવવા માટે નવતર પહેલ કરવામાં આવી હતી.

આ પ્રસંગે રોફેલ યુનિવર્સિટી , વાપીના પ્રો વોસ્ટ ડૉ. વિકાસ દેસાઈ , સાર્વજનિક યુનિવર્સિટીના પ્રો વોસ્ટ ડૉ. કિરણ પંડ્યા દક્ષિણ ગુજરાતની આર્ટસ, સાયન્સ , કોમર્સ અને લો કોલેજના પૂર્વ અને વર્તમાન આચાર્યો તથા પ્રોફેસરો , સમાજના અગ્રણીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ડૉ. નાયકના બર્થ ડે

અનુસંધાન પાના ૭ પર

# યુપીએલ યુનિ.માં પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના અંગે જાગૃતિ સત્ર

## વિદ્યાર્થીઓને યોજના અંગે વિસ્તૃત સમજણ અપાઈ

સુરત, તા.૯

UPL યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી દ્વારા ૦૭ એપ્રિલ ૨૦૨૬ના રોજ પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના (PMIS) અંગે એક માહિતીસભર જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૮૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. આ સત્રનું માર્ગદર્શન શ્રી નિમેશ રાઠોડ, ગુજરાત સ્ટેટ હેડ, કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) દ્વારા આપવામાં આવ્યું હતું, જેમણે મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ, ભારત સરકાર હેઠળ શરૂ કરાયેલ આ પહેલ અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી.

આ સત્રનો મુખ્ય ઉદ્દેશ ટોચની કંપનીઓમાં પેઈડ ઈન્ટર્નશિપની તકો વિશે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાનો હતો, જેથી તેઓ પ્રાયોગિક અને હેન્ડ્સ-ઓન અનુભવ મેળવી શકે. યોજનાના મુખ્ય મુદ્દાઓમાં ૬ થી ૯ મહિનાની ઈન્ટર્નશિપ અવધિ, જોડાયા બાદ

અનુસંધાન પાના ૭ પર

# તમાકુ પ્રોડક્ટ વિરોધી ઝુંબેશમાં ૧૪૭ દુકાનદારોને દંડ કરાયો

સુરત, તા.૯

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદશન હેઠળતમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ની કલમ–૪મુજબ જાહેર સ્થળે ધ્રુમપાન કરવા પર પ્રતિબંધ, કલમ–૬(અ અને બ) મુજબ સગીર વયની વ્યક્તિને તેમજ શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ મી.ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણકરવા પર પ્રતિબંધનો ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિથાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જે અંતગત તા.૦૮/૦૪/૨૦૨૬નાં રોજ રાંદેર ઝોનમાં કુલ ઈસમો ૧૭ પાસે કુલ રુપિયા ૩૪૦૦, સેન્ટ્રલ ઝોનમાં કુલ ઈસમો ૨૦ અને કુલ રુપિયા ૪૦૦૦, કતારગામઝોનમાં કુલ ઈસમો કુલ ઈસમો ૧૯ અને કુલ રુપિયા૩ ૮૦૦,વરાછા – એ ઝોનમાં કુલ ઈસમો ૧૫ પાસે કુલ રુપિયા ૩૦૦૦, વરાછા–બી ઝોનમાં કુલ ઈસમો ૧૪ અને કુલ રુપિયા ૨૮૦૦,ઉધના – એ ઝોનમાં કુલ ઈસમો ૧૯ અને

અનુસંધાન પાના ૭ પર

# પથિક શુક્લાની ઓન્ટારિયો ટ્રિલિયમ ફાઉન્ડેશનમાં નિમણૂંક

## ગ્રાન્ટ સમીક્ષા ટીમના સભ્ય તરીકે શુક્લા કામગીરી કરશે

અંકલેશ્વર, તા.૯

કેનેડાના ઓન્ટારિયો પ્રાંતમાં વસતા અને મૂળ ભરૂચ જિલ્લાના વતની સમાજસેવક અને સમુદાય કાર્યકર શ્રી પથિક શુક્લાની ઓન્ટારિયો સરકારના પર્યટન, સંસ્કૃતિ અને રમતગમત મંત્રાલય દ્વારા ઓન્ટારિયો ટ્રિલિયમ ફાઉન્ડેશનમાં ગ્રાન્ટ સમીક્ષા ટીમના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂક તેમના લાંબા સમયથી ચાલતા સમર્પિત સમાજસેવાના કાર્યોની કદરરૂપ છે, જે સમગ્ર ભરૂચ અને ગુજરાતી સમાજ માટે ગૌરવની બાબત છે.

શ્રી પથિક શુક્લા જાણીતા સમાજસેવક દંપતિ એડવોકેટ અંગીરાસ શુક્લા અને શ્રીમતી ધર્મિષ્ઠા શુક્લાના પુત્ર છે. તેમના માતા-પિતા છેલ્લા ત્રણથી ચાર દાયકાથી Jaycees અને Rotary Club જેવી સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા છે અને સમાજસેવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. પથિકભાઈ આશરે ૧૫ વર્ષ પહેલા કેનેડામાં સ્થાયી થયા હતા અને ત્યાં પણ સમાજસેવામાં સતત સક્રિય રહ્યા છે.

શ્રી પથિક શુક્લા સમાજસેવા, સમુદાય જોડાણ અને આરોગ્ય સલામતી ક્ષેત્રમાં પ્રતિબદ્ધ કાર્યકર તરીકે જાણીતા છે. એમબીએ પદવી ધરાવતા પથિકભાઈએ જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ અને રોટરી ક્લબ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે લાંબા સમયથી કાર્ય કર્યું છે અને રોટરી ક્લબના પ્રમુખ તરીકે પણ સેવા આપી છે. તેઓ સ્વચ્છતા નિષ્ણાત અને ખાદ્ય સુરક્ષા નિરીક્ષક તરીકે કાર્યરત છે. તેઓ ૨૦૧૮ થી ૨૦૨૨ દરમિયાન બ્રેમ્પ્ટન સ્કૂલ ટ્રાફિક સલામતી કાઉન્સિલના સભ્ય રહ્યા હતા અને ૨૦૨૩ થી બ્રેમ્પ્ટન શહેરના મેયર અને સિટી કાઉન્સિલ દ્વારા બ્રેમ્પ્ટન અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ તરીકે નિયુક્ત થયેલા છે. શ્રી પથિક શુક્લા ૨૦૧૯ થી ''હ્યુમન્સ ફોર હાર્મની'' સંસ્થાના સચિવ તરીકે સેવા આપી રહ્યા છે. આ સંસ્થા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને સમગ્ર સમુદાયના કલ્યાણ માટે કાર્યરત છે અને તેનો નેતૃત્વ શ્રી ડોન પટેલ પ્રમુખ તરીકે કરી રહ્યા છે. સાથે જ, પથિકભાઈ ''ઈન્ડિયન ફેમિલી એસોસિએશન (IFA)'' સંસ્થામાં સક્રિય

અનુસંધાન પાના ૭ પર

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬

# ચૂંટણી પ્રચાર દરમિયાન હથિયાર ધારણ કરવા પર પ્રતિબંધ લાગુ

સુરત, તા.૯

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ નગરપાલિકાઓની ખાલી જગ્યાઓ માટેની પેટા ચૂંટણી-૨૦૨૬નો કાર્યક્રમ જાહેર થયો છે. જે મુજબ તા.૨૬/૪/૨૦૨૬ના રોજ મતદાન અને તા.૨૮/૪/૨૦૨૬ના રોજ મતગણતરી યોજાશે. જેને અનુલક્ષીને સુરત શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહરનામા દ્વારા કેટલાક પ્રતિબંધો મૂક્યા છે. જે અનુસાર શહેર પોલીસ કમિશનરેટની હદના વિસ્તારમાં કોઈ પણ વ્યક્તિએ શસ્ત્ર અધિનિયમની વ્યાખ્યામાં આવતું, શહેર બહારથી મેળવેલ પરવાનાવાળું કોઈપણ હથિયાર ધારણ કરવા કે સાથે લઈને ફરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. તેમજ પરવાના મેળવેલા વાળા હથિયારો તાત્કાલિક અસરથી જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે. આ જાહેરનામું હથિયાર લઈ જવાની ફરજ હોય તેવા

અનુસંધાન પાના ૭ પર







## 'કલિંગનો નવો સૂર્યોદય'

# અદાણી ગ્રુપના ?33,000 કરોડના રોકાણ સાથે પૂર્વ ભારત બનશે દેશનું નવું 'ગ્રોથ એન્જિન'

ઓડિશા પૂર્વ ભારતનું ગેટ વે અને ટેકનોલોજી હબ બનુવા તરફ આગેકૂચ કરી રહ્યું છે. અદાણી પોર્ટ્સ (છજીઈઢ) ના મેનેજિંગ ડિરેક્ટર કરણ અદાણી અને મુખ્યમંત્રી મોહનચરણ માઝીની ઉપસ્થિતિમાં ઓડિશાને પૂર્વ ભારતનું ઔદ્યોગિક હબ બનાવવા ?૩૩,૦૮૧ કરોડના પ્રોજેક્ટ્સનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. બુધવારે આયોજીત ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં અદાણીએ ત્રણ મલ્ટી-સેક્ટરલ પ્રોજેક્ટ્સમાં રોકાણની ઘોષણા કરી હતી. જેમાં ડેટા સેન્ટર, થર્મલ પાવર પ્લાન્ટ અને સિમેન્ટ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ જેવા ત્રણ મોટા પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

ઓડિશાને ડિજિટલ ક્ષેત્રે નવી ઓળખ અપાવવા અદાણી ગ્રુપ ભુવનેશ્વરમાં ?૮૦૦ કરોડના રોકાણ સાથે ડેટા સેન્ટર સ્થાપિત કરશે. તે પ્રદેશને છૈં (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) અને ક્લાઉડ કમ્પ્યુટિંગના ગ્લોબલ મેપમાં સ્થાન આપશે. અદ્યતન ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ૨૦૦ જેટલા ઉચ્ચ કૌશલ્ય ધરાવતા યુવાનોને રોજગારીની નવી તકો મળશે.

બીજા પ્રોજેક્ટની વાત કરીએ તો, ઔદ્યોગિક ક્રાંતિ માટે રાજ્યને અવિરત વીજળી પૂરી પાડવા અદાણી જૂથ ?૩૦,૧૮૧ કરોડના રોકાણ સાથે કટક નજીક એક થર્મલ પાવર પ્લાન્ટ સ્થાપિત કરશે. આ વિશાળ પાવર પ્લાન્ટ રાજ્યના અર્થતંત્રને નવી ગતિની સાથે ૭,૦૦૦ પરિવારોને સીધી રોજગારી પૂરી પાડશે.

અદાણી જૂથ સિમેન્ટ ઉત્પાદન ક્ષેત્રે પણ ઓડિશામાં ભારે રોકાણ કરી રહ્યું છે. ?૨,૧૦૦ કરોડના રોકાણથી બનેલા સિમેન્ટ પ્લાન્ટ દ્વારા અંદાજે ૨,૫૦૦ લોકોને રોજગારી મળશે. આ પ્લાન્ટ ઓડિશા રાજ્યના રસ્તાઓ, શાળાઓ અને હોસ્પિટલોના નિર્માણ માટે મજબૂત પાયો પૂરો પાડશે.

આ પ્રસંગે કરણ અદાણીએ તેમના પ્રેરક સંબોધનમાં જણાવ્યું હતુ કે, "ઓડિશા હવે માત્ર પરિવર્તનના માર્ગ પર નથી, પણ તે પોતાની મંજિલ નક્કી કરી ચૂક્યું છે," તેમણે ઉમેર્યું કે અદાણી ગ્રુપ અહીં માત્ર એક મુલાકાતી તરીકે નહીં, પણ એક 'બિલ્ડર' તરીકે આવ્યું છે. આ રોકાણ ઓડિશાના ઈ૧.૫ ટ્રિલિયન અર્થતંત્રના સ્વપ્નને સાકાર કરવામાં પાયાનો પથ્થર સાબિત થશે.

કરણ અદાણીએ ઓડિશાના ભવ્ય ભૂતકાળને યાદ કરતા કહ્યું કે, "જે ધરતીએ સમ્રાટ અશોકનું હૃદય પરિવર્તન કર્યું અને જેના દરિયાખેડુઓએ સમગ્ર એશિયામાં ભારતીય સંસ્કૃતિનો પ્રસાર કર્યો, તે ધરતી આજે ભારતનું ભવિષ્ય લખવા જઈ રહી છે".

અદાણી ગ્રુપના અન્ય પ્રોજેક્ટ્સ જેમ કે સુંદગઢમાં ?૮૪,૦૦૦ કરોડનો કોલ-ટૂ-કેમિકલ પ્લાન્ટ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામો ઓડિશાને વિશ્વના નકશા પર એક મજબૂત ઔદ્યોગિક ઓળખ આપી રહ્યા છે.

# ઐતિહ્યનો વૈશ્વિક અભિયાન



ૠદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતાઃ— આંતરરાષ્ટ્રીય મંચ પર બંગાળી લગ્ન પરંપરાને રજૂ કરવાની હેતુથી અંકના માજીએ એક વિશેષ ફોટોશૂટનું આયોજન કર્યું હતું. બંગાળી કન્યાના શણગાર, આભૂષણ અને સાંસ્કૃતિક વિશેષતાઓને આધુનિક દૃષ્ટિકોણથી રજૂ કરનાર આ પહેલ પહેલેથી જ ફેશન જગતમાં ચર્ચાનો વિષય બની ગઈ છે.

આ ફોટોશૂટમાં પરંપરાગત લાલ-સફેદ સાડી સાથે આધુનિક બ્રાઇડલ ફ્યુઝન લુક પણ રજૂ કરવામાં આવ્યો હતો. આયોજકોના જણાવ્યા અનુસાર, આ માત્ર પોર્ટફોલિયો બનાવવાનો પ્રયાસ નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે બંગાળી લગ્નની સુંદરતા અને વૈવિધ્યને સ્થાપિત કરવાનો એક મહત્વપૂર્ણ પગલું છે.

મોડેલ્સમાં કાર્યક્રમની આયોજક અંકના માજી પોતે હાજર હતા. ઉપરાંત તિતિર ગાંગુલી, નેહા દાસ, સુદીપા રાય, અંકિતા વિશ્વાસ, સુસ્મિતા મંડલ, રાજન્યા દત્ત, ધૃતિ અધિકારી, અસ્મિતા રાય, પૂજા હાલદાર, રિંકી હાડી, કંકના દાસ, સોનાલી કબીરાજ, સાહિની ભૌમિક, કરબી હાલદાર, આદ્રિજ? રાય ચૌધુરી, તિતલી રાય અને નેહા સાહા પણ હાજર રહ્યા હતા.

મેકઅપ કલાકારોમાં શુભમિતા મિત્રા, તનુશ્રી બસાક, મના દત્ત, રિમી સિંહ શાઓ, પ્રીતિ ઘોષ, નીતુ શાઓ, પાયલ કુન્ડુ, ટુમ્પા વિશ્વાસ, શુક્લા મંડલ, સુસ્મિતા દયાલ, જાસ્મિના પરવીન, નૂપુર સાહા, ભાગ્યશ્રી દેવનાથ, મલ્લિકા બરાઈ, પલી સાઉ, શ્યામલી મજુમદાર, અનુશ્રી બસાક અને કથા દાસ હાજર રહ્યા હતા.

આ ફોટોશૂટ માત્ર કેટલીક તસવીરો સુધી સીમિત ન રહ્યું; તે એક સાંસ્કૃતિક અભિવ્યક્તિ બની ગયું, જ્યાં પરંપરા અને આધુનિકતાનું સુમેળ નવા સ્વરૂપમાં જોવા મળ્યો. અંકના માજીનો આ પ્રયત્ન ભવિષ્યમાં બંગાળી બ્રાઇડલ ઉદ્યોગને વૈશ્વિક મંચ પર વધુ મજબૂતીથી સ્થાપિત કરવા માટે માર્ગ પ્રસસ્ત કરશે એવું નિષ્ણાતો માને છે.

# ફિલ્મોની યુવા પેઢી પર અસર

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બોલિવુડની ફિલ્મોની ભારતીય ટિનેજરો ઉપર ખૂબ જ માઠી અસર થઈ રહી છે. ફિલ્મના કારણે ટિનેજરો શરાબની ટેવ તરફ વધી રહ્યા છે. ફિલ્મોના કારણે ટિનેજરોમાં શરાબ પીવાનો ક્રેઝ વધી રહ્યો છે. ફિલ્મોમાં શરાબ પીવાના સીન ગૌરવ સાથે સંબંધિત હોય છે. આનાથી ટિનેજરોને પણ શરાબ પીવાની ટેવ વધી રહી છે. શરાબને પ્રોત્સાહન આપે તે પ્રકારની સીન ફિલ્મોમાં રાખાવમાં આવે છે. બોલિવુડની ફિલ્મો માત્ર ભારતમાં જ નહીં બલ્કે યુએઈ, અન્ય દેશોમાં પણ લોકપ્રિય છે. સંયુક્ત અરબ અમિરાથ અને અન્ય દેશોમાં રહેતા બાળકો ભારતીય ફિલ્મોને જોઈને વધુ શરાબ તરફ વળ્યા છે. હાઈ પ્રોફાઈલ લાઈફમાં શરાબનો ઉમેરો થયો છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ટિનેજરો શરાબ તરફ ત્રણગણા વધુ વધ્યા છે. ભારતીય ફિલ્મોની સીધી અસર થઈ છે. ગલ્ફ ન્યૂઝે અભ્યાસના તારણોને ટાંકીને કહ્યું છે કે ૫૯ ટકા બોલિવુડની ફિલ્મોમાં શરાબનો ઉપયોગ દર્શાવવામાં આવે છે. ૪૦૦૦થી વધુ



ટિનેજરોને આવરી લઈને કરવામાં આવેલા નવા અભ્યાસમાં આ બાબતનો ખુલાશો થયો હતો. જાણકાર લોકોનું કહેવુ છે કે માત્ર બોલિવુડની ફિલ્મો જ નહીં બલ્કે હોલિવુડની ફિલ્મોના કારણે પણ ટિનેજરો શરાબ તરફ વધ્યા છે. ઘણા દેશોમાં શરાબ પીવા માટે પણ યોગ્ય વય રાખવામાં આવી છે. પરંતુ યુએઈ અન્ય દેશોમાં નાની વયમાં જ બાળકો શરાબ તરફ વળ્યા છે. જે ખતરનાક સંકેત આપે છે. અભ્યાસના તારણો રજૂ કરનાર લોકોનું કહેવું છે કે ફિલ્મોમાં શરાબ સાથે સંબંધિત ફિલ્મ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે તે જરૂરી છે.






# રસોડાથી ખેતર સુધી અદાણી ફાઉન્ડેશનની મદદથી કૈલાશબેનની પ્રાકૃતિક ખેતીમાં સફળતાની ગાથા

સુરતઃ સંકલ્પ અને સાચું માર્ગદર્શન મળે તો એક ગૃહિણી પણ કેવી રીતે સફળ બની શકે છે, તેનું જીવંત ઉદાહરણ સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના રાજગરી ગામના કૈલાશબેન પટેલ. ૩૭ વર્ષીય કૈલાશબેન આજે માત્ર આત્મનિર્ભર જ નથી બન્યા, પરંતુ 'પ્રાકૃતિક ખેતી'ના માધ્યમથી સમગ્ર સમુદાય માટે આશાનું કિરણ બન્યા છે. એક સમયે માત્ર ઘરકામ કરીને ગૃહિણી જીવન જીવતા કૈલાશબેન હવે શાકભાજીની સજીવ ખેતી કરીને સફળ ખેડૂત બન્યા છે. સાથે જ પોતાના ઉત્પાદનને જાતે જ બજારમાં વેચીને સફળ વેપારી પણ બન્યા છે.

એક સામાન્ય ગૃહિણી તરીકે જીવન જીવતા કૈલાશબેનના જીવનમાં વળાંક ત્યારે આવ્યો જ્યારે તેઓ અદાણી ફાઉન્ડેશન અને 'આત્મા' (છ્સ્છ) પ્રોજેક્ટના સંપર્કમાં આવ્યા. તાલીમ દ્વારા તેમણે રાસાયણિક ખેતી છોડી જીવામૃત અને વર્મીકમ્પોસ્ટ જેવા જૈવિક ખાતરો બનાવવાની કળા હસ્તગત કરી. શરૂઆતમાં ટેકનિકલ બાબતોમાં મુશ્કેલી પડી, પરંતુ ડિજિટલ પ્લેટફોર્મ અને સોશિયલ મીડિયાના ઉપયોગથી તેમણે નિષ્ણાતો પાસેથી માર્ગદર્શન મેળવીને ખેતીને વિજ્ઞાન સાથે જોડીને પરિવારની એકદમ પડતર જમીનને ફળદ્રુપ બનાવી છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન તેમને અદાણી ફાઉન્ડેશન તરફથી વેલાવાળી શાકભાજી માટે 'માંડવા' બનાવવાનો સહયોગ અને કિચન ગાર્ડનની કીટ મળી. હવે સફળતાપૂર્વક ૧૨ પ્રકારના શુદ્ધ શાકભાજી ઉગાડે છે. તેમના ઉત્પાદનોની ગુણવત્તા એટલી ઉત્તમ છે કે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના નિષ્ણાતોએ પણ તેમની પીઠ થાબડી છે.

કૈલાશબેનનું બજાર કૌશલ્ય પણ એટલું જ ખીલ્યું છે. સુરતના વેસુ સ્થિત 'પ્રાકૃતિક ખેતી બજાર'માં કાયમી સ્ટોલ દ્વારા તેઓ સીધા શહેરી ગ્રાહકો સાથે જોડાયા છે. આજે તેમની માસિક આવક ?૨૫,૦૦૦ સુધી પહોંચી છે. આ આર્થિક સ્વતંત્રતાનો ઉપયોગ તેમણે પોતાની ત્રણ દીકરીઓના શિક્ષણ માટે કર્યો છે. તેમની એક પુત્રી સ્જીઉ થઈ છે, બીજી નર્સિંગમાં કારકિર્દી બનાવી રહી છે, અને ત્રીજી ધોરણ ૧૨માં અભ્યાસ કરી રહી છે.

કૈલાશબેનની સફળતામાં તેમના પતિનો અતૂટ સાથ રહ્યો છે. કૈલાશબેન સાબિત કરે છે કે સ્ત્રી જો ધારે તો ધરતીમાંથી પણ સોનું પેદા કરી શકે છે અને પોતાના પરિવારના સપનાઓને પાંખો આપી શકે છે. એકલા કૈલાશબેનન જ નથી, એમના જેવી અનેક ગૃહિણીના જીવનમાં બદલાવ આવ્યો છે જ્યારથી એમને અદાણી ફાઉન્ડેશનનો સહયોગ મળ્યો છે. સુરતનો ચોર્યાસી તાલુકો શાકભાજી ઉત્પાદન માટે દાયકાઓથી જાણીતું છે. અદાણી ફાઉન્ડેશન દ્વારા હજીરા વિસ્તાર અને આદિવાસી બહુલ ઉમરપાડા તાલુકામાં ૬૦થી વધુ મહિલાઓને સશકત કરી રહ્યું છે.

# તીવ્ર ગરમી : ફુડ પોઇઝનિંગનો ખતરો

## દુષિત ખાદ્યચીજો ખાવાના કારણે આરોગ્યને લગતી તકલીફો વધતી રહે છે : ફુડ પોઇઝનિંગ ખુબ જોખમી હોય છે જેથી સાવધાની જરૂરી

દેશભરમાં કાળઝાળ ગરમીનુ મોજુ ફરી વળ્યુ છે ત્યારે જુદી જુદી બિમારીનો ખતરો વધી રહ્યો છે. ગરમીમાં ફુડ પોઇઝનિંગ વધારે થાય છે. ખાસ કરીને બાળકો વધારે શિકાર થાય છે. ગરમીમાં ટાઇમ ટેબલમાં ફેરફાર થવાની સાથે જ ફુડ પોઇઝનિંગનો ખતરો વધી જાય છે. ફુડ પોઇઝનિંગ ખુબ જોખમી હોય છે. તેનાથી આરોગ્યને ખુબ નુકસાન થાય છે. આવી સ્થિતીમાં કેટલીક સાવચેતી રાખીને ભાગદોડની લાઇફમાં ફુડ પોઇઝનિંગની સમસ્યાથી બચી શકાય છે. મોટા ભાગે જ્યારે બે સિઝન એક સાથે હોય છે ત્યારે ફુડ પોઇઝનિંગ અથવા તો ખોરાકી ઝેરના મામલા સતત વધી જાય છે. ફુડ પોઇઝનિંગ મોટા ભાગે ખાદ્ય ચીજવસ્તુઓ મારફતે થાય છે. દુષિત થઇ ગયેલી અને વધારે સમય સુધી પડેલી ચીજો અથવા તો બહારની ચીજો વધારે ખાવાના કારણે ફુડ પોઇઝનિંગની અસર થાય છે. ફુડ પોઇઝનિંગને સામાન્ય રીતે અથવા તો મેડીકલની ભાષામાં ફુડ બોર્ન ઇલનેસ પણ કહેવામાં આવે છે. દુષિત ખાદ્ય ચીજો ખાવાના કારણે આરોગ્યને લગતી તકલીફ વધતી રહે છે. ઇન્ફેક્શન જંતુ જેમ કે બેક્ટિરિયા, વાયરસ અને પરજીવી જેવા દુષણના કારણે ભોજન ખરાબ થઇ જાય છે. આ પ્રકારના ભોજનની સામાન્ય રીતે ખબર પડતી નથી અને આવી ચીજોનો ઉપયોગ કરી લેવામાં આવે છે જેથી ફુડ પોઇઝનિંગની અસર થઇ જાય છે. ઇન્ફેક્શનગ્રસ્ત જીવ અને તેના દ્વારા ફેલાવવામાં આવતા દુષણના કારણે ચીજો ખરાબ થઇ જાય છે. ફુડ પોઇઝનિંગની સમસ્યામાં દુષિત ભોજનની અસર વ્યક્તિની વય, આરોગ્ય અને ઇન્ફેક્શનના પ્રકાર તેમજ ઇન્ફેક્શનની અસર પર તમામ બાબતો આધારિત રહે છે. રોગ પ્રતિકારક ક્ષમતા સંપૂર્ણપણે ન હોવાના કારણે તેમા કોઇ પણ પ્રકારના ઇન્ફેક્શનની અસર વધારે રહે છે. જેથી તેમાં રોગનો ખતરો પણ વધી જાય છે. સામાન્ય રીતે જે





લોકો રોગ પ્રતિકારક ક્ષમતા પ્રમાણમાં ઓછી ધરાવે છે તે લોકોને ઇન્ફેક્શનની અસર સૌથી વધારે થાય છે. મોટી વયના લોકોમાં આ તકલીફ સૌથી વધારે થાય છે. કારણ કે તેમનામાં રોગ પ્રતિકારક ક્ષમતા ધીમે ધીમે ઓછી થઇ જાય છે. મોટી વયના લોકોમાં રોગ પ્રતિકારક ક્ષમતા યુવા લોકોની તુલનામાં ખુબ ઓછી રહે છે. આ લોકો પર ઇન્ફેક્શનની અસર સૌથી વધારે થાય છે. સગર્ભા મહિલાઓમાં પણ ઇન્ફેક્શનની અસર સૌથી વધારે થાય છે. ડાયબિટીસ, લિવર સંબંધિત રોગ અને એઇડ્સ જેવી બિમારથી ગ્રસ્ત લોકોમાં પણ ફુડ પોઇઝનિંગની સમસ્યા હોઇ શકે છે. આ ઉપરાંત જે લોકો કેન્સરની સારવાર માટે કિમિયોથેરાપી અને રેડિએશન થેરાપી લઇ રહ્યા છે અથવા તો લઇ ચુક્યા છે તે લોકોમાં પણ આની અસર થઇ શકે છે. રોગ પ્રતિકારક ક્ષમતા નબળી હોવાના કારણે કોઇ પણ બિમારી તરત જ અસર કરી જાય છે. સાવધાની અને બચાવ જ સારવારના રૂપ તરીકે છે. ફુડ પોઇઝનિંગ થવાની અસર હેઠળ પેટમાં જોરદાર દુખાવો રહે છે. સતત ઉલ્ટી થાય છે. નબળાઇનો અનુભવ થાય છે. ચક્કર આવવાની પણ દર્દી ફરિયાદ કરે છે. ફુડ પોઇઝનિંગની સમસ્યા થવા માટે મુખ્ય રીતે ત્રણ કારણો જવાબદાર રહે છે. બેક્ટિરિયાના લીધે સૌથી વધારે અસર થાય છે.

ફુડ પોઇઝનિંગ થવા માટે બેક્ટિરિયા સૌથી પ્રચલિત કારણ પૈકી એક છે. તેમાં ઇ-કોલાઇ, લિક્ટોરિયા, સાલ્મૌનેલા જેવી સમસ્યાને ફેલાવનાર સૌથી મુખ્ય બેક્ટિરિયા છે. પરજીવીના કારણ પણ ફુડ પોઇઝનિંગ થાય છે. આના કારણે ફુડ પોઇઝનિંગ થવાની બાબત સામાન્ય બાબત નથી. જો કે ભોજનના કારણે ફેલાતા પરજીવા ખુબ જ ખતરનાક હોય છે.

આ પાચનતંત્રમાં વર્ષો સુધી રહી શકે છે. તેમની ઓળખ કરવાની કામગીરી થોડીક મુશ્કેલી ભરેલી રહે છે. કમજોર રોગ પ્રતિકારક ક્ષમતાવાળા લોકો અનો સગર્ભા મહિલાઓના આંતરડામાં પરજીવાના કારણે ખુબ નુકસાન થઇ શકે છે. વાયરસના લીધે પણ ફુડપોઇઝનિંગ થઇ જાય છે. આના માટે નોરો વાયરસ સૌથી સામાન્ય હોય છે. આ ઉપરાંત સેપોવાયરસસ, રોટા વાયરસ અને એસ્ટ્રો વાયરસ પણ ફુડ પોઇઝનિંગની અસર કરે છે.

લિવરને પ્રભાવિત કરનારપ હેપેટાઇટીસ એ તથા ઇ પણ એક ગંભીર બિમારી તરીકે છે. ફુડ પોઇઝનિંગથી બચવા માટે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તો બચી શકાય છે. શુદ્ધ અને ગરમ ભોજન તરફ વધારે પ્રાથમિકતા રાખવી જોઇએ. સાથે સાથે બહારની ચીજ વસ્તુઓનો ઉપયોગ કરવો જોઇએ નહી. ભોજનને લાંબા સમય સુધી સુરક્ષિત રાખવા માટે ફ્રિજનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે.

માર્કેટમાં ઉપલબ્ધ રહેલી ચીજ વસ્તુઓ મોટા ભાગે ટાળવામાં આવે તે પણ જરૂરી છે. ભોજન કરતા પહેલા હાથ ખુબ સારી રીતે ધોઇ કાઢવા જોઇએ.

તંત્રી લેખ... -

ગુરૂવાર, તા. ૦૯ એપ્રિલ ૨૦૨૬

## કેરળમાં કોની સરકાર બનશે ?

સાક્ષરતામાં અવ્વલ, રાજકીય રીતે સજાગ અને ચૂંટણી સમયની હિંસામાં પશ્ચિમ બંગાળની પંગતમાં બેસતા કેરલમમાં આજે વિધાનસભાની ચૂંટણીનું મતદાન છે. અહીં સીધી ટક્કર સીપીએમના વડપણ હેઠળના એલડીએફ (લૅફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ) અને કૉંગ્રેસના નેતૃત્વવાળા યુડીએફ (યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ) વચ્ચે છે. આ રાજ્યમાં છેલ્લાં કેટલાંય વર્ષોથી સત્તાની ધુરા આ બે ગઠબંધનો વચ્ચે હાથ બદલતી રહી છે, પણ છેલ્લાં બે ટર્મથી ડાબેરી પિનારાઈ વિજયન મુખ્ય પ્રધાનપદે છે. જોકે, ત્રિસૂર લોકસભા તથા તિરુવનંતપુરમ નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીએ મેળવેલા વિજયે એનડીએના આગમનની છડી પોકારી છે. દર પાંચ વર્ષે બદલાતા શાસકને પગલે કેરલમમાં સર્વોચ્ચ લઘુતમ વેતન, સુદઢ વેપારી અને મજૂર સંગઠનો, નક્કર ભૂમિ સુધારા તથા શિક્ષણ ઉપરાંત સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને હાઉસિંગ એમ બધાં જ ક્ષેત્રોમાં વિકાસનાં ફળ લોકોએ ચાખ્યાં છે. આવામાં, ચૂંટણીમાં મુખ્ય મુદ્દો અને વિવિધ પક્ષો-ગઠબંધનોને એકમેકથી અલગ પાડતી બાબત બહુ ઓછી છે. ડાબેરીઓ સામે છેલ્લો ગઢ સાચવવાનો પડકાર, દસ વર્ષની શાસન-વિરોધી લહેર વચ્ચે જીતની હેટ્રિક સર્જી ઈતિહાસ રચવાની તક છે. કૉંગ્રેસ માટે આંતરિક કલહ અને સંગઠનને લગતા પડકારોનો અંબાર છે. અહીંની વસ્તીમાં લઘુમતી કોમો મુસ્લિમ અને ખ્રિસ્તીઓનું પ્રમાણ અનુક્રમે ૨૬ અને ૧૯ ટકા છે અને એલડીએફ અને યુડીએફનો વોટશૅર ૨૦૨૧માં પચીસ-પચીસ ટકા હતો, ભાજપે પણ પોતાની મત ટકાવારી ૧૨થી ૧૫ ટકા સુધી પહોંચાડી છે અને એલડીએફના મતો તોડવા સાથે યુડીએફનો ખેલ બગાડવામાં એનડીએ મહત્ત્વની ભૂમિકા ભજવશે.

પિનારાઈ વિજયન કેરલમની ચૂંટણીમાં એલડીએફનો ચહેરો છે અને વિકાસના વચન પર તેઓ પુનરાગમન માટે સજ્જ છે. આ વખતે પણ સબરીમાલા મંદિર વિવાદ ફરી મથાળાઓમાં છે, મંદિરમાંથી થયેલી સોનાની ચોરી મુદ્દે યુડીએફએ ડાબેરીઓને ઘેર્યા છે. કેરલમનો છેલ્લા દોઢ દાયકાનો ઈતિહાસ છે કે, પંચાયત અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓમાં સારો દેખાવ કરનાર મોરચાએ વિધાનસભા ચૂંટણીમાં પણ આ પ્રદર્શન જાળવી રાખ્યો છે. કૉંગ્રેસ અને ગઠબંધન આના કારણે ગેલમાં છે. ભાજપને હિન્દુ મતોના ધ્રુવીકરણની આશા છે, તો લઘુમતીઓ ભાજપને સત્તાથી દૂર રાખવા માટે મતદાન કરી શકે છે, જેનો લાભ એલડીએફને થવાની શક્યતા છે. બન્ને મોરચાના ચૂંટણી ઢંઢેરામાં કલ્યાણકારી યોજનાઓ (મુખ્યત્વે સ્વાસ્થ્ય સંભાળ), પાકના ટેકાના ભાવમાં સુધારો, પેન્શનની રકમમાં વધારો, માળખાકીય સુવિધાઓના પ્રોજેક્ટ્સ અને મોટી વયનાઓની સાર-સંભાળ જેવા મુદ્દાઓને અગ્રતાક્રમ અપાયો છે. કૉંગ્રેસ ભાજપને ડાબેરીઓની બી-ટીમ ગણાવી રહ્યું છે, તો એલડીએફમાં આંતરિક સંઘર્ષની સમસ્યા છે, એનડીએ મર્યાદિત જનાધાર છતાં વોટશૅરમાં ગાબડું પાડવાની સ્થિતિમાં છે, તો એલડીએફને વિજયનના નામે તરી જવાની આશા છે. આમાં કોણ નિર્ણાયક સાબિત થાય છે, એ ચોથી મેએ આવનારાં પરિણામો સ્પષ્ટ કરશે.

## ટ્રમ્પની લોકપ્રિયતામાં ઓટથી કોને જશે ખોટ?

હું યુદ્ધ શરૂ કરવાનો નથી, હું તો યુદ્ધો અટકાવીશ, રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી જીત્યા પછીના વિજય સંબોધનમાં ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન નાગરિકોને ખાતરી આપી હતી. એટલું જ નહીં, ૨૦૨૪ના ચૂંટણી અભિયાનમાં વારંવાર એક જ વાત દોહરાવી હતી કે, ઈરાન સાથે યુદ્ધ તો નહીં જ થવા દઉં. આ વચનોએ ટ્રમ્પને ચૂંટણી જીતવામાં ઘણી મદદ કરી હતી, કેમ કે મોટા ભાગના અમેરિકન નાગરિકોનું માનવું હતું કે ૨૧મી સદીમાં અફઘાનિસ્તાન, ઈરાન, લિબિયા તથા અન્યત્ર કરાયેલા હસ્તક્ષેપ અમેરિકાને મોંઘા પડયા હતા. આમ છતાં, બીજા કાર્યકાળમાં મધ્યસત્ર ચૂંટણીના વર્ષમાં ટ્રમ્પે સાત દેશોમાં હસ્તક્ષેપ કરતી કાર્યવાહીઓ કરી છે અને ઈરાન સાથેના યુદ્ધમાં દર બીજા દિવસે નવી ડેડલાઈન આપતા રહે છે, જેના પગલે તેમની એપ્રુવલ રાટિંગ એટલે કે લોકપ્રિયતાનો સૂચકાંક ઘટીને ઑલ-ટાઈમ લૉ ૩૬ ટકા પર પહોંચી ગઈ છે. વળી, મિત્રરાષ્ટ્રોના વડા સાથેના તેમના સંબંધોમાં પણ વળતાં પાણી છે. ફ્રાન્સના પ્રેસિડન્ટ મેકરોનની હજી પાંચ અઠવાડિયાં પહેલાં જે દેશના લોકોને સત્તાનાં સૂત્રો હાથમાં લેવાની અપીલ ટ્રમ્પે કરી હતી, એ ઈરાનીઓને અપશબ્દોથી વધાવવા અને આ દેશને પાષાણ યુગમાં પહોંચાડી દેવાની ધમકીઓ આપવા સુધી તેઓ પહોંચી ગયા છે. અમેરિકાનાં હિતોને પ્રાથમિકતા આપતી અને અન્યોના બખેડામાં માથું ન મારવાની અમેરિકા ફર્સ્ટની વિદેશનીતિએ ટ્રમ્પને લોકપ્રિયતા અપાવી હતી, અત્યારે ટ્રમ્પ રમૂજમાં કહે છે કે, વેનેઝુએલાના લોકો કહે છે કે, હું જો તેમના દેશના રાષ્ટ્રપ્રમુખ પદની ચૂંટણીમાં ઊભો રહું તો, વેનેઝુએલામાં આજ સુધી કોઈને મળ્યા હોય એના કરતાં વધુ મતો મને મળે એમ છે. જોકે, અમેરિકામાં યુવા, લઘુમતીઓ, વર્કિંગ ક્લાસ તથા રાજકીય રીતે કોઈ એક પક્ષ તરફ ઢળેલા ન હોય એવા મતદારો ટ્રમ્પથી નાખુશ છે.

અમેરિકાના મોટા ભાગના મતદારો અને ટ્રમ્પતરફી અનેક વોટર્સનું માનવું છે કે, ઈરાનથી અમેરિકાને કોઈ સીધું જોખમ નથી અને ઈરાનની પરમાણુ ક્ષમતાને મરણતોલ ફટકો પડયો હોવા છતાં તેમને સુરક્ષિતતાની લાગણી થતી નથી, કેમ કે ઈરાન સામે યુદ્ધ છેડી ટ્રમ્પે પોતાનું વચન તોડયું હોવાનું તેમને લાગે છે. આવામાં યુદ્ધ છોડાય એમ નથી, યા હોમ કરીને કૂદી પડાય એવું પણ નથી અને પરિસ્થિતિને જેમ છે એમ છોડી દેવાય એવુંય નથી. આવામાં, આગામી નવેમ્બરમાં આવનારી મિડ-ટર્મ કૉંગ્રેશનલ ચૂંટણીમાં રિપબ્લિકન્સને નુકસાન ન થાય તો જ આશ્ચર્ય. યુદ્ધની આંચ સામાન્ય અમેરિકનોને વર્તાઈ રહી છે અને ડેમોક્રેટ્સને આ પરિસ્થિતિનો લાભ થશે. મહાભિયોગ, તહોમતનામું અને ખટલા વખતે પણ ટ્રમ્પની પડખે અડગપણે ઊભેલા મતદારોની ધીરજ પણ હવે ખૂટી રહી છે. ટ્રમ્પ માટે અને તેના કારણે વિશ્વ માટે આગામી સમય ભારે હોવાનાં એંધાણ છે.

**ટ્રમ્પે આટલા બધા હાકલા પડકારા પછી યુદ્ધવિરામ કેમ સ્વીકારી લીધો તેનાં કારણો જગજાહેર છે.**

# ઈરાન-અમેરિકા પાકિસ્તાનની વાત માને એ ભારત માટે સારું નથી

### ઈરાન અને અમેરિકા વચ્ચેનો યુદ્ધવિરામ આખી દુનિયા માટે સારા સમાચાર છે કેમ કે બંને જંગે ચડ્યા તેમાં આખી દુનિયાની પત્તર ખંડાઈ ગઈ છે.

અમેરિકા-ઈઝરાયલ વર્સીસ ઈરાનના યુદ્ધમાં ગાજ્યા મેઘ વરસ્યા નહીં જેવો ઘાટ થઈ ગયો. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ૨૪ કલાક પહેલાં જ કરેલી પ્રેસ કોન્ફરન્સમાં હુંકાર કરેલો કે, અમેરિકા હવે ઈરાનને નહીં છોડે ને કાલે સવાર પડશે ત્યારે દુનિયાના નકશામાંથી દુનિયાની એક સૌથી જૂની સંસ્કૃતિ સાવ ભુંસાઈ જશે. મતલબ કે, અમેરિકા ઈરાનને બિલકુલ સાફ કરી નાંખશે. ટ્રમ્પે એક દિવસ પહેલાં પણ ધમકી આપી હતી કે, ઈરાન સમજૂતી નહીં કરે તો પોતે ઈરાનને નરક બનાવી દેશે કેમ કે ઈરાનને અમેરિકા એક રાતમાં જ ખતમ કરી શકે તેમ છે.

ટ્રમ્પની આ બધી વાતો સાંભળીને બધાંને એવું જ લાગવા માંડેલું કે, ઈરાન તો ગયું ને ટ્રમ્પ ઈરાનને પણ સપાટ મેદાન કરીને જ છોડશે. ભારતમાં પણ સૌને લાગેલું કે, બુધવારે સવારે ઉઠીશું ત્યારે તો ઈરાનનું અસ્તિત્વ જ મટી જશે પણ બુધવારે સવારે તો સાવ અલગ જ ખેલ જોવા મળ્યો. બુધવારે સવારે ડોનલ્ડ ટ્રમ્પે યુધ્ધવિરામની જાહેરાત કરી નાખી.

ઈરાનની સભ્યતાને ખતમ કરવાની વાતો કરનારા ટ્રમ્પે જાહેરાત કરી નાખી કે, ઈરાન અને અમેરિકા યુદ્ધનો અંત લાવવા માટે ચર્ચા કરી શકે એ માટે યુદ્ધવિરામ બે અઠવાડિયાં માટે લંબાવવાનો નિર્ણય લેવાયો છે. ટ્રમ્પની જાહેરાતની મિનિટોમાં જ ઈરાને પણ યુદ્ધવિરામ સ્વીકારી લીધું હોવાની જાહેરાત કરી નાખતાં ઘમાસાણ યુદ્ધ થવાની વાતોનું સુરસુરિયું થઈ ગયું છે.

ઈરાન અને અમેરિકા વચ્ચેનો યુદ્ધવિરામ આખી દુનિયા માટે સારા સમાચાર છે કેમ કે બંને જંગે ચડ્યા તેમાં આખી દુનિયાની પત્તર ખંડાઈ ગઈ છે. ક્રૂડ ઓઈલની અછતના કારણે આખી દુનિયામાં કકળાટ મચેલો છે ને ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. બંને વચ્ચેનું યુદ્ધ લંબાય તો અડધી દુનિયાએ ભૂખે મરવાનો વારો આવે એવી હાલત છે તેથી સૌ ઈચ્છતા જ હતા કે, યુદ્ધ પતી જાય પણ અમેરિકા ને ઈરાન બંને મમતે ચડેલાં તેથી આખી દુનિયા અધ્ધર જીવે હતી.

તેમાં ટ્રમ્પે વળી ઈરાનને સાવ પતાવી દેવાની વાત કરી તેથી સૌના જીવ તાળવે ચોંટી ગયેલા કેમ કે ટ્રમ્પ ગમે તે ફિશિયારી મારે પણ સામાન્ય હુમલાથી કોઈ દેશને એક રાતમાં પતાવી દેવો શક્ય નથી. આ કારણે લોકોને ટ્રમ્પ ઈરાન પર પરમાણુ હુમલો કરવાની વેતરણમાં તો નથી ને એવી ચિંતા પણ હતી. સદનસીબે આ બધી ચિંતાઓ નિરાધાર સાબિત થઈ છે ને ટ્રમ્પ તેમના સ્વભાવ પ્રમાણે જ ફાંકા-ફોજદારી કર્યા પછી પાણીમાં બેસી ગયા છે.

ટ્રમ્પે યુદ્ધવિરામ સ્વીકાર્યો એ તો સારી વાત છે જ પણ વધારે સારી વાત એ છે કે, ટ્રમ્પ ઢીલાઢફ પણ પડી ગયા છે. સત્તાવાર રીતે ઈરાન સાથે મંત્રણા કરી શકાય એ માટે યુદ્ધવિરામ સ્વીકારાયો હોવાની વાત કરાઈ છે પણ ટ્રમ્પે એવું કહ્યું છે કે, શાંતિ કરારને અંતિમ સ્વરૂપ આપીને તેનો અમલ કરવા માટે સમય મળી રહે એટલે યુદ્ધવિરામ સ્વીકાર્યો છે. તેનો અર્થ એ થયો કે, અમેરિકા ગમે તે ભોગે ઈરાન સાથે શાંતિ ઈચ્છે છે. ટ્રમ્પની ઉંમર થઈ ગઈ છે એટલે તેમને પોતે શું ભરડે છે તેનું ભાન નથી રહેતું પણ આશા રાખીએ કે, ટ્રમ્પની આ વાત સાચી નીકળે ને ખરેખર ઈરાન સાથે શાંતિ કરાર થઈ જાય.

ટ્રમ્પે આટલા બધા હાકલા પડકારા પછી યુદ્ધવિરામ કેમ સ્વીકારી લીધો તેનાં કારણો જગજાહેર છે. ટ્રમ્પે સામ-દામ, દંડ, ભેદ એમ બધા રસ્તા અપનાવી જોયા પણ ઈરાને મચક ના આપી તેમાં ટ્રમ્પ ઢીલાઢફ થઈ ગયા છે. ટ્રમ્પે હુમલા શરૂ કરીને ઈરાનનું નાક દબાવવા પ્રયત્ન કર્યો તો ઈરાને હોર્મુઝ સ્ટ્રેઈટ બંધ કરીને અડધી દુનિયાનું નાક દબાવી દીધું. ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેઈટ ખોલાવવા માટે જાત જાતના ઉધામા કરી જોયા પણ ઈરાન પર કોઈ અસર ના થઈ.

ટ્રમ્પ છેલ્લે યુનાઈટેડ નેશન્સની સિક્યુરિટી કાઉન્સિલમાં પણ ગઈ પણ ચીન અને રશિયાએ વીટો વાપરીને અમેરિકાનો પોપટ કરી નાખ્યો પછી ટ્રમ્પ પાસે કાં કુમલો કરીને ઈરાનનો સાવ ઘડોલાડવો કરી નાખવો કાં બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી જવું એ બે જ વિકલ્પ હતા. ટ્રમ્પે બીજો વિકલ્પ સ્વીકારીને શાણપણ વાપર્યું છે કેમ કે અમેરિકા ઈરાન પર જોરદાર હુમલો કરે પછી ઈરાન શાંત બેસવાનું નહોતું. ઈરાન પણ એવો જ જવાબ આપે તેમાં ભડકો થઈ ગયો હોત.અમેરિકાએ ઈરાન સાથે યુદ્ધવિરામ સ્વીકાર્યો પણ ઈઝરાયલે લેબેનોન પર હુમલા શરૂ કર્યા છે. તેનો મતલબ એ થયો કે, મિડલ ઈસ્ટમાં હોળી તો સળગેલી જ રહેશે પણ લેબેનોન પર હુમલા ચાલુ રહે તેમાં દુનિયા પર મોટી અસર નથી પડતી. લેબેનોન ને સીરિયા ને ઈરાક ને એ બધા દેશોમાં તો બારે મહિના ખૂનામરકી ચાલ્યા જ કરે છે તેથી તેની ચિંતા કરવાની જરૂર નથી. આ બધા દેશો પર કટ્ટરવાદીઓ ચડી બેઠા છે ને એ બધા પોતાના પાપે જ મરવાના છે, આપણે તો ઈરાન સાથે અમેરિકાના શાંતિ કરાર થઈ જાય ને હોર્મુઝ સ્ટ્રેઈટ ખૂલી જાય એટલે બધી સમસ્યાઓનો અંત આવી જાય.

અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ સારો સંકેત છે પણ આપણને અકળાવે એવી વાત એ છે કે ઈરાન અને ટ્રમ્પ બંનેએ આ યુદ્ધવિરામનો જશ પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરને આપી દીધો છે. ટ્રમ્પે પોતાના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર લખ્યું છે કે, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર સાથેની વાતચીતના આધારે યુધ્ધવિરામનો નિર્ણય લીધો છે.

શાહબાઝ શરીફે સોશ્યલ મીડિયા પર મોડી રાત્રે મૂકેલી પોસ્ટમાં ઈરાન અને અમેરિકા વચ્ચેની વાતચીતને આગળ વધારવા માટે ઈરાનનો ખાતમો કરવા માટે અંતિમ હુમલો કરવા માટેની મહેતલ બે અઠવાડિયાં લંબાવવા વિનંતી કરી હતી. શરીફે આ જ પોસ્ટમાં ઈરાનને બે અઠવાડિયાં માટે હોર્મુઝ સ્ટ્રેઈટ ખોલવા માટે કહ્યું હોવાનો દાવો પણ કર્યો હતો. ટ્રમ્પે પોતે શરીફ અને મુનીરની વાત સ્વીકારી હોવાનો દાવો કર્યો પછી ઈરાને પણ શરીફનો આભાર માન્યો. ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘાચીએ તો શરીફ ને મુનીર બંનેને વહાલા ભાઈઓ ગણાવીને ઓવારણાં લઈ લીધાં.

ભારત માટે પાકિસ્તાનની અમેરિકા અને ઈરાન સાથેની ગાઢ દોસ્તી સારો સંકેત નથી. પાકિસ્તાન આપણું કટ્ટર દુશ્મન છે કેમ કે પાકિસ્તાન ભારતમાં અરાજકતા અને અશાંતિ ફેલાવવા માટે આતંકવાદ ફેલાવે છે. અમેરિકા અને ઈરાન બંને ભારતનાં મિત્ર છે ને બંને સાથે ભારતનાં વ્યાપક આર્થિક હિતો સંકળાયેલાં છે. હવે આપણા બે મિત્રો દુશ્મનની નજીક જાય એ સારું તો ના જ કહેવાય ને?

**બીજુ, વેલ્યૂઝ અર્થસભર હોવી જોઈયે. ફક્ત રૂક્ષ શબ્દો કે સારા લાગતા શબ્દો કામ નહીં લાગે.**

# બ્રાન્ડની પણ પોતાની વેલ્યૂઝ હોય છે

- અંગ્રેજીમાં બે શબ્દો છે, પ્રાઈઝ અને વેલ્યૂ. આમ જોવા જઇયે તો બન્ને એક જ છે તેમ લાગે, પણ જો વધુ ઊંડાણમાં જઇયે તો ખબર પડે કે બંનેના અર્થ અલગ છે.

ગયા અઠવાડિયે આપણે વેલ્યૂએશનની વાત કરી. આને લાગતો વળગતો એક શબ્દ છે વેલ્યૂ. પણ તેમાં અને વેલ્યૂએશનમાં જમીન - આસમાનનો ફરક છે. વેલ્યૂએશન કરતી વખતે વિવિધ પાસાઓની સાથે તમારી કંપનીના વેલ્યૂઝનો અભ્યાસ પણ કરવામાં આવે છે. આનો અભ્યાસ એટલા માટે જરૂરી છે, કારણ કે જો કોઈ કંપનીને બીજી કંપની ખરીદવી છે તો તે બંનેના વેલ્યૂઝ અર્થાત્ મૂલ્યો સમાન છે કે નહિં તે જાણવું જરૂરી છે.

અંગ્રેજીમાં બે શબ્દો છે, પ્રાઈઝ અને વેલ્યૂ. આમ જોવા જઈયે તો બન્ને એક જ છે તેમ લાગે, પણ જો વધુ ઊંડાણમાં જઈયે તો ખબર પડે કે બંનેના અર્થ અલગ છે. કિંમત તમે કોઈ પણ વસ્તુની લગાડી શકો પણ મૂલ્ય કે વેલ્યૂ માટે આ તર્ક ન ચાલે. આનાથી આગળ જ્યારે મૂલ્ય અને વેલ્યૂ ને બહુવચન માં જોવા જઈયે તો તે મૂલ્યો અને વેલ્યૂઝ થઈ જાય, અને આમ થતા તેનો આખો અર્થ બદલાઈ જાય. આપણે ઘણીવાર સાંભળતા હોઈયે છીયે કે અમુક વ્યક્તિના જીવનમાં ભારોભાર મૂલ્યો જોવા મળે. ઉદાહરણ તરીકે ગાંધીજીના જીવનમાં તેમણે આ મૂલ્યો ને ડેમોક્રેટાઇસ કર્યા લોકશાહીનું રૂપ આપ્યું, જેમકે સત્ય, અહિંસા, સાદાઈ, પરોપકાર. આ મૂલ્યો ગાંધીજીને યાદ કરતા આપણી સામે આવી જાય. બસ, આજ રીતે બ્રાન્ડ માટે પણ મૂલ્યો જરૂરી છે. બ્રાન્ડ પણ પોતાના મૂલ્યોના સહારે પોતાની છાપ માર્કેટમાં ઊભી કરે છે.

વેલ્યૂઝ એટલે મૂલ્યો. સરળતાથી સમજવા માટે આપણે બ્રાન્ડ વેલ્યૂઝ શબ્દનો પ્રયોગ કરીશું. બ્રાન્ડ પોતાની વેલ્યૂઝને મધ્યમાં રાખી તેના આધારે પોતાની આઈડેંટિટી, મેસેજ, કમ્યુનિકેશન, કસ્ટમર રિલેશનશિપને આકાર આપશે. તો પ્રશ્ન થાય કે બ્રાન્ડની વેલ્યૂઝ કઈ હોઈ શકે?

બ્રાન્ડ વેલ્યૂનો મતલબ ફક્ત તે નથી કે બ્રાન્ડ છે તો વધારે કિંમત મળી શકે. લોકો જો તમારી બ્રાન્ડને વારંવાર ખરીદવા પ્રેરાય ત્યારે કહી શકાય કે અમુક બ્રાન્ડની બ્રાન્ડ વેલ્યૂ વધી છે. કંઝ્યુમર કોક કે પેપ્સી નથી ખરીદતો. તેના ટેસ્ટ માટે પણ નથી ખરીદતો. પણ તમારા મગજમાં તે બ્રાન્ડની વેલ્યૂ જે ક્રિયેટ થઈ છે તેને ખરીદે છે. તમે કદાચ કોકની હૅપીનેસ ખરીદશો અથવા પેપ્સીની યૂથફુલનેસ ખરીદશો. તમે તમારા જીવનમાં કયા મૂલ્યને પ્રાધાન્યતા આપો છો, હૅપીનેસ કે યૂથફુલનેસને તેના પર તમારી પસંદગીનો મદાર છે. અમુક બ્રાન્ડ વેલ્યૂઝ આપણે લગભગ બધીજ બ્રાન્ડસમાં જોઈયે છીયે; જેમ કે, ટ્રસ્ટેડ, કસ્ટમર ફ્રૅન્ડ્લી, ટ્રાન્સ્પરેંટ, યૂથફુલ, પેશન, કેરિંગ વગેરે આનો અર્થ તે નથી કે બધી બ્રાન્ડે આવાજ કાંતો આજ મૂલ્યો વાપરવા જોઈયે. બ્રાન્ડને પોતાની કેટેગરી, પોતાના વિઝન, તમારા માટે તમારા જીવનમાં શું મહત્ત્વનું છે.

આવી વાતોના આધારે વેલ્યૂઝને બનાવવાના છે. વેલ્યૂઝ મને મારા પ્રતિસ્પર્ધીથી અલગ પાડશે, તેનો વિચાર પણ કરવો જરૂરી છે. આમ જ્યારે થાય ત્યારે તમારા મૂલ્યો લોકોની નજર સમક્ષ ક્લિયરલી આવે, અને કંઝ્યુમર કહે કે, ટાટા બ્રાન્ડ એટલે ટ્રસ્ટ, એપલ એટલે ઇનોવેશન, પેપ્સી એટલે યૂથફુલ, રિલાયન્સ એટલે ડિસ્રપ્ષન વગેરે.

બ્રાન્ડની વેલ્યૂઝ રાતોરાત નથી બની જતી. તેના માટે ક્લિયર વિઝન જોઈયે. તમારી ટીમ સાથે મળી બ્રેનસ્ટોર્મ કરી તમે વેલ્યૂઝને ડિફાઇન કરી શકો છો. પોતાની જાતને પ્રશ્નો પૂછો : તમે શેના દ્વારા ઓળખાવ છો? તમે શેને વધુ મહત્ત્વ આપો છો? એક કંપની તરીકે તમે શેમાં માનો છો? આવા પ્રશ્નોના જવાબોને ગોતતા જશો તો તમારી બ્રાન્ડ માટે વેલ્યૂ તૈયાર થઈ જશે. બ્રાન્ડ વેલ્યૂઝ માટે જ્યારે વિચારીયે ત્યારે આ મુદ્દાઓ ધ્યાનમાં રાખતા કામ ઘણું આસાન થાય છે :

સૌથી પહેલા, બ્રાન્ડ વેલ્યૂઝ યાદ રહી જાય તેવા હોવા જોઈયે.

નાના શબ્દોમાં તેને બનાવો. જેમકે, ટ્રસ્ટ, પેશન, હૅપીનેસ, વગેરે. તમારી ટીમ તેને યાદ રાખી શકે તે મહત્ત્વનું છે જેથી તેઓ કંઝ્યુમર સુધી મેસેજ આસાનીથી લઈ જશે.

બીજુ, વેલ્યૂઝ અર્થસભર હોવી જોઈયે. ફક્ત રૂક્ષ શબ્દો કે સારા લાગતા શબ્દો કામ નહીં લાગે.

ત્રીજુ, વેલ્યૂઝ તમને કર્મ કરવા પ્રેરે, દોડતા કરે તેવી હોવી જોઈયે.

ચોથી, બ્રાન્ડ વેલ્યૂઝ યૂનિક હોવી જોઈયે. તે વેલ્યૂઝને લોકો તમારી સાથે સાંકળી લે તેવી હોવી જોઈયે. વેલ્યૂ એવી ક્રિયેટ કરો જે તમારા સિવાય બીજુ કોઈ તેનો દાવો ન કરી શકે. આનાથી તમારી બ્રાન્ડને અલગતા પ્રદાન થશે.

સૌથી મહત્ત્વનું તમારી વેલ્યૂઝ શાશ્વત હોવી જોઈયે, તમારી બ્રાન્ડ ગમે તેટલી મોટી થાય, ગમે તેટલા પ્રોબ્લેમ આવે પણ તમારી વેલ્યૂઝ વર્ષોના વર્ષો સુધી તેજ રહેવી જોઈયે. લાંબા ગાળા સુધી ટકેલા મૂલ્યો પોતાના મૂળને મજબૂત કરે છે.

ફક્ત બ્રાન્ડની કિંમત વધારવાથી કશું નહીં થાય, કદાચ તાત્પૂરતો ફાયદો થશે, પણ જો બ્રાન્ડ વેલ્યૂ વધશે તો કંઝ્યુમર બ્રાન્ડને વારંવાર ખરીદશે, અને આ પ્રોસેસ બ્રાન્ડની વેલ્યૂ અર્થાત્ કિંમત વધારશે. તેનાથી આગળ જેમ આપણે કહીયે છીયે કે અમુક વ્યક્તિ મૂલ્યવાન છે તેજ રીતે બ્રાન્ડની વેલ્યૂએશન પણ વધશે અને બ્રાન્ડ પણ મૂલ્યવાન થશે માટે નવા નાણાકીય વર્ષમાં મૂલ્ય આધારિત અર્થાત્ વેલ્યૂ બેઝડ જીવન અને બ્રાન્ડ બનાવવાનો નિશ્ર્ચય કરવો જોઈએ ...

**આધુનિક સમયમાં પાતળી દેખાવવા માટે સ્પર્ધા કરાય છે પણ...**

# ક્રેશ ડાઇટિંગથી આરોગ્યને નુકસાન

### આ સર્વે એક વર્ષની અંદર ૧૫થી ૬૫ વર્ષની વયના લોકોને આવરી લઇને કરવામાં આવ્યા બાદ તેના તારણ ખુબ રસપ્રદ રહ્યા છે.

મહિલાનુ ફોક્સ ફિટનેસને લઈને કઇ રીતે છે તે બાબત હાલમાં કરવામાં આવેલા એક સર્વેથી સપાટી પર આવી છે. આ સર્વે ફિટનેસ બ્રાન્ડ માટે લોકપ્રિય કેલિફોર્નિયાની કંપની જીઓક્યુઆઈઆઈ દ્વારા ભારતમાં ફિટનેસ ગોલ અને એક્ટીવિટીજને લઈને કરવામાં આવ્યા બાદ કેટલીક નવી વિગત સપાટી પર આવી છે. સર્વે બાદ જાણવા મળ્યુ કે ફિટનેસના લક્ષ્યોમાં જ્યાં પુરૂષોનુ ધ્યાન મસલ ગેઈન કરવા એટલે કે બાઈસેપ્સ બનાવવામાં અને મહિલાઓનુ ધ્યાન વેટ મેનેજમેન્ટ પર કેન્દ્રિત રહે છે. આ સર્વે એક વર્ષની અંદર ૧૫થી ૬૫ વર્ષની વયના લોકોને આવરી લઈને કરવામાં આવ્યા બાદ તેના તારણ ખુબ રસપ્રદ રહ્યા છે. કોઈને પણ અને ખાસ કરીને યુવતિને જોઇને અમે સરળતાથી કહી દઈએ છીએ કે હવે શરીર વધી રહ્યુ છે અને ખાવા પર ધ્યાન રાખવાની જરૂર છે. ભઈ જુઓ પોતાના શરીર પર ધ્યાન આપો નહીતર યોગ્ય યુવક મળશે નહી. અમે તો પોતાની વાત કહીને નિકળી જઈએ છીએ એવુ પણ વિચારતા નથી કે અમે અજાણતા જ આ યુવતિને કેટલુ ટેન્શન આપીદીધુ છે. આ યુવતિને આ પ્રકારની અમારી સલાહ ટેન્શન ખુબ આપે છે. વિચારવા જેવી બાબત છે કે અમે જાડી યુવતિઓ માટે તેમનુ વજન એક અડચણ બનાવી ચુક્યા છીએ. યુવાનો માટે આવી કોઈ અડચણ નથી. જો યુવતિ સહેજ પણ જાડી થાય છે તો તમામ લોકો તેના વજનની ચિંતા કરવા લાગી જાય છે. પરંતુ સમજી લેવાની બાબત એ છે કે દરેક શરીરની એક અલગ જરૂરીયાત હોય છે. હાલના દિવસોમાં ઈન્ટરનેટ પર એક વધુ નવા ટ્રેન્ડની શરૂઆત થઈ રહી છે અને આ છે ઓનલાઈન ડાઈટ પ્લાન્સની અને અલગ અલગ પ્રકારના ડિટોક્સીફિકેશન અને વેટ કટર ડ્રિન્ક્સ. આવુ નથી કે આ પ્રકારના ડાઈટ પ્લાન બિલકુલ અયોગ્ય છે. અથવા તો તેમાં કેટલાક પ્રકારની ખામી છે પરંતુ સમજી લેવાની બાબત એ છે કે સામાન્ય લોકોને લઈને બનાવવામાં આવ્યા છે. આવી સ્થિતીમાં કોઈ એક માટે શુ યોગ્ય છે અને શુ નહી તે બાબત કઈ રીતે નક્કી કરી શકાય છે. દરેક શરીરના એક અલગ બાયો કેમિકલ એનાલેસિસ અલગ હોય છે. જેમ કે કોઈનામાં એસિડ વધારે બને છે.




આવી સ્થિતીમાં જો તે લિંબુ પાણીને ડાઈટમાં સામેલ કરી લે તો સમજી શકાય છે કે તેના શરીરમાં શુ થશે. દરેક ચીજ દરેક વ્યક્તિને સુટ કરતી નથી. લગ્નની સિઝન એટલે કે મૌજ મસ્તી અને ખુશીની લહેર. આ તમામની વચ્ચે કદાચ નવવધુનુ સપનુ એ હોય છે કે તે પોતાના આ ખાસ દિવસે દુનિયાની સૌથી ખુબસુરત વધુ તરીકે દેખાય. આ પ્રયાસમાં રંગ રૂપ નિખારવા માટે કવાયત છેલ્લા કેટલાક મહિનાથી શરૂ કરી દેવામાં આવે છે. ફેસપેક લગાવવાની શરૂઆત કરી દેવામાં આવે છે. આવી સ્થિતીમાં ખુબસુરત દેખાવવા માટે બ્યુટી સલુનની પણ ઓછી ચાંદી થતી નથી. પરંતુ આને સામાજિક દબાણ કહો કે પછી પોતાને વધુ સારી રીતે રજૂ કરવાની કવાયત હોય. તાજેતરના સમયમાં સ્લિમિંગ સેન્ટર્સમાં યુવતિઓની સંખ્યામા ઝડપથી વધારો થઈ રહ્યો છે. વેડિંગ સિઝનમાં એવી યુવતિઓ જેમના લગ્ન થઈ રહ્યા છે અથવા તો બે ત્રણ મહિનામાં થનાર છે તેમની સંખ્યા ૩૦થી ૫૦ ટકા સુધી વધી જાય છે. ફિટનેસની દ્રષ્ટિએ આ વાત કેટલી સારી છે તે બાબત તો પછીની છે. આ પ્રકારની ક્રેશ ડાઈટિંગના કારણે કેટલીક વખત આરોગ્ય સાથે સંબંધિત સમસ્યા પણ આવી જાય છે. જેના કારમે શરીરમાં કેટલીક તકલીફ ઉભરી આવે છે. જેમાં હિમોગ્લોબિન ઘટવાની બાબત, વાળ ખરી પડવાની બાબત અને એનિમિયાની તકલીફનો સમાવેશ થાય છે. માત્ર એક દિવસ માટે વજન ઘટાડી દેવા માટેનુ લક્ષ્ય કઈ રીતે હોઈ શકે છે. ફિટનેસ તો જીવનભર ચાલનાર સાથી તરીકે છે. ખાસ બાબત એ પણ છે કે માત્ર યુવતિઓ જ આ પ્રકારના ટાર્ગેટ પોતાના પર લે છે. યુવકોને સમાજે કદાચ આ પ્રકારના પ્રેશર રાખવાથી મુક્તિ આપીછે. પાતળી થવા માટે યુવતિઓ એવા એવા પ્રકારના પ્રયોગ કરે છે કે કેટલીક વખત તો આરોગ્યની તકલીફ ઉભી થઈ જાય છે. પાતળી દેખાવવા માટેની હોડ કેટલીક વખત યુવતિઓને એવા પ્લાન બનાવવા તરફ દોરી જાય છે જેના કારણે મોટી સમસ્યાને આમંત્રણ મળી જાય છે.

# અમારી સીધી સ્પર્ધા કપિલ શર્મા- સુનીલ ગ્રોવર સાથે છે : પરેશ રાવલ



'ભૂત બંગલા' સહિતની કોમેડી ફિલ્મ વિશે પરેશ રાવલે પોતાના વિચારો રજૂ કર્યા.

તાજેતરમાં યોજાયેલા 'ભૂત બંગલા' ફિલ્મનાં ટ્રેલર લોન્ચ દરમિયાન પરેશ રાવલે હિન્દી સિનેમામાં કોમેડી જોનર વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

પરેશ રાવલને પૂછવામાં આવ્યું કે હિન્દી સિનેમામાં કોમેડી કેવી રીતે બદલાઈ છે, તેમનો અનુભવ કેવો રહ્યો છે અને તેઓ આગળ કયા ફેરફારો જોવા માંગે છે. તેના જવાબમાં પરેશ રાવલે કહ્યું, "અમને સારી સ્ક્રિપ્ટ્સ જોઈએ, તો જ આપણે તેનો આનંદ લઈ શકીશું. કારણ કે અમારી સીધી સ્પર્ધા કપિલ શર્મા અને સુનીલ ગ્રોવર સાથે છે. તેથી અમારે વધુ મહેનત કરવી પડશે!" તેમના નિવેદનથી ડિજિટલ અને ટેલિવિઝન કોમેડી પ્લેટફોર્મ્સમાંથી વધતી સ્પર્ધા અને ફિલ્મોમાં મજબૂત લેખનની જરૂરિયાત પર ભાર મૂકાયો છે.ટ્રેલર એક પરંપરાગત ભૂતિયા મહેલના માહોલથી શરૂ થાય છે — ધીમા કોરિડોર્સ, કિચૂડ કિચૂડ બોલતા દરવાજા અને એક અજીબ ભયનો અહેસાસ. જેમ જેમ ટ્રેલર આગળ વધે છે, હોરર અને હળવી કોમેડી સરસ રીતે બહાર આવતી જાય છે. અક્ષય કુમાર પોતાના જાણીતા કોમિક અંદાજમાં પાછો ફરે છે, જ્યારે પરેશ રાવલ, રાજપાલ યાદવ, વામિકા ગબ્બી અને તબુ વાર્તામાં જીવંત ઉર્જા ઉમેરે છે.

મુખ્ય કલાકારો ઉપરાંત, 'ભૂત બંગલા'માં જિશુ સેનગુપ્તા, મનોજ જોષી, મિથિલા પાલકર, અસરાની અને રાજેશ શર્મા સહાયક ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મનું નિર્માણ અક્ષય કુમાર, શોભા કપૂર અને એકતા આર કપૂરે કર્યું છે, જ્યારે વિમલ દોશી, ફારા શેખ અને વેદાંત વિકાસ બાલી સહ-નિર્માતા છે.

ટીઝર સાથે નિર્માતાઓએ 'રામજી આકે ભલા કરશે' અને 'તું હી દિસદા' જેવા ગીતો પણ રિલીઝ કર્યા છે, જે ફિલ્મને વધુ આકર્ષક બનાવે છે. આ હોરર-કોમેડી ફિલ્મના પેઈડ પ્રિવ્યુઝ ૧૬ એપ્રિલ ૨૦૨૬થી સિનેમાઘરોમાં શરૂ થશે.

# "મારા પગ ધ્રુજતા હતા!" : મેરિલ સ્ટ્રીપ અને એન હેથવેને મળતા કરણ જોહરનો અનુભવ



ફિલ્મમેકર કરણ જોહરે તાજેતરમાં ટોક્યોમાંથી એક ખાસ ક્ષણ અંગેની સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરી, જ્યાં તેણે 'ધ ડેવિલ વીયર્સ પ્રાડા ૨'ના આંતરરાષ્ટ્રીય પ્રોમોશનલ ટૂર દરમિયાન ગ્લોબલ સ્ટાર્સ મેરિલ સ્ટ્રીપ અને એન હેથવે સાથે મુલાકાત કરી હતી. જોહરે આ મુલાકાતને ખૂબ જ વ્યક્તિગત અને યાદગાર ગણાવી હતી.

કરણ જોહરે આ અંગે સોશિયલ મીડિયા પર શેર કરી અને દિલથી લખેલી પોસ્ટમાં જણાવ્યું કે મેરિલ સ્ટ્રીપ તેના માટે એક મોટી પ્રેરણા રહી છે. તેણે લખ્યું કે અભિનય અને પાત્ર રજૂઆતને સમજવામાં સ્ટ્રીપનો તેના પર મોટો પ્રભાવ રહ્યો છે. તેણે ઉમેર્યું કે તેણે વર્ષોથી 'ધ ડેવિલ વીયર્સ પ્રાડા' ફિલ્મ અનેક વખત જોઈ છે અને વ્યક્તિગત તેમજ વ્યાવસાયિક ચર્ચાઓમાં તેનો વારંવાર ઉલ્લેખ કર્યો છે.

તેણે એ પણ ખુલાસો કર્યો કે સ્ટ્રીપને રૂબરૂ મળવાથી તે ભાવુક બની ગયો હતો. તેણે કહ્યું કે તે શાંત રહેવાનો પ્રયત્ન કરતો હતો, પરંતુ આ અનુભવથી તે ખૂબ જ ભાવવિભોર થઈ ગયો. કરણ જોહરે સ્ટ્રીપ અને હેથવે બંનેને ખૂબ જ ઉષ્માભર્યા અને મિત્રતાપૂર્ણ ગણાવ્યા અને કહ્યું કે ઈવેન્ટ દરમિયાન તેમની સાથે તેની લાંબી વાતચીત પણ થઈ હતી.

'ધ ડેવિલ વીયર્સ પ્રાડા ૨'માં ૨૦૦૬ની મૂળ ફિલ્મની ક્રિએટિવ ટીમ ફરી સાથે આવી છે, જેમાં ડિરેક્ટર ડેવિડ ફ્રેન્કલ અને લેખિકા એલાઈન બ્રોશ મેકેન્ના સામેલ છે. આ સિક્વલમાં મુખ્ય કલાકારો ફરી જોડાયા છે.

૨૦થ સેન્ચુરી સ્ટુડિયોઝના બેનર હેઠળ બનેલી 'ધ ડેવિલ વીયર્સ પ્રાડા ૨' ૧ મે, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.



## આ વર્ષે મેટ ગાલા 'ફેશન ઇઝ આર્ટ' થીમ સાથે ૪ મેએ યોજાશે

# આ થીમ સાથે દુનિયાભરના ડિઝાઇનર્સને મોડેલના બોડીને એક કેન્વાસ તરીકે કલ્પવાની આઝાદી મળશે

મેટ ગાલા ઈવેન્ટ ૨૦૨૬ તેની ખાસ ઓળખ—સેલિબ્રિટી, કૂટ્યોર અને ક્રિએટિવિટીના સંયોજન સાથે ફરી પાછી આવી રહી છે. ન્યૂ યોર્કમાં આવેલાં આઈકોનિક મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઑફ આર્ટમાં યોજાતી આ ઈવેન્ટ વિશ્વભરનાં ફેશન અને મનોરંજન પ્રેમીઓનું ધ્યાન આકર્ષે છે, જ્યાં સ્ટાર્સ મ્યુઝિયમની પ્રસિદ્ધ સીડીઓ પર હાઈ-ફેશન લૂક્સમાં જોવા મળે છે.

આ વર્ષની મેટ ગાલા ઈવેન્ટ ૪ મે ૨૦૨૬ના રોજ યોજાશે, જે હંમેશાની જેમ મે મહિનાના પ્રથમ સોમવારે રાખવામાં આવે છે. દર વર્ષે, મ્યુઝિયમ આખો દિવસ બંધ રાખવામાં આવે છે, જેથી ડિઝાઈનર્સ અને આર્ટિસ્ટ્સ થીમ અનુસાર જગ્યા સજાવી શકે અને આઈકોનિક સીડીઓ પર ભવ્ય સેટઅપ તૈયાર કરી શકે. ૨૦૨૬નું ઈવેન્ટ મ્યુઝિયમનાં "કોસ્ચ્યુમ આર્ટ" એક્ઝિબીશનને સમર્થન આપશે, જે એન્ડ્રુ બોલ્ટન દ્વારા ક્યુરેટ કરવામાં આવ્યું છે. આ થીમ ફેશનને માનવ શરીર સાથે જોડાયેલી એક કલાત્મક અભિવ્યક્તિ તરીકે રજૂ કરે છે.

મ્યુઝિયમના સત્તાવાર નિવેદન મુજબઃ "આ વસંતમાં ધ મેટ ખાતે ફેશનને એક કલા સ્વરૂપ તરીકે ઉજવો." જેમાં કપડાં અને શરીર વચ્ચેના સંબંધને કલાત્મક રીતે રજૂ કરવામાં આવશે. આ પ્રદર્શન નવી બનેલી કોન્ડે એમ. નાસ્ટ ગેલેરીઝમાં યોજાશે, જે આશરે ૧૨,૦૦૦ સ્ક્વેર ફૂટ વિસ્તારમાં ફેલાયેલી છે. આ વર્ષની થીમ અને ડ્રેસ કોડ 'ફેશન ઈઝ આર્ટ' છે.

વોગના અહેવાલ મુજબ, આ ડ્રેસ કોડ મહેમાનોને પ્રોત્સાહિત કરે છે કે ડિઝાઈનર્સ શરીરને કેનવાસ તરીકે કેવી રીતે ઉપયોગ કરે છે તે અંગે વિવિધ રીતે વિચારે. ૨૦૨૨નાં ડ્રેસકોડ 'ગિલ્ડેડ ગ્લેમર વ્હાઈટ ટાઈ' જેવાં કડક ડ્રેસ કોડની સરખામણીએ, આ વર્ષે વધુ સ્વતંત્રતા આપવામાં આવી છે. બારોક, સ્યુરિયલિઝમ અને ઈમ્પ્રેશનિઝમ જેવા કલાત્મક પ્રવાહોમાંથી પ્રેરણા લઈને ડિઝાઈનર્સ પ્રયોગાત્મક લૂક્સ રજૂ કરશે. ૨૦૨૬ મેટ ગાલાનું નેતૃત્વ બિયોન્સે નિકોલ કિડમેનવીનસ વિલિયમ્સ એના વિન્ટૂર, સેન્ટ લોરાંના, એન્થની વેકારેલો અને ઝોઈ ક્રાવિટ્ઝ સહીતનાં લોકો હાજરી આપશે. તેમની સાથે સબ્રીના કાર્પેન્ટર, ડોજા કેટ, ગ્વેન્ડોલિન ક્રિસ્ટી, લેના ડનહેમ, તેયાના ટેલર અને એ'જા વિલ્સન જેવા જાણીતાં નામો પણ જોડાશે.મેટ ગાલા દુનિયાના સૌથી એક્સક્લુઝિવ ઈવેન્ટ્સમાંની એક છે, જેમાં દર વર્ષે આશરે ૪૫૦ મહેમાનોને આમંત્રિત કરવામાં આવે છે. ટિકિટની કિંમત આશરે ૭૫,૦૦૦ ડૉલરથી શરૂ થાય છે અને બ્રાન્ડ્સ ટેબલ સ્પોન્સર કરીને સેલિબ્રિટી મહેમાનોને તૈયાર કરે છે.રીહાના, કિમ કાર્દશિયન, ગિગી હદિદ અને સારા જેસિકા પાર્કર જેવાં નિયમિત હાજર રહેનારા સ્ટાર્સ હંમેશા ચર્ચામાં રહે છે. અત્યાર સુધી જેફ બેઝોસ અને લોરેન સાન્ચેઝ તેમની હાજરી નક્કી કરી ચૂક્યાં છે. ફેન્સ લેડી ગાગા, કાર્ડી બી અને ઝેન્ડાયા જેવા સ્ટાર્સને પણ રેડ કાર્પેટ પર જોવા ઉત્સુક છે. જોકે, સત્તાવાર ગેસ્ટ લિસ્ટ સામાન્ય રીતે ઈવેન્ટ સુધી ગુપ્ત જ રાખવામાં આવે છે.૧૯૪૮ની શરૂઆતથી મેટ ગાલા બે મુખ્ય હેતુઓ માટે ઓળખાય છે, પહેલુંતો ફંડરેઈઝિંગ - કોસ્ટ્યુમ ઈન્સ્ટિટ્યૂટના પ્રદર્શનોને સમર્થન આપવું અને બીજું, સાંસ્કૃતિક પ્રભાવ - ફેશન, કલા અને સેલિબ્રિટીને વૈશ્વિક મંચ પૂરો પાડવો.

દરેક મહેમાનને થીમ અને ડ્રેસ કોડ બંનેનું પાલન કરીને લૂક તૈયાર કરવો પડે છે, જે ઘણી વાર યાદગાર ફેશની પળો સર્જે છે.



# અનન્યા પાંડે અને લક્ષ્યની 'ચાંદ મેરા દિલ' ફર્સ્ટ લૂક લૉંચ

ચાંદ મેરા દિલએક મ્યુઝિકલ લવ સ્ટોરી હોવાનું કહેવાય છે, જેમાં કેટલીક ચાર્ટબસ્ટર ગીતો હશે. આ ફિલ્મમાં અનન્યા પાંડે અને લક્ષ્ય લીડ રોલમાં છે. વિવેક સોની દ્વારા નિર્દેશિત આ રોમેન્ટિક ડ્રામા કરણ જોહરનાં ધર્મા પ્રોડક્શન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે.અનન્યા પાંડે અને લક્ષ્ય એક આધુનિક પ્રેમકથા રજૂ કરતી આ રોમેન્ટિક ડ્રામામાં પહેલી વખત સાથે જોવા મળશે.ચાંદ મેરા દિલનામની આ ફિલ્મ ૨૨ મે, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. રિલીઝ ડેટની જાહેરાત સાથે, નિર્માતાઓએ બંને કલાકારોનો ફર્સ્ટ લુક પણ રજૂ કર્યો હતો, જેમાં તે બંને પ્રેમમાં ડૂબેલા કપલ તરીકે દેખાય છે.ફિલ્મને રિલીઝ માટે થોડો સમય રાહ જોવી પડી હતી, પરંતુ હવે આ રોમેન્ટિક ડ્રામા આખરે ૨૨ મે, ૨૦૨૬ના રોજ થિએટર્સમાં આવશે. સોમવારેપ્રોડ્યુસર કરણ જોહરે રિલીઝ ડેટ સાથે કલાકારોનો ફર્સ્ટ લુક જાહેર કર્યો. આ અંગેની સોશિયલ મીડિયા પોસ્ટની કેપ્શનમાં તેણે લખ્યું હતું, "એક એવી પ્રેમકથા જ્યાંપજીવનપ્રેમકરતાંઝડપથીઆગળવધેછે.ચાંદ મેરા દિલ ૨૨ મે, ૨૦૨૬એ સિનેમાઘરોમાં."ઈમેજીસના કેરોસેલમાં મુખ્ય પાત્રો (અનન્યા પાંડે અને લક્ષ્ય)ના જીવનના અલગ-અલગ તબક્કાઓ બતાવવામાં આવ્યા છે. શરૂઆતમાં તેઓ એકબીજાનાં પ્રેમમાં પડે છે, જે સરળ લાગે છે. પરંતુ સાથે આગળ જતાં જીવન એટલું સરળ નથી રહેતું. જ્યારે તે બંને પોતાનાં સંબંધને સમજવાનો પ્રયત્ન કરે છે, ત્યારે જીવન તેમની કહાનીનો માર્ગ બદલી નાખે છે. નવા પોસ્ટરમાં લખ્યું છે, "જ્યારે પ્રેમ જીવન કરતાં ઝડપથી વધે છેપદરેક પ્રથમ પ્રેમને બીજી તક મળતી નથીપ"નવેમ્બર ૨૦૨૪માં, કરણ જોહરે ફિલ્મના ઘણા પોસ્ટર્સ શેર કર્યા હતાં અને જાહેરાત કરી હતી કે તેની૨૦૨૫માં થિયેટ્રિકલ રિલીઝ થશે. ફિલ્મ સાથે જોડાયેલાં એક સુત્રના જણાવ્યા અનુસાર, આ એક મ્યુઝિકલ લવ સ્ટોરી હોવાથી, કરણ જોહર તેના મ્યુઝિક આલ્બમની પર ખાસ ધ્યાન આપી રહ્યા છે. કદાચ આ જ કારણ છે કે નિર્માતાઓએ રિલીઝ ડેટ નક્કી કરવા માટે થોડો વધુ સમય લીધો.ચાંદ મેરા દિલલક્ષ્યની૨૦૨૩ની એક્શન ફિલ્મકિલપછી મોટા પડદા પર વાપસી દર્શાવે છે. તે છેલ્લે આર્યન ખાનની ડિરેક્ટોરીયલ ડેબ્યુ વેબ સિરીઝધ બૅડ્સ ઓફ બોલિવૂડમાં જોવા મળ્યો હતો. અનન્યા પાંડે વિશે વાત કરીએ તો, તેણે ૨૦૨૫ની શરૂઆતકેસરી ચેપ્ટર ૨થી કરી, ત્યારબાદ તે કાર્તિક આર્યન સાથેતું મેરી મેં તેરા મેં તેરા તું મેરીમાં જોવા મળી હતી.




# A22xA6 Is Now RAAKA : ફિલ્મથી અલ્લુ અર્જુનનો ફર્સ્ટ લુક રિલીઝ, બર્થ ડે પર ફેન્સને આપી સરપ્રાઈઝ

અલ્લુ અર્જુનના ૪૪મા જન્મદિવસના અવસર પર, AA22xA6ના નિર્માતાઓએ ફિલ્મના શીર્ષકની પુષ્ટિ કરી ફિલ્મ RAAKAનું પહેલું પોસ્ટર આખરે આવી ગયું છે! સાઉથ સ્ટાર અલ્લુ અર્જુનના ૪૪મા જન્મદિવસના અવસર પર, AA22xA6ના નિર્માતાઓએ ફિલ્મના શીર્ષકની પુષ્ટિ જ નહીં પણ અભિનેતાનો ફર્સ્ટ લૂક પણ રિલીઝ કર્યો છે.સ્ન્એટલીની ફિલ્મમાં દીપિકા પાદુકોણ સાથે અલ્લુ અર્જુન મુખ્ય ભૂમિકામાં છે. આ પ્રોજેક્ટનું મૂળ નામ AA22xA6 હતું, પરંતુ હવે તેનું નવું નામ 'રાકા' છે.સન પિક્ચર્સના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પેજ પર પોસ્ટર શેર કરતા, નિર્માતાઓએ લખ્યું, "છછર ૨ટછ૬ હવે ઈછછદ્ધછ છે. આ પોસ્ટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે.


# અલ્લુ, અટલી અને દીપિકાની ફિલ્મનાં નામ અંગે ફેન્સમાં ભારે ઉત્સુકતા છવાઈ

## ફિલ્મનું પોસ્ટર લૉંચ થતાં ફેન્સ પ્રાણીઓથી લઈને એલિયન્સ સુધી ફિલ્મનાં નામનો અંદાજ લગાવી રહ્યા છે

અટલી દ્વારા દિગ્દર્શિત અને અલ્લુ અર્જુન અને દીપિકા પાદુકોણ જેમાં લીડ રોલમાં છે એવી ફિલ્મનું નામ ટૂંક સમયમાં જાહેર થવાનું છે. મંગળવારે પ્રોડક્શન હાઉસ સન પિક્ચર્સે ફિલ્મનું પહેલું પોસ્ટર રિલીઝ કર્યું હતું અને નામ જાહેર કરવાની તારીખની જાહેરાત કરી હતી. પરંતુ ફૅન્સ તો ખાસ કરીને ફિલ્મ કયા જોનર હેઠળ આવશે તે અંગે વિચારવામાં ચર્ચાએ ચડી ગયાં છે.

સન પિક્ચર્સે જાહેરાત કરી કે હાલમાં 'છછ ૨ ૨ ટ છ ૬' નામથી ઓળખાતી ફિલ્મનું નામ અર્જુનના જન્મદિવસે, એટલે કે ૮ એપ્રિલે જાહેર કરવામાં આવશે. જેમાં લખ્યું હતું, "ધમાકા માટે તૈયાર થઈ જાઓ. નામનું પોસ્ટર આવતી કાલે સવારે ૧૧ વાગ્યે." ફિલ્મના પહેલા પોસ્ટરમાં એક અજાણ્યા રૂંવાટીવાળાં પ્રાણીના હાથ સાથે તેનાં લાંબા નખવાળી આંગળીઓ દેખાય છે. તેનું બૅકગ્રાઉન્ડ સ્પષ્ટ નથી, પરંતુ એક ગુંબજ જેવી રચના નજરે પડે છે. અલ્લુ અર્જુને પણ પોસ્ટર શેર કરીને લખ્યું, "નામનું પોસ્ટર કાલે સારે ૧૧ વાગ્યે જાહેર થશે."

પોસ્ટર ઘણું અલગ લાગી છે, તેથી ફૅન્સે ફિલ્મના જોનર અંગે વિવિધ અટકળો લગાવવાની શરૂઆત કરી. એક ફૅને મજાકમાં લખ્યું, "ભાઈ, શું તમારી ફિલ્મમાં ગોડઝિલા છે?" તો બીજા એકે પૂછ્યું, "શું આ ભાઈનો હાથ છે?" કેટલાકે આશ્ચર્ય વ્યક્ત કરતાં લખ્યું, "હું કંઈક બીજી અપેક્ષા રાખતો હતો, શું આ ક્રિચર ફિલ્મ છે?" ઘણા લોકોએ તો પોસ્ટરમાં દેખાતા પ્રાણી વિશે અનુમાન લગાવવા ગ્રોકને






પણ પૂછ્યું. કેટલાકે તો એવું પણ કહ્યું કે આ વાળદાર પ્રાણી ફિલ્મનો વિલન હોઈ શકે છે અથવા તે વેરવુલ્ફનો હાથ હોઈ શકે છે.

ગયા વર્ષે ઑક્ટોબરમાં, જ્યારે અટલીએ રણવીર સિંહ માટે 'ચિંગ'ની જાહેરાત ડિરેક્ટ કરી હતી, જે સૌથી મોંઘી એડ હતી. ત્યારે રણવીરે ફિલ્મ વિશે મીડિયા સાથે વાત કરી હતી. તેણે કહ્યું હતું, "તેની સાથે સમય પસાર કરવો અને કામ કરવું હંમેશા સારું લાગે છે. હું તેની હાલની ફિલ્મના સેટ પર ગયો હતો કારણ કે મારી પત્ની તેની સાથે શૂટિંગ કરી રહી હતી. તમે આ પહેલાં સાંભળ્યું હશે, પરંતુ મારી પાસેથી પણ સાંભળો — તે ભારતીય સિનેમામાં તમે ક્યારેય ન જોયું હોય એવું કંઈક બનાવી રહ્યો છે."

ફિલ્મમેકર્સે અલ્લુ અર્જુનના જન્મદિવસે ગયા વર્ષે આ ફિલ્મની જાહેરાત કર્યા પછી હજુ સુધી વધારે વિગતો જાહેર કરી નથી, પરંતુ એક વિડિયો રિલીઝ કર્યો હતો જે ફિલ્મના વિષય વિશે સંકેત આપતો હતો. આ વિડિયોમાં પ્રોડ્યુસર કલાનિધિ મારન અર્જુન અને અટલી સાથે લોસ એન્જેલસ જઈને એનિમેશન અને વીએફએક્સ ટીમને મળતા દેખાય છે. 'આયર્ન મેન ૨' અને 'ટ્રાન્સફોર્મર્સ' જેવી ફિલ્મોમાં કામ કરનારા વીએફએક્સ સુપરવાઈઝર્સે 'છછ ૨૨ ટ છ ૬'ની સ્ક્રિપ્ટને "અજોડ" ગણાવી હતી. આ ફિલ્મ ૨૦૨૭માં રિલીઝ થવાની શક્યતા છે.

# આઇપીએલની સિઝનમાં ગુજરાતનો પ્રથમ વિજય, દિલ્હી પહેલી વાર હાર્યું

## બટલર, ગિલ અને સુંદરની અડધી સદી, ગુજરાતના ૨૧૦, દિલ્હીના ૨૦૯, રાહુલના ૯૨, મિલરનો ઝંઝાવાત એળે, રાશીદની ત્રણ વિકેટ



અંતિમ ઓવર્સમાં ડેવિડ મિલર અને વિપરાજ નિગમની આક્રમક બેટિંગ અને તે અગાઉ લોકેશ રાહુલના શાનદાર ૯૨ રનની મદદથી દિલ્હી કેપિટલ્સે બુધવારે અહીં રમાયેલી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ટી૨૦ ક્રિકેટ મેચમાં ગુજરાત ટાઇટન્સ સામે જોરદાર લડત આપી હતી પરંતુ છેલ્લા બોલે કુલદીપ યાદવ રનઆઉટ થતાં ગુજરાતની ટીમનો એક રનથી અત્યંત રોમાંચક વિજય થયો હતો.

આ સાથે દિલ્હીની ટીમ સિઝનમાં પહેલી વાર હારી હતી તો બીજી તરફ શુભમન ગિલની ગુજરાત ટાઇટન્સની ટીમે પહેલી વાર વિજય હાંસલ કર્યો હતો. જોકે મેચ રોમાંચક રહી હતી જેમાં છેલ્લી બે ઓવરમાં મિલર અને નિગમે ગુજરાતના હાથમાંથી વિજય આંચકી લેવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ છેલ્લા બોલે બાજી પલટાઈ ગઈ હતી. અહીંના કોટલા ગ્રાઉન્ડ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં ગુજરાત ટાઇટન્સે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૧૦ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં છેલ્લી ઓવર સુધી લડત આપ્યા બાદ દિલ્હી કેપિટલ્સે તેની ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૨૦૯ રન કર્યા હતા. આમ બંને ટીમ વચ્ચે એક રનનો તફાવત રહી ગયો હતો. ૨૧૧ રનના ટારગેટ સામે રમતાં દિલ્હી માટે લોકેશ રાહુલે અડીખમ બેટિંગ કરીને બાવન બોલમાં ૯૨ રન ફટકાર્યા હતા જેમાં ચાર સિક્સર અને દસ ચોગ્ગાનો સમાવેશ થતો હતો. ઇનિંગ્સ દરમિયાન ઘાયલ થતાં થોડી વાર માટે બહાર ગયેલો ડેવિડ મિલરે પરત આવીને આક્રમક વલણ અપનાવ્યું હતું. તેણે છેલ્લી બે ઓવરમાં ધમાકેદાર બેટિંગ કરી હતી જેમાં મોહમ્મદ સિરાઝની ૧૯મી ઓવરમાં તેણે મેચ પોતાની ટીમ તરફ કરી દીધી હતી. મિલરે ૨૦ બોલમાં ત્રણ સિક્સર અને ત્રણ ચોગ્ગા સાથે અણનમ ૪૧ રન ફટકાર્યા હતા. અગાઉ જોઝ બટલર, કેપ્ટન શુભમન ગિલ અને વોશિંગ્ટન સુંદરની ત્રિપુટીએ દિલ્હીની બોલિંગના સામાન્ય બનાવી દેતી ઇનિંગ્સ રમીને ગુજરાતને ૨૧૦ રનના સ્કોર સુધી પહોંચવામાં મદદ કરી હતી. જોઝ બટલરના આક્રમક અંદાજ અને કેપ્ટન શુભમન ગિલની શાનદાર અડધી સદી બાદ વોશિંગ્ટન સુંદરે પણ તેની આઇપીએલ કારકિર્દીની પહેલી અડધી સદી ફટકારી હતી.બટલરે સિક્સરની રમઝટ બોલાવી હતી તો ગિલે ઇનિંગ્સના બીજા હાફમાં ગિયર બદલીને આક્રમક વલણ અપનાવીને હરીફ ટીમના બોલર્સને પરેશાન કર્યા હતા. તાજેતરના ટી૨૦ વર્લ્ડ કપમાં ફ્લોપ રહ્યા બાદ બટલરે ૨૭ બોલમાં બાવન રન ફટકાર્યા હતા અને તે બુધવારે લયમાં જોવા મળ્યો હતો. તેણે કોટલા મેદાન પર પાંચ ગગનચુંબી સિક્સર ફટકારી હતી. ખાસ કરીને મીડિયમ પેસર મુકેશ કુમારની ઓવરમાં બટલરે આક્રમકતા દાખવી હતી અને ઇનિંગ્સની પાંચમી ઓવરમાં તેણે મુકેશને નિશાન બનાવી ત્રણ સિક્સર સાથે ૨૩ રન ઝૂડી કાઢ્યા હતા.

# આજે કોલકાતા નાઇટ રાઇડર્સ સામે બંગાળના જ બોલર શમીનો પડકાર

## આઈપીએલમાં આજે લખનૌ સામેની મેચ સાથે કોલકાતા સિઝનના પ્રથમ વિજયની તલાશમાં, સાંજે ૭.૩૦થી પ્રારંભ



ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં હજી બે દિવસ અગાઉની મેચ વરસાદને કારણે ધોવાઈ ગયા બાદ કોલકાતા નાઇટ રાઇડર્સ ફરીથી એ જ ઇડન ગાર્ડન્સ ખાતે ગુરુવારે લખનૌ સુપર જાયન્ટ્સ સામે ટકરાશે ત્યારે તેને સિઝનના પ્રથમ વિજયની સાથે સાથે પોતાના બંગાળના જ ઝડપી બોલર મોહમ્મદ શમીના પડકારનો પણ સામનો કરવાનો રહેશે. આ ટી૨૦ ક્રિકેટ લીગની મેચ સાંજે ૭.૩૦ કલાકે શરૂ થશે.

નાઇટ રાઇડર્સ હાલમાં પોતાની લય ગુમાવી બેઠી છે અને નવી વ્યૂહરચનાઓ માટે ફાંફા મારી રહી છે. ગુરુવારે અહીં ઈડન ગાર્ડન્સ ખાતે તે લખનૌ સુપર જાયન્ટ્સ સામે ટકરાશે ત્યારે ટીમમાં મોટા ફેરફારો કરી શકે છે, જ્યારે બીજી તરફ ફોર્મમાં ચાલી રહેલા મોહમ્મદ શમીની આગેવાનીમાં હરીફ ટીમનો જુસ્સો બુલંદ છે. મોહમ્મદ શમી તાજેતરમાં સનરાઈઝર્સ હૈદરાબાદ સામે નવ રનમાં બે વિકેટના શાનદાર સ્પેલ સાથે મેદાનમાં ઉતરશે. તેણે અભિષેક શર્મા અને ટ્રેવિસ હેડ જેવા આક્રમક બેટર્સને સળંગ ઓવરોમાં આઉટ કર્યા હતા. આ એ જ જોડી હતી જેણે થોડા દિવસ અગાઉ કોલકાતાના બોલર્સની ધોલાઈ કરી હતી. 'લોકલ બોય' શમી સીમ મૂવમેન્ટનો નિષ્ણાત છે અને ઈડન ગાર્ડન્સની સ્થિતિ તેને ચોક્કસપણે અનુકૂળ આવશે. આમ શમી આ મેચમાં કોલકાતા માટે મોટો ખતરો બની શકે છે.સોમવારે પંજાબ કિંગ્સ સામેની મેચમાં જોવા મળ્યું હતું કે ઈડન ગાર્ડન્સની ઘાસવાળી પિચ પર સીમ બોલિંગ કેટલી અસરકારક હોઈ શકે છે. ઓસ્ટ્રેલિયન ઝડપી બોલર ઝેવિયર બાર્ટલેટે માત્ર ત્રણ બોલના અંતરમાં ફિન એલન અને કેમરૂન ગ્રીનને પેવેલિયન ભેગા કરીને કોલકાતા ના ટોપ ઓર્ડરને હચમચાવી દીધો હતો. બે ઓવરમાં બે વિકેટે ૧૬ રનના સ્કોર પર કોલકાતા મુશ્કેલીમાં હતી પરંતુ વરસાદને કારણે મેચ રદ થતા તેઓ નસીબદાર રહ્યા કે તેમને એક પોઈન્ટ મળ્યો. બંગાળના અખાતથી મન્નારની ખાડી સુધી લંબાયેલા લો-પ્રેશરને કારણે છેલ્લા ત્રણ દિવસથી કોલકાતામાં સતત વરસાદ પડી રહ્યો છે. ગુરુવારે પણ મોડી સાંજે વરસાદની આગાહી છે પરંતુ મેચ સાંજે ૭.૩૦ વાગ્યે શરૂ થવાની હોવાથી રમત પર તેની ખાસ અસર થવાની શક્યતા ઓછી છે.કોલકાતા માટે ચિંતાનો વિષય તેમનું નબળું બેટિંગ ઓર્ડર અને સ્પિનરોનું ફોર્મ છે. ટીમે અત્યાર સુધી રહાણે અને ફિન એલનની જોડી અજમાવી છે પરંતુ હવે તેઓ ફિન એલન સાથે ટિમ સિફર્ટને ઓપનિંગમાં લાવી શકે છે. બીજી તરફ લખનૌ સુપર જાયન્ટ્સના રિશભ પંતનું ત્રીજા ક્રમે શાનદાર ફોર્મ અને ૬૮ રનની અણનમ ઈનિંગ્સ તેના માટે પ્લસ પોઈન્ટ છે. મિચેલ માર્શ અને એઇડન માર્કરમ જેવા દિગ્ગજોની હાજરીમાં લખનૌની બેટિંગ લાઈન-અપ ખૂબ જ મજબૂત દેખાય છે.

# કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની તૈયારીની સમીક્ષા માટે કોમનવેલ્થ ટીમ ગુજરાતમાં

## ટાઇમ બાઉન્ડ-ક્વોલિટેટીવ અને ઈફેક્ટિવ પ્લાનિંગના મંત્રથી આયોજન પાર પાડવા ગુજરાત પ્રતિબદ્ધ છેઃ ભૂપેન્દ્ર પટેલ



ગુજરાત અને અમદાવાદમાં ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સની તડામાર પૂર્વતૈયારીઓના નિરીક્ષણ અને અભ્યાસ માટે કોમનવેલ્થ સ્પોર્ટ ટીમ પ્રથમવાર ગુજરાતની સત્તાવાર મુલાકાતે આવી છે. કોમનવેલ્થ સ્પોર્ટના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ રૂકરેની અધ્યક્ષતામાં આ ટીમના પાંચ સભ્યો ઇન્ડિયન ઓલમ્પિક્સ એસોસિએસનના પદાધિકારીઓ સાથે આટમીથી ૧૧મી એપ્રિલ દરમિયાન ગુજરાતમાં રોકાશે. રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે ગાંધીનગરમાં શુભેચ્છા મુલાકાતથી આ ડેલિગેશને ગુજરાત પ્રવાસનો પ્રારંભ કર્યો હતો. કોમનવેલ્થ સ્પોર્ટના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ રૂકરે અને સીઈઓ કાટે સેડલીરે ગુજરાતમાં તેમને મળેલા ઉષ્માપૂર્ણ આવકાર અને આતિથ્ય સત્કાર માટે પ્રશંસા કરી હતી.ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ટાઇમ બાઉન્ડ, ક્વોલિટેટીવ અને ઈફેક્ટિવ પ્લાનિંગના આપેલા મંત્રને સાકાર કરીને શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ માટે ટીમવર્કથી કાર્યરત રહીને આ ગેમ્સ ભવ્યતા પૂર્વક યોજવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.તેમણે કોમનવેલ્થ સ્પોર્ટ ટીમ અને ઇન્ડિયન ઓલમ્પિક એસોસિયેશનને ગેમ્સના સફળ સંચાલન માટે રાજ્ય સરકાર જરૂરી તમામ સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઝડપથી પૂરું પાડશે તેવી ખાતરી આપી હતી. આ પ્રસંગે કોમનવેલ સ્પોર્ટ્સ ટીમના પ્રેસિડેન્ટ અને સી.ઈ.ઓ.એ આગામી જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૬માં ગ્લાસગોમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ નિહાળવા અને ત્યાંના કાર્ય આયોજનના નિરીક્ષણ માટે પધારવાનું ભૂપેન્દ્ર પટેલને આમંત્રણ પાઠવ્યું હતું. તેમણે આ આમંત્રણનો સ્વીકાર કરતા ગુજરાતનું ડેલિગેશન ગ્લાસગો કોમનવેલ્થમાં આવશે તેવી ખાતરી આપી હતી. ગુજરાતની આ મુલાકાત દરમિયાન કોમનવેલ્થ સ્પોર્ટ ડેલીગેશન આગામી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની રમતો જ્યાં યોજાવાની છે તે સ્થળો અમદાવાદનું વીર સાવરકર કોમ્પ્લેક્સ, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, એકા એરેના તેમ જ વડોદરા ક્રિકેટ સ્ટેડિયમ અને એકતા નગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેની પૂર્વ તૈયારીઓના નિરીક્ષણ અને અભ્યાસ માટે સાઈટ વિઝીટ કરવાનું છે. આ બેઠક દરમિયાન ભૂપેન્દ્ર પટેલ સાથેની અગ્ર સચિવ અશ્વિનીકુમાર, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવકુમાર, અધિક અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના DG આઈ આર વાળા અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા.

# બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના પ્રમુખ અમીનુલની હકાલપટ્ટી, તમિમ ઈકબાલને કમાન સોંપાઈ



બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) વચ્ચે દ્વિપક્ષીય શ્રેણીના સંબંધો સુધારવાના પ્રયાસો વચ્ચે બાંગ્લાદેશ ક્રિકેટમાં વમળો સર્જાયા છે. બાંગ્લાદેશના રાષ્ટ્રીય રમત પરિષદ (NSC) દ્વારા તેના ક્રિકેટ બોર્ડના પ્રમુખ અને ભૂતપૂર્વ કેપ્ટન અમીનુલ ઈસ્લામ બુલબુલને તેના પદ પરથી હટાવી દીધા છે. બોર્ડના રોજિંદા કાર્યો ચલાવવા માટે ૧૧ સદસ્યની એડ-હોક સમિતિની રચના કરવામાં આવી છે, જેના વડા તરીકે દિગ્ગજ ઓપનર તમિમ ઈકબાલની નિમણૂક કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર અમીનુલ ઈસ્લામ બુલબુલની હકાલપટ્ટી પાછળ ટી૨૦ વર્લ્ડ કપ દરમિયાન થયેલો વિવાદ જવાબદાર છે. તત્કાલીન વચગાળાની સરકારના સલાહકાર આસિફ નઝરુલે કથિત રીતે બુલબુલને 'બંધક' બનાવી દીધા હતા અને રાષ્ટ્રીય ટીમને ભારત પ્રવાસ કરતા અટકાવી હતી.

# બિલી જીન કપ ટેનિસમાં થાઈલેન્ડ સામે ભારત હાર્યું, કિવિને હરાવ્યું

## ડબલ્સમાં રૂતુજા અને અંકિતાએ લાજ રાખી વ્હાઇટવોશ બટાવ્યો છતાં અંતે ટીમે ૧-૨થી મેચ ગુમાવી


બિલી જીન કિંગ કપ ટેનિસ ટુર્નામેન્ટના એશિયા/ઓશેનિયા ગ્રૂપ-૧માં બુધવારે ભારતની શરૂઆત નિરાશાજનક રહી હતી. વરસાદથી પ્રભાવિત પ્રારંભિક મેચમાં થાઈલેન્ડ સામે ભારતનો ૧-૨ થી પરાજય થયો હતો. જોકે, અંતિમ ડબલ્સ મુકાબલામાં રૂતુજા ભોસલે અને અંકિતા રૈનાની જોડીએ સફળતા મેળવીને ભારત માટે આશ્વાસનરૂપ વિજય નોંધાવ્યો હતો અને ટીમનો વ્હાઈટવોશ બચાવ્યો હતો.

દરમિયાન ન્યૂઝીલેન્ડ સામે બુધવારથી જ શરૂ થયેલી આ ટુર્નામેન્ટની જ મેચમાં ભારતની યુવાન અને પહેલી વાર રમી રહેલી ખેલાડી વૈષ્ણવી અદકરે શાનદાર પ્રદર્શન કરીને વળતો પ્રહાર કરતાં કિવિ ખેલાડી આઈશી દાસને ૬-૨, ૬-૪થી હરાવીને ભારતને ૧-૦ની સરસાઈ અપાવી હતી.

અગાઉ મંગળવારે થાઈલેન્ડ સામેની મેચમાં ભારતનો પરાજય થયો હતો અને નિરાશ રહેલી ટીમને વૈષ્ણવીએ રાહત અપાવી હતી.

થાઈલેન્ડ સામેનામુકાબલામાં બુધવારે મેચ ફરી શરૂ થઈ ત્યારે વિશ્વની ૩૮૪મા ક્રમની ખેલાડી સહજા યમલાપલ્લી પર મોટી જવાબદારી હતી. મંગળવારે વરસાદને કારણે મેચ અટકી ત્યારે સહજા સંઘર્ષ કરી રહી હતી. બુધવારે રમત આગળ વધતા ૨૫ વર્ષીય સહજાએ જોરદાર લડત આપી હતી પરંતુ તે હાલમાં ૪૪૯મો ક્રમાંક ધરાવતી થાઈલેન્ડની પેચરિન સામે ૪-૬, ૬-૧, ૪-૬ થી હારી ગઈ હતી. આ રસાકસીભરી મેચ બે કલાક અને ૨૫ મિનિટ સુધી ચાલી હતી.

નિર્ણાયક સેટમાં સહજાએ બેઝલાઈન પરથી શાનદાર શોટ્સ રમ્યા હતા અને એક સમયે બ્રેક પોઈન્ટ પણ મેળવ્યો હતો પરંતુ અંતિમ ક્ષણોમાં ફોરહેન્ડ અને બેકહેન્ડમાં ભૂલો થતા તે મેચ ગુમાવી બેઠી હતી. જોકે સિંગલ્સમાં હાર સાથે ભારત મેચ ગુમાવી ચૂક્યું હતું પરંતુ ડબલ્સમાં રૂતુજા ભોસલે અને અંકિતા રૈનાએ શાનદાર રમત દર્શાવી હતી. તેમણે થાઈ જોડી થાસાપોર્ન નાકલો અને પીગટાર્ન પ્લીપુચને માત્ર એક કલાક અને ૧૧ મિનિટમાં ૬-૩, ૬-૪ થી પરાસ્ત કરી હતી. પ્રથમ સેટમાં ભારતીય જોડીએ ૫-૦ની સરસાઈ મેળવી લીધી હતી અને અંકિતાના ઓવરહેડ સ્મેશ સાથે સેટ જીતી લીધો હતો. બીજા સેટમાં પણ સાતમી ગેમમાં બ્રેક મેળવીને ભારતે જીત સુનિશ્ચિત કરી દીધી હતી.



મેચ બાદ ભારતના નોન-પ્લેઈંગ કેપ્ટન વિશાલ ઉપ્પલે જણાવ્યું હતું કે, "અમે જાણતા હતા કે થાઈલેન્ડ એક મજબૂત ટીમ છે.

# ફૂટબોલમાં ઇક્વિટી, બાસ્કેટબોલમાં રેવન્યુ શેરિંગથી કમાણી

રમતગમતની દુનિયાનું એક સીધું સત્ય છે કે જે ખેલાડી જેટલો પ્રખ્યાત છે, તેની કિંમત તેટલી જ વધારે છે. વર્તમાન સમયમાં સુપરસ્ટાર એથ્લેટ્સ માત્ર પોતાની ટીમો માટે રમતા પ્યાદા નથી રહ્યા. તે પોતે ગ્લોબલ બ્રાન્ડ છે. આ જ કારણ છે કે લિયોનેલ મેસી કે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો જેવા દિગ્ગજો કારકિર્દીના ઢાળ પર હોવા છતાં દુનિયામાં સૌથી વધુ કમાણી કરનારા એથ્લેટ છે.આ ખેલાડીઓને પૈસા આપવાનું બિઝનેસ મોડેલ ઘણું અલગ છે. ક્યાંક 'ડિફર્ડ મની'થી ટેક્સ બચાવવામાં આવી રહ્યો છે, તો ક્યાંક 'લિવરેજ'નો ઉપયોગ કરીને ખેલાડીઓ મનપસંદ કિંમત વસૂલી રહ્યા છે.૩૮ વર્ષના લિયોનેલ મેસી જ્યારે યુરોપ છોડીને અમેરિકન લીગની ટીમ ઇન્ટર મિયામી સાથે જોડાયા, ત્યારે તેને માત્ર ૮૦૦ કરોડ રૂપિયાની વાર્ષિક સેલરી જ નહીં મળી, પરંતુ ક્લબમાં 'ઇક્વિટી' અને લીગના બ્રોડકાસ્ટ પાર્ટનરના રેવન્યુમાંથી એક નિશ્ચિત હિસ્સો પણ આપવામાં આવ્યો. જ્યારે રોનાલ્ડો સાઉદી ક્લબ અલ-નાસર ક્લબમાં વાર્ષિક ૨૦૦૦ કરોડ રૂપિયા કમાઈ રહ્યા છે. આ પૈસા સાઉદીના 'પબ્લિક ઇન્વેસ્ટમેન્ટ ફંડ'માંથી આવે છે. રોનાલ્ડોની સ્ટાર પાવરનો ઉપયોગ કરીને સાઉદી અરબ પોતાની છબી સુધારવા માંગે છે.મેજર લીગ બેઝબોલમાં કોઈ સેલરી કેપ નથી, પરંતુ એક નિશ્ચિત મર્યાદાથી વધુ ખર્ચ કરવા પર 'લક્ઝરી ટેક્સ' ચૂકવવો પડે છે. જાપાની સુપરસ્ટાર શોહેઈ ઓટાનીએ લોસ એન્જિલિસ ડોજર્સ સાથે ૧૦ વર્ષ માટે લગભગ ૬૪૫૦ કરોડ રૂપિયાનો કરાર કર્યો. ઓટાની દર વર્ષે લગભગ ૧૮.૫ કરોડ રૂપિયાની સેલરી લેશે. બાકીના લગભગ ૬૩૦૦ કરોડ તેમને તેમના નિવૃત્તિ પછી (૨૦૩૪ થી ૨૦૪૩ સુધી) હપ્તાઓમાં આપવામાં આવશે. આ 'ડિફર્ડ મની' મોડેલે ટીમને લક્ઝરી ટેક્સથી બચાવી લીધી.



# આર્જેન્ટિના જનારી મહિલા હોકી ટીમમાં દીપિકા, સવિતાનું પુનરાગમન

## સલીમા ટેટે કેપ્ટન તરીકે યથાવત, ૧૩મીથી શરૂ થતાં પ્રવાસમાં ભારત ચાર મેચ રમશે



એપ્રિલ મહિનામાં આર્જેન્ટિનાના પ્રવાસે જનારી ભારતીય મહિલા હોકી ટીમની બુધવારે જાહેરાત કરવામાં આવી હતી. આ ટીમમાં સ્ટાર ડ્રેગ-ફ્લિકર દીપિકા અને અનુભવી ગોલકીપર સવિતા પૂનિયાનું પુનરાગમન થયુંછે જ્યારે ટીમની કેપ્ટન તરીકે સલીમા ટેટે યથાવત રહેશે. ચાર મેચની સિરીઝના આ પ્રવાસમાં ડિફેન્ડર જ્યોતિ અને ફોરવર્ડ મુમતાઝ ખાન પણ ટીમમાં પરત ફરી છે જેનાથી ફિલ્ડના બંને છેડે એટલે કે ડિફેન્સ અને એટેકિંગ લાઇન બંનેમાં ટીમની તાકાત વધશે. ભારતીય મહિલા હોકી ટીમ ૧૩મીથી ૧૭મી એપ્રિલ દરમિયાન બ્યુનોસ એરિસમાં આર્જેન્ટિના સામે ચાર મેચની સિરીઝ રમશે. આ વર્ષના અંતમાં યોજાનારા વિમેન્સ હોકી વર્લ્ડ કપ અને એશિયન ગેમ્સની તૈયારીના ભાગરૂપે આ પ્રવાસ અત્યંત મહત્વનો માનવામાં આવી રહ્યો છે.ભારતીય ટીમના મુખ્ય કોચ સોજોર્ડ મરીને જણાવ્યું હતું કે, આ પ્રવાસ ખેલાડીઓના સંયોજન ચકાસવા અને ટીમની મજબૂતી વધારવા માટે નિર્ણાયક સાબિત થશે. તેમણે ઉમેર્યું હતું કે "આ પ્રવાસ અમારા માટે વધુ ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરનો અનુભવ આપવા અને આર્જેન્ટિના જેવી મજબૂત ટીમ સામે તેમને ચકાસવાની એક અમૂલ્ય તક છે. ટીમમાં 'બેન્ચ સ્ટ્રેન્થ' તૈયાર કરવી જરૂરી છે.આવા અનુભવોથી યુવાન ખેલાડીઓ ઉચ્ચ સ્તરની હોકીની જરૂરિયાતોને સમજી શકશે." ટીમ માટે સૌથી મહત્વના સમાચાર ફોરવર્ડ દીપિકાનું પુનરાગમન છે. ઈજા બાદ રિહેબિલિટેશન પૂર્ણ કરીને પરત ફરેલી દીપિકા ફરી એકવાર ટીમની મુખ્ય ડ્રેગ-ફ્લિકર તરીકેની જવાબદારી સંભાળશે. તેની ગેરહાજરીમાં નવનીત કૌર, મનીષા ચૌહાણ, ઉદિતા અને અન્નુએ ક્વોલિફાયર દરમિયાન ડ્રેગ-ફ્લિકરની જવાબદારી નિભાવી હતી.

## ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના દરેક સેગમેન્ટ માટે મહત્વપૂર્ણ પહેલ

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મે ૨૦૨૬માં 'ટેક્ષ્ટાઇલ એવોર્ડ્સ'ની જાહેરાત

**ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં ઇનોવેશન અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવાના હેતુથી કુલ ૪૫ એવોર્ડ્સ અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનારને સન્માનિત કરાશે**

સુરત, તા.૯

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ટેક્ષ્ટાઇલ ક્ષેત્રમાં ઉત્તમતા, નવીનતા અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટને પ્રોત્સાહિત કરવા હેતુ ચાલુ વર્ષે મે મહિનામાં વિશિષ્ટ 'ટેક્ષ્ટાઇલ એવોર્ડ્સ'ની જાહેરાત કરવામાં આવી છે. આ પહેલ અંતર્ગત કુલ ૪૫ એવોર્ડ્સ આપવામાં આવશે, જે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર સંસ્થાઓને માન્યતા આપશે. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ એવોર્ડ્સ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના વિવિધ સેગમેન્ટ્સ જેમ કે ફેબ્રિક?સ, યાર્ન, ગાર્મેન્ટ્સ, મેડ–અપ્સ, પ્રોસેસિંગ અને ડાઇંગ તેમજ ટ્રેડિંગ અને રિટેલિંગને આવરી લે છે. આ પહેલ દ્વારા તમામ મહત્વપૂર્ણ ક્ષેત્રોને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ટેક્ષ્ટાઇલ એવોર્ડ્સની મુખ્ય કેટેગરીઓમાં પ્રોડક્ટ ઇનોવેશન / બેસ્ટ અલ્ટરનેટ મટીરિયલ યુઝ હેઠળ ટેક્ષ્ટાઇલ ઉત્પાદનમાં સસ્ટેનેબલ અને વૈકલ્પિક મટીરિયલના ઉપયોગ માટે કંપનીઓને સન્માનિત કરવામાં આવશે. એક?સેમ્પ્લરી પરફોર્મન્સ ઇન એક્ષ્પોર્ટ્સ કેટેગરીમાં એક્ષ્પોર્ટ ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી અને સસ્ટેનેબિલિટી અપનાવનાર સંસ્થાઓને માન્યતા આપવામાં આવશે. આ ઉપરાંત કવોલિટી મેનેજમેન્ટમાં ઉત્તમ કામગીરી માટે ગુણવત્તા નિયંત્રણ અને સતત સુધારાની પ્રણાલીઓ અપનાવનાર સંસ્થાઓને એવોર્ડ આપવામાં આવશે, જ્યારે ટેકનોલોજી એડોપ્શનમાં ઉત્તમતા માટે આધુનિક ટેકનોલોજી અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અમલમાં મુકનાર ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવામાં આવશે. બેસ્ટ એચઆર પ્રેક્ટિસિસ (કર્મચારી કલ્યાણ) કેટેગરી હેઠળ માનવ સંસાધન વ્યવસ્થાપન અને કર્મચારી સુખાકારીમાં શ્રેષ્ઠ કામગીરી માટે એવોર્ડ આપવામાં આવશે. સાથે જ બેસ્ટ રિસાયક્લર (ટેક્ષ્ટાઇલ સેક્ટર) કેટેગરીમાં સર્ક્યુલર ઇકોનોમી અને ટેક્ષ્ટાઇલ રિસાયક્લિંગમાં યોગદાન આપનાર સંસ્થાઓને સન્માનિત કરવામાં આવશે. દરેક એવોર્ડ કેટેગરીમાં વિવર્સ, નીટર્સ, સ્પિનર્સ, ટેક્ષ્ટાઇલ ડાઇંગ અને પ્રોસેસિંગ યુનિટ્સ, ગાર્મેન્ટ ઉત્પાદકો, ટેકિનકલ ટેક્ષ્ટાઇલ ઉત્પાદકો તેમજ મેડ–અપ ઉત્પાદકો અરજી કરી શકશે. કેટલીક પસંદગીની કેટેગરીમાં ટ્રેડર્સને પણ અરજી કરવાની તક આપવામાં આવશે. આ એવોર્ડ્સ માટે વિવિધ ક્ષેત્રોની સંસ્થાઓ પાત્ર રહેશે અને તેઓ પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી માટે સ્પર્ધા કરી શકશે, જેનાથી ઉદ્યોગમાં ગુણવત્તા અને નવીનતાનો માપદંડ વધુ ઊંચો જશે. ચેમ્બર ઓફ કોમર્સનો આ પ્રયાસ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં નવીનતા, ગુણવત્તા, ટેકનોલોજી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટને આગળ વધારવા માટે એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. આ એવોર્ડ્સ દ્વારા ઉદ્યોગમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર એકમો / સંસ્થાઓને સન્માનિત કરાશે અને આ બાબત અન્ય ઉદ્યોગો માટે પ્રેરણાસ્ત્રોત બનશે.

# ચૂંટણી પ્રચાર દરમિયાન સરકારી નિવાસનો ઉપયોગ કરવો નહીં

**વિશ્રામગૃહ, ડાક બંગલા કે સરકારી રહેણાંકના ઉપયોગ અંગે પોલીસ કમિશનરનું જાહેરનામું**

સુરત, તા.૯

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ નગરપાલિકાઓની ખાલી જગ્યાઓ માટેની પેટા ચૂંટણી-૨૦૨૬નો કાર્યક્રમ જાહેર થયો છે. જે મુજબ તા.૨૬/૪/૨૦૨૬ના રોજ મતદાન અને તા.૨૮/૪/૨૦૨૬ના રોજ મતગણતરી યોજાશે. જેને અનુલક્ષીને સુરત શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામા દ્વારા કેટલાક પ્રતિબંધો મૂક્યા છે. જે અનુસાર શહેર પોલીસ કમિશનરેટની હદના વિસ્તારમાં આવેલા વિશ્રામ ગૃહ, ડાક બંગલા અને સરકારી રહેણાંકનો ઉપયોગ સત્તા પક્ષના સભ્યો કે ઉમેદવારો દ્વારા એકહથ્થું અધિકારો ભોગવવા પર, સરકારી રહેણાંકનો ઉપયોગ પ્રચાર કચેરી કે ચૂંટણી વિષયક હેતુ માટે કરવા પર, રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મિટિંગ યોજવા પર, ચૂંટણી પ્રચાર માટે અતિથિગૃહમાં રોકાવવા આવેલા મહાનુભાવોને લાવવા-લઈ જવા વાહનો સિવાય એક કરતાં વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બેથી વધારે વાહનોને વિશ્રામ ગૃહના કમ્પાઉન્ડમાં રાખવા પર, એક વ્યક્તિને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવવા પર તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા મહાનુભાવોને મતદાન પૂરું થવાના ૪૮ કલાક પહેલા સરકારી રહેણાંકમાં રહેવા માટે રૂમનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો તા.૩૦/૪/૨૦૨૬ સુધી અમલ કરાશે. તેનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# એટોમિડેટ એપીઆઈ પાવડર વિદેશ મોકલવાના આરોપમાં બે આરોપીઓને જામીન મુક્ત કરાયા

**ભારતમાં આ પાવડર પ્રતિબંધિત નથી તેવી દલીલો સિનિયર વકીલ કેતન રેશમવાલાએ કરી હતી**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૯

એન્ટી ટેરરીસ્ટ સ્કવોડ દ્વારા એટોમિડેટ એપીઆઈ પાવડર મલેશિયા અને થાઈલેન્ડ મોકલવાના ગંભીર ગુનામાં પકડાયેલા આરોપીઓ ભૌતિક પદમાણી અને ચેતન વાવડીયાને સેસન્સ કોર્ટે શરતી જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

ATSની તપાસ મુજબ, આરોપીઓએ આંતરરાષ્ટ્રીય ડ્રગ કાર્ટેલ સાથે મળીને એટોમિડેટ પાવડરને એલોવેરા પાવડર તરીકે મિસલેબલિંગ કરી, બોગસ બિલો બનાવી મુંબઈ એરપોર્ટથી નિકાસ કર્યો હતો. મલેશિયા અને થાઈલેન્ડમાં આ પાવડર પ્રતિબંધિત હોવાથી છ્જીએ છેતરપિંડી અને કાવતરાનો ગુનો નોંધ્યો હતો.

આરોપીઓના વકીલ કેતન પી. રેશમવાલાએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે ભારતમાં આ પાવડર પ્રતિબંધિત નથી અને તેનું ખરીદ-વેચાણ કાયદેસર છે. વધુમાં, પાવડર જી.એસ.ટી. બિલ સાથે ખરીદાયો હતો અને માત્ર મિસલેબલિંગથી સરકારને કોઈ આર્થિક નુકસાન થયું નથી. વિદેશમાં થયેલા ગુનાની કાર્યવાહી ભારતમાં ન થઈ શકે તેવી દલીલો પણ કરવામાં આવી હતી. અદાલતે બંને આરોપીઓના જામીન મંજૂર કર્યા હતા.

# સાયબર ફ્રોડના આરોપી યોગેશ બારૈયાને હાઈકોર્ટે જામીન આપ્યા

**ચાઈનીઝ ગેંગ સાથે મળીને આરોપી ફ્રોડ કરતો હતો**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૯

ચાઈનીઝ ગેંગ સાથે જોડાઈને સાયબર ફ્રોડ કરવાના ગુનામાં સંડોવાયેલ આયેલા યોગેશ બારૈયાના જામીન હાઈકોર્ટે મંજૂર કર્યા હતા. આ કેસની વિગત એવી છે કે સુરત સાયબર ક્રાઈમે સુરતમાંથી ચાઈનીઝ ગેંગ સાથે કનેક્ટ સાયબર ફ્રોડના મામલાનો પર્દાફાશ કર્યો હતો. આ સાઈબર ગુનાના કેસમાં યોગેશ બારૈયાની પણ ધરપકડ કરાઈ હતી. યોગેશએ પોતાનું, પોતાની માતા તથા સગા સબંધી-મિત્રોના મળી કુલ-૦૮ બૅક એકાઉન્ટો કમિશન ઉપર આપેલ હતા, અને ૮ બેન્ક એકાઉન્ટોમાં સાયબર ફ્રોડ સહિતના રૂ.૬૫,૫૩,૯૮૪.૯૩ના ટ્રાન્જેક્શનો થયા હોવાની હકીકત જણાઈ આવી હતી. આ કેસમાં સુરત સેશન્સ કોર્ટે યોગેશના જામીન રદ કરતા હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. હાઈકોર્ટએ શરતોને આધિન આરોપી યોગેશના જામીન મંજૂર કર્યા હતા. આરોપીએ વકીલ પી.ટી રાણા વતી જામીન અરજી કરી હતી

**આસામ, કેરળ અને**
**પહેલા પાનાનું ચાલુ**

આપણે એવા ઉમેદવારને મત આપવો જોઈએ જે આપણા પ્રદેશને આગળ વધારી શકે, યોગ્ય પ્લેટફોર્મ પર આપણો અવાજ ઉઠાવી શકે, આપણી જમીન અને અધિકારોનું રક્ષણ કરી શકે, આપણા અનુસૂચિત વિસ્તારોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકે અને આપણા પ્રદેશને વિકાસના માર્ગ પર લઈ જઈ શકે."

કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરે ત્રિશૂરમાં મતદાન કર્યું. તેમણે કહ્યું, "મેં હમણાં જ મારી પવિત્ર ફરજ પૂરી કરી છે. મેં મારા રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં પહેલી વાર મતદાન કર્યું છે અને આશા રાખું છું કે ફક્ત સારા લોકો જ ચૂંટાશે."

આપણે જે પ્રકારની સરકાર ઈચ્છીએ છીએ તે જ સરકાર બનશે તેમાં કોઈ શંકા નથી. મને ખૂબ આનંદ છે કે મેં મારો મત આપ્યો, અને હું રાજ્યના તમામ લોકોને મોટી સંખ્યામાં બહાર આવવા અને તેમની પવિત્ર ફરજ નિભાવવા વિનંતી કરું છું.

**ઈરાને હોર્મુઝ સમુદ્ર**
**પહેલા પાનાનું ચાલુ**

ઉલ્લેખ કરતા કહ્યું કે વિશ્વ આ પરિસ્થિતિને જોઈ રહ્યું છે અને હવે દડો અમેરિકાના મેદાનમાં છે.તેમણે ઉમેર્યું કે સમગ્ર વિશ્વની નજર એ વાત પર ટિકેલી છે કે અમેરિકા પોતાના વાદાઓ નિભાવે છે કે નહીં.ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાનએ કહ્યું છે કે અમેરિકા સાથે થયેલું યુદ્ધવિરામ દેશની એકતા અને લોકોના સમર્થનનું પરિણામ છે.તેમણે કહ્યું કે આ સમજૂતી તેમના પૂર્વ સુપ્રીમ લીડર અલી ખામેનીના બલિદાનનું પરિણામ છે, જેમનું મૃત્યુ ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકી-ઈઝરાયલી હુમલાઓમાં થયું હતું.

પજશકિયાનએ કહ્યું કે હવે પણ દેશ એકજૂટ રહેશે અને દરેક મોરચે સાથે મળીને કામ કરશે ભલે તે વાતચીત હોય, સુરક્ષા હોય કે લોકોની સેવા.આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે બે અઠવાડિયાના યુદ્ધવિરામની જાહેરાત કરી છે અને કહ્યું છે કે ઈરાનનો ૧૦ મુદ્દાનો પ્રસ્તાવ આગળની વાતચીતનો આધાર બની શકે છે.

**લેબેનોનમાં એકજ**
**પહેલા પાનાનું ચાલુ**

ડોલર ટેક્સ લેવાની યોજના બનાવી રહ્યું છે અને ચુકવણી ક્રિપ્ટોકરન્સીમાં ઈચ્છે છે. આ સમાચાર ફાઈનાન્સિયલ ટાઈમ્સે સૂત્રોને ટાંકીને આપ્યા છે.ઈરાન આ માર્ગેથી પસાર થતા દરેક જહાજ પર નજર રાખશે અને નિયંત્રિત કરશે. જહાજોએ પહેલા તેમના માલ (કાર્ગો)ની જાણકારી આપવી પડશે, તે પછી જ આગળ વધવાની પરવાનગી મળશે.ઈરાનના અધિકારી હામિદ હુસૈનીએ જણાવ્યું કે આ એટલા માટે કરવામાં આવી રહ્યું છે જેથી બે અઠવાડિયામાં હથિયારોની અવરજવર ન થઈ શકે. તેમણે કહ્યું કે જહાજોને જવા દેવામાં આવશે, પરંતુ પ્રક્રિયામાં સમય લાગી શકે છે કારણ કે ઈરાનને કોઈ ઉતાવળ નથી.આ યોજના હેઠળ જહાજોએ ઈમેલ દ્વારા તેમના કાર્ગોની માહિતી આપવી પડશે. ત્યારબાદ ઈરાન ટેક્સ નક્કી કરશે, જે દરેક બેરલ પર ૧ ડોલર હશે, અને તેને બિટકોઈન જેવી ડિજિટલ કરન્સીમાં ચૂકવવો પડશે.પાકિસ્તાને અમેરિકા અને ઈરાન વચ્ચે થનારી મહત્વપૂર્ણ વાટાઘાટો પહેલા ઈસ્લામાબાદમાં બે દિવસની રજા જાહેર કરી. જિલ્લા પ્રશાસને મોડી રાત્રે નોટિફિકેશન બહાર પાડીને આજ અને કાલ માટે આ નિર્ણય લાગુ કર્યો. રજાનું કારણ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું નથી. તેને સુરક્ષા તૈયારીઓ સાથે જોડવામાં આવી રહ્યું છે.

આ શુક્રવારે ઈસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ઉચ્ચ-સ્તરીય વાટાઘાટો થવાની છે. વ્હાઈટ હાઉસ અનુસાર, અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ આ વાટાઘાટોમાં અમેરિકી ટીમનું નેતૃત્વ કરશે.ઈસ્લામાબાદમાં અગાઉ પણ મોટા રાજદ્વારી કાર્યક્રમો પહેલા સુરક્ષા કારણોસર આવા પગલાં લેવામાં આવ્યા છે. પ્રશાસને કહ્યું કે આ રજા ફક્ત ઈસ્લામાબાદ કેપિટલ ટેરિટરીમાં જ લાગુ પડશે. પોલીસ, હોસ્પિટલ, વીજળી અને ગેસ જેવી આવશ્યક સેવાઓ સામાન્ય રીતે ચાલુ રહેશે.

**નાજુક યુદ્ધવિરામ**
**પહેલા પાનાનું ચાલુ**

થઈ ગઈ છે. "અમારી પાસે આ સપ્તાહના અંતે શરૂ થવાની વાતચીત છે. તે સાચું છે. મને લાગે છે કે તે એક સારું પગલું છે."

આ વાટાઘાટો રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા "ઓપરેશન એપિક ફ્યુરી" પછી જાહેર કરાયેલા બે અઠવાડિયાના યુદ્ધવિરામ પછી થઈ રહી છે. સરકાર કહે છે કે આ યુદ્ધવિરામથી ઈરાનની લશ્કરી ક્ષમતાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

પ્રેસ સેક્રેટરી લેવિટે કહ્યું, "આ અમેરિકાનો વિજય છે, જે રાષ્ટ્રપતિ અને અમારી પ્રચંડ સૈન્ય દ્વારા શક્ય બન્યો છે." વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર, લશ્કરી કાર્યવાહીના દબાણથી તેહરાનને યુદ્ધવિરામ માટે સંમત થવા અને હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવા માટે મજબૂર કરવામાં આવ્યા. તેમણે કહ્યું, "રાષ્ટ્રપતિના સતત દબાણ અને ઓપરેશન એપિક ફ્યુરીની સફળતાથી મળેલા ફાયદાઓને કારણે, ઈરાની સરકારે યુદ્ધવિરામની માંગ કરી અને આખરે તેના પર સંમત થયા." વાન્સે કહ્યું કે યુદ્ધવિરામ માળખું શરતો પર આધારિત છે. તે યુદ્ધવિરામ તેમજ વાટાઘાટોની પ્રક્રિયા છે. "અમે અમારા તરફથી કંઈક આપીએ છીએ અને બદલામાં અમે સ્ટ્રેટ ફરીથી ખુલવાની અપેક્ષા રાખીએ છીએ," તેમણે ચેતવણી આપતા કહ્યું કે જો આ શરતોનું પાલન નહીં કરવામાં આવે તો તેના પરિણામો આવી શકે છે.

**શંકરાચાર્ય**
**પહેલા પાનાનું ચાલુ**

અત્યંત ચિંતાજનક છે અને તેનાથી સમાજમાં ભયનો માહોલ બની શકે છે. જે જિલ્લા અને રાજ્યમાંથી ધમકી આપવામાં આવી છે, ત્યાંની પોલીસે તાત્કાલિક ધ્યાનમાં લેવું જોઈએ. ધમકી આપનાર વ્યક્તિ કે સંબંધિત મોબાઈલ નંબર વિરુદ્ધ કાયદાકીય કલમો હેઠળ ગુનો નોંધીને ઝડપથી ધરપકડ કરવામાં આવે.

આશુતોષે કહ્યું, વૈચારિક મતભેદ લોકશાહીનો ભાગ છે, પરંતુ કોઈને પણ કાયદો હાથમાં લેવાનો અધિકાર નથી. લોકશાહીમાં બંધારણ અને કાયદો સર્વોપરી છે, અને દરેક નાગરિકની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ પ્રશાસનની જવાબદારી છે. શાસન-પ્રશાસન પાસે માંગ કરી કે આ મામલે તાત્કાલિક અને કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. સાથે જ સંબંધિત વ્યક્તિને સુરક્ષા પૂરી પાડવામાં આવે, જેથી સમાજમાં શાંતિ અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે.

**ભારતીય લોકો પાસે ૩૫,૦૦૦**
**પહેલા પાનાનું ચાલુ**

અથવા અન્ય સ્ત્રોતો પર આધાર રાખવો પડતો હતો, જ્યાં તેમને ઘણીવાર ઓછા ભાવ મળતા હતા અથવા શુદ્ધતા અંગે પારદર્શિતાનો અભાવ હતો.

આ નવી સુવિધા સાથે, ગ્રાહકો જૂના ચાંદીના દાગીના અને સિક્કા સીધા સરકારી કંપનીને વેચી શકશે. શુદ્ધતાનું વૈજ્ઞાનિક રીતે પરીક્ષણ કરવામાં આવશે, જેનાથી છેતરપિંડીની શક્યતા દૂર થશે.

**સરસાણા સ્થિત**
**પેજ-૨ પાનાનું ચાલુ**

આત્મનિર્ભર બની રહી છે. મહિલાઓ પોતાનામાં જ શકિત છે, માત્ર તેને સમજવાની જરૂર છે. મહિલાઓએ પોતાના હક્કો અને ક્ષમતાઓ અંગે સજાગ રહેવું અત્યંત જરૂરી છે. સફળતા માટે આત્મવિશ્વાસ, સતત પ્રયત્ન અને સ્પષ્ટ દ્રષ્ટિકોણ ખૂબ જ જરૂરી છે. તેમણે કહ્યું હતું કે, તમે સમૃદ્ધ થશો તો સમાજ અને દેશ આપોઆપ સમૃદ્ધ થઈ જશે. ભારતમાં મહિલાઓ વિકસિત અને સુરક્ષિત છે.

સુશ્રી નુપુર શર્માએ વધુમાં કહ્યું કે, સુરતમાં આવ્યા બાદ હું જેટલી પણ મહિલા સાહસિકોને મળી તેમનાથી મને એક બાબત શીખવા મળી કે અહીં દરેક મહિલા અન્ય મહિલાની સફળતાથી આનંદિત થાય છે. બીજાની સફળતામાં સહભાગી થવાનો અને આનંદિત થવાનો વિચાર જ સમાજને અને દેશને આગળ લઈ જાય છે. તેમણે મહિલાઓને પોતાના સપનાઓને સાકાર કરવા માટે નિર્ભય બની આગળ વધવા પ્રોત્સાહિત કર્યું હતું.

વકતા તરીકે સુશ્રી રાજલ સી.એ જણાવ્યું હતું કે, શરૂઆતમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, પરંતુ યોગ્ય આયોજન, દ્દઢ નિશ્ચય અને સતત શીખવાની વૃત્તિથી સફળતા પ્રાપ્ત કરી શકાય છે. વધુમાં તેમણે મહિલા ઉદ્યોગ સાહસિકોને ફાઈનાન્સ, માર્કેટિંગ, બ્રાન્ડિંગ અને ડિજિટલ પ્લેટફોર્મ્સ જેવા વિવિધ ક્ષેત્રોમાં માર્ગદર્શન આપ્યું હતું, જેથી તેઓ પોતાના વ્યવસાયને વધુ મજબૂત બનાવી શકે.

વકતા તરીકે ડર્મેટોલોજિસ્ટ એન્ડ એસ્થેટિક એક્ષ્પર્ટ ડૉ. આંચલ પંથે મહિલાઓને પર્સનલ બ્રાન્ડિંગ અને પ્રેઝન્ટેશન સ્કિલ્સ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં પોતાની ઓળખ ઉભી કરવી અત્યંત મહત્વપૂર્ણ છે.

વકતા તરીકે ઈન્ફર્ટિલિટી સ્પેશ્યાલિસ્ટ ડૉ. શુભ્રા પાંડેએ પોતાના અનુભવો શેર કરતાં જણાવ્યું હતું કે, મહિલાઓએ પોતાના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવી જોઈએ, કારણ કે સારું આરોગ્ય જ સફળતાનો આધાર છે. તેમણે કાર્ય અને વ્યક્તિગત જીવન વચ્ચે સંતુલન જાળવવાના મહત્વ પર પણ ભાર મૂકયો હતો.

ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન સુશ્રી અંકિતા વાલંદે જણાવ્યું હતું કે, 'બ્રેકિંગ બેરિયર્સ એન્ડ એમ્બ્રેસિંગ સ્ટ્રેન્થ' થીમ હેઠળ આયોજિત કોન્કલેવ મહિલાઓને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા પ્રેરિત કરતો મહત્વપૂર્ણ મંચ સાબિત થયો હતો. તેમણે વુમન આંત્રપ્રિન્યોર સેલની પ્રવૃત્તિઓ વિષે માહિતી આપી હતી.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ કોન્કલેવમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ગૃપ ચેરમેન શ્રી શૈલેષ દેસાઇ, ઓલ કોન્કલેવ ચેરમેન શ્રી અતુલ પટેલ, સુરત પોલીસ કમિશ્નરના પત્ની શ્રીમતી સંધ્યાબેન ગહલૌત, ડૉ. બંદના ભટ્ટાચાર્ય અને મહિલા સાહસિકો કોન્કલેવમાં ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલના એડવાઈઝર સુશ્રી કૃતિકા શાહે શ્રી નુપુર શર્માનો પરિચય કરાવ્યો હતો. એડવાઈઝર સુશ્રી સ્વાતિ શેઠવાલા તથા કો–ચેરપર્સન સુશ્રી રોશની ટેલર અને સુશ્રી ધરા શાહે વકતાઓના પરિચય આપ્યા હતા. કો–ચેરપર્સન સુશ્રી બીના ભગતે કન્કલુડિંગ રિમાર્કસ આપ્યા હતા. રેડીયો જોકી શ્રેયાએ વુમન આંત્રપ્રિન્યોરશિપ કોન્કલેવનું સંચાલન કર્યું હતું.

કોન્કલેવ દરમિયાન પેનલ ડિસ્કશન, ઈન્ટરેકિટવ સેશન્સ અને નેટવર્કિંગની વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી, જેમાં મહિલા સાહસિકોએ સક્રિયપણે ભાગ લીધો હતો.

**નેત્રંગ મંડળીના**
**પેજ-૨ પાનાનું ચાલુ**

૧૮ તેમજ અન્ય પૂર્વ ૧૫ ડિરેક્ટરોને સરેરાસ ૧૦ થી ૮ લાખ રૂપિયા ૧૦% વ્યાજ સાથે ભરવાનો હુકમ તપાસ અધિકારીએ કર્યો છે.

હોદ્દાની રૂએ વ્યક્તિગત જવાબદારી નક્કી તપાસ અધિકારીના અહેવાલ મુજબ, મંડળીમાં થયેલી આ નાણાકીય ક્ષતિ બદલ માત્ર સંસ્થાને નહીં, પરંતુ જે-તે સમયે સત્તા પર રહેલા હોદ્દેદારોને તેમના હોદ્દા અને સત્તાને ધ્યાનમાં રાખીને નામજોગ જવાબદાર ગણવામાં આવ્યા છે. આ આદેશ અનુસાર, દરેક કમિટી સભ્યએ તેમના હિસ્સે આવતી જવાબદારીની રકમ અંગત રીતે ભરપાઈ કરવાની રહેશે.

૧૦% વ્યાજ સાથે વસૂલાતનો આદેશ નોંધનીય છે કે, આ લેણી નીકળતી રકમ પર માત્ર મૂળ મુદ્દલ જ નહીં, પરંતુ તારીખઃ ૦૧/૦૪/૨૦૨૪ થી વસૂલાત ન થાય ત્યાં સુધી ૧૦% લેખે વ્યાજ પણ વસૂલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કડક જોગવાઈને કારણે જવાબદાર સભ્યો પર આર્થિક બોજ વધવાની શક્યતા છે.

૩૦ દિવસનું અલ્ટીમેટમ સત્તાધારી મંડળ દ્વારા તમામ જવાબદાર વ્યક્તિઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે, આદેશ મળ્યાના ૩૦ દિવસની અંદર પોતાના હિસ્સાની રકમ મંડળીમાં જમા કરાવી તેની પાકી રસીદ મેળવી લેવાની રહેશે. જો નિયત સમયમર્યાદામાં રકમ જમા કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં કાયદેસરની કડક કાર્યવાહી અને અસ્કયામતો ટાંચમાં લેવા જેવી પ્રક્રિયા હાથ ધરવામાં આવી શકે છે.

સભાસદોને આપવાની ગીફ્ટ બિન સભાસદોને આપી સહકારી કાયદો તોડ્યો સહકારી પરિપત્ર મુજબ ખરેખર ૭૫૦ રૂપિયાની મર્યાદામાં ગિફ્ટ માત્રા શેર સભાસદ માટે જ આપવાની હોય છે પરંતુ સહકારી કાયદાની ઐસી કી તૈસી કરીને સભાસદ સહિત બિન સભાસદોને પણ ગિફ્ટ આપી અને તેમ છતાં તેનાથી પણ વધુ ખોટી રીતે ગીફ્ટ નહીં લાવી માત્ર ખોટા બીલો મૂકી ૧.૬૯ કરોડ પોતાના અંગત ઉપયોગમાં લઈ આદિવાસી સમાજને પણ પાયમાલ કરવાનું કૃત્ય કર્યું છે આ પૂર્વ પ્રમુખ , ઉપ પ્રમુખ સહિત ૧૫ ડિરેક્ટરોએ કરોડોનો ગફલો કર્યો છે.

**રૂદ્ર પ્રયાગમાં**
**પેજ-૨ પાનાનું ચાલુ**

મહેમાનોનું સ્વાગત કર્યું હતું.આ ભવનના સહયોગી દાતા શ્રી જયંતીભાઈ વી. નારોલા અને ટ્રસ્ટના શુભચિંતક શ્રીમતી જીવંતી દેવી ખોયાલનું સન્માનપત્ર અર્પણ કરીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેઓએ પ્રાસંગિક ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે, શ્રી કેશુભાઈ ગોટી દ્વારા શરૂ કરવામાં આવેલ શિક્ષણયજ્ઞ અજોડ છે. છેવાડાના બાળકોને સારી શૈક્ષણિક સુવિધાઓ મળે તે માટે શ્રી કેશુભાઈ ગોટી અને એમની કર્મયોગી ટીમ રાતદિવસ જોયા વિના કાર્ય કરે છે.

આ પ્રસંગે શ્રી સુનીલ ભગતજી (અધ્યક્ષ, શ્રી સ્વામિનારાયણ આશ્રમ - હૃષીકેશ), શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની, શ્રી રાજેશકુમાર ધામેલિયા, શ્રી ચંડીપ્રસાદ ભટ્ટજી વગેરેએ શિક્ષણનું મહત્ત્વ અને ટ્રસ્ટનાં ઉમદા કાર્યો વિશે પ્રાસંગિક વાત કરી હતી. આ પ્રસંગે શ્રી છગનભાઈ સિમેડિયા અને કર્મયોગી શ્રી રોહિતભાઈ સાવલિયા, શ્રી ધીરુભાઈ ગોટી તેમજ શાળાના કર્મચારીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી રાજેશકુમાર ધામેલિયાએ કર્યું હતું.

શિક્ષણ દ્વારા રાષ્ટ્રનિર્માણ અને ભારતીય સંસ્કૃતિનું સંરક્ષણ તેમજ સંવર્ધન થાય તે માટે ટ્રસ્ટના પ્રમુખ શ્રી કેશુભાઈ ગોટીએ ભારતભરમાં ૩૫૧ સરસ્વતીધામ નિર્માણ કરવાનો શુભ સંકલ્પ કર્યો છે, તેમાં ૫૦% રકમ શ્રી કેશુભાઈ આપે છે અને ૫૦% રકમ સહયોગી દાતાશ્રી આપે છે. કર્મયોગીઓ સરસ્વતીધામનાં નિર્માણમાં નિઃસ્વાર્થ ભાવે તનથી સેવા આપે છે. આ ભવનોમાં સહયોગી દાતાશ્રીઓનાં નામ લખવામાં આવે છે, મુખ્ય દાતા શ્રી કેશુભાઈનું નામ ક્યાંય લખવામાં આવતું નથી. આ રીતે ભારતના અઢાર રાજ્યોમાં ૨૫૬ સરસ્વતીધામ નિર્માણ પામ્યાં છે અને ૪૪ સરસ્વતીધામનું નિર્માણકાર્ય ચાલી રહ્યું છે; તેની યાદી આ પ્રમાણે છે : ગુજરાત-૧૯૨, ઓરિસ્સા-૮, નાગાલેન્ડ-૪, મધ્યપ્રદેશ-૧૨, છત્તીસગઢ-૩, રાજસ્થાન-૪, અરુણાચલપ્રદેશ-૫, ઉત્તરાખંડ-૯, આસામ-૨૦, મહારાષ્ટ્ર-૩, પશ્ચિમ બંગાળ-૪, બિહાર-૭, ઉત્તરપ્રદેશ-૫, ત્રિપુરા-૫, ઝારખંડ-૧૩, મણિપુર-૩, મિઝોરમ-૧, મેઘાલય-૨. માતુશ્રી કાશીબા ટ્રસ્ટ દ્વારા સરસ્વતીધામ નિર્માણ અભિયાન, વૈચારિક ક્રાંતિ અભિયાન, શિક્ષા સાથી અભિયાન, કુપોષણ મુક્તિ અભિયાન; એમ ચાર પ્રકલ્પો દ્વારા રાષ્ટ્રનિર્માણનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે. આ અભિયાન દ્વારા માત્ર ઓરડાઓનું નિર્માણ થતું નથી, પણ ભારતના ભવિષ્યનું નિર્માણ થઈ રહ્યું છે. વૈચારિક ક્રાંતિ અભિયાન અંતર્ગત ૧૧૦ જેટલા કાર્યક્રમો યોજાયા છે, તેના દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાં સકારાત્મક બદલાવ જોવા મળ્યો છે.

**નિવૃત્ત થયેલા**
**પેજ-૨ પાનાનું ચાલુ**

જોવાની ખૂબી એ છે કે, હાલમાં સુરત મહાનગરપાલિકાની મોટાભાગની કામગીરી કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમથી જદ્ઘ વિભાગ દ્વારા કરવામાં આવે છે.તો શું છેલ્લા અઢી વર્ષ દરમિયાન આ મહિલા કર્મચારીનો કોઈ જ અપડેટ કરવામાં નહીં આવ્યો.આ મહિલા કર્મચારી નિવૃત્ત થયા બાદ તેમને પેન્શન મળે છે એટલે હાલમાં તો તેઓ પેન્શનર તરીકે નોંધાયેલા છે. ત્યારે અહીં સવાલ એ ઊભા થાય છે કે,આ પરીક્ષાને આધારે કદાચ આ મહિલા કર્મચારી પરીક્ષામાં સફળ થાય તો, શું સુરત મહાનગરપાલિકા તેમના નામનો કચેરી હુકમ પણ કાઢીને તેમને ફરી પાછા નોકરી પર લેવાની કોઈ કાયદાકીય જોગવાઈ ખરી ? આશા રાખીએ કે,સુરત મહાનગરપાલિકાનો એક ખૂબ જવાબદાર કહેવાય તેવા મધ્યસ્થ મહેકમ અને મધ્યસ્થ રિક્રુટમેન્ટ ખાતા દ્વારા જે ગંભીર બેદરકારી રાખવામાં આવી છે કે, જે ભૂલ થઈ છે તેના કારણે કોઈ કર્મચારીને સહન કરવાનું આવે તો શું થાય ? જેથી ભવિષ્યમાં આ પ્રકારની કોઈ ભૂલ નહીં થાય તે માટેનું આગોતરું આયોજન આ બંને વિભાગોના જવાબદાર અધિકારીઓ દ્વારા કરવામાં આવે તેવી અપેક્ષા સુરત મહાનગરપાલિકાના સૌ કર્મચારીઓ રાખી રહ્યા છે. એમ સુરત મહાનગરપાલિકામાં કાર્યરત સુરત મ્યુનિસિપલ એમ્પ્લોઈઝ સ્ટાફ યુનિયન (સુરત સુધરાઈ કામદાર સ્ટાફ મંડળ)ના પ્રમુખ શ્રી મોહંમદ ઈકબાલ શેખએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

**૭૦માં જન્મદિવસે**
**પેજ-૨ પાનાનું ચાલુ**

સેલિબ્રેશનમાં ઉપસ્થિત રહીને પ્રાસંગિક વાતો રજૂ કરી શુભેચ્છા પાઠવી હતી. ડૉ. નાયક એ એમની અર્થસભર ૭૦ ની ઉજવણીને જીવન યાત્રાનો ઉત્સવ ગણાવીને પોતાના જીવનનું ઓડિટ કાર્ડ કે રિપોર્ટ કાર્ડ રજૂ કર્યો હતો. વર્ષગાંઠ ઉજવણી કાર્યક્રમનું સંચાલન સોફ્ટવેર એન્જિનિયર ઝંખના નાયક , પ્રશ્નોત્તરી સંચાલન રાશિ અને રીતી નાયક , પુસ્તક ભેટ શ્રીમતી મંજુબેન નાયક અને આભાર વિધિ મૌલિક નાયકે આટોપી હતી.

**યુપીએલ યુનિ.માં**
**પેજ-૨ પાનાનું ચાલુ**

૬,૦૦૦નું એકમુષ્ટ ગ્રાન્ટ, અને દર મહિને ૯,૦૦૦ની આર્થિક સહાયનો સમાવેશ થાય છે. ૧૮ થી ૨૫ વર્ષની ઉંમર (ફુલ-ટાઈમ રોજગારમાં ન હોવા જોઈએ) જેવી પાત્રતા માપદંડો પણ સમજાવવામાં આવ્યા હતા.

**તમાકુ પ્રોડક્ટ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

કુલ રુપિયા ૩૮૦૦, ઉધના–બી ઝોનમાં કુલ ઈસમો ૧૧ અને કુલ રુપિયા ૨૨૦૦, અઠવા ઝોનમાં કુલ ઈસમો ૧૫ પાસે કુલ રુપિયા ૩૦૦૦,લિંબાયત ઝોનમાં કુલ ઈસમો ૧૭ પાસે કુલ રુપિયા ૩૪૦૦, સાથે સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોન મળીને કુલ ઈસમો ૧૪૭ પાસે કુલ ૨૯,૪૦૦ રુપિયાનો દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

**પથિક શુક્લાની**
**પેજ-૨ પાનાનું ચાલુ**

સ્વયંસેવક તરીકે પણ જોડાયેલા છે,

વર્ષ ૨૦૨૫માં તેમને ઓન્ટારિયો સરકાર દ્વારા ઓન્ટારિયો કોલેજ ઓફ ઓક્યુપેશનલ થેરાપિસ્ટ્સમાં જાહેર નિર્દેશક તરીકે પણ નિમણૂક આપવામાં આવી હતી. તેમના ઉત્તમ અને સમર્પિત કાર્ય બદલ તેમને "હર મેજેસ્ટી ક્વીન એલિઝાબેથ દ્વિતીય પ્લેટિનમ જ્યુબિલી એવોર્ડ અને પિન" તેમજ ૨૦૨૧માં બ્રેમ્પ્ટન શહેર દ્વારા "પ્રેરણાદાયી એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવ્યા છે, ખાસ કરીને કોવિડ-૧૯ મહામારી દરમિયાન આપેલ સેવાઓ માટે.ઓન્ટારિયો ટ્રિલિયમ ફાઉન્ડેશન ઓન્ટારિયો સરકારની અગત્યની સંસ્થા છે, જે સમુદાયોના વિકાસ માટે ગ્રાન્ટ આપે છે. ૧૯૮૨થી આજદિન સુધી, આ સંસ્થાએ સમુદાયોના સર્વાંગી વિકાસ માટે અબજો ડોલરનું રોકાણ કર્યું છે. દર વર્ષે અંદાજે ૧૨૦ મિલિયન ડોલર જેટલી ગ્રાન્ટ દ્વારા સંસ્થા સક્રિય જીવનશૈલી, સમાવેશી સમાજ, પર્યાવરણ સંરક્ષણ, કલા અને સંસ્કૃતિનો વિકાસ તેમજ બાળકો અને યુવાનોના સકારાત્મક વિકાસ માટે પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપે છે.

શ્રી પથિક શુક્લાની આ નિમણૂક માત્ર તેમની વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ સમગ્ર ભરૂચ જિલ્લો અને ગુજરાતી સમાજ માટે ગૌરવની બાબત છે. તેમની નિષ્ઠા, સમર્પણ અને સમાજપ્રતિની ભાવના ભવિષ્યમાં પણ અનેક લોકોને પ્રેરણા આપતી રહેશે.

**ચૂંટણી પ્રચાર**
**પેજ-૨ પાનાનું ચાલુ**

અધિકારીઓને, રાષ્ટ્રીયકૃત તેમજ સહકારી બેંકો, નેશનલ રાયફલ એસોસિયેશનના રમતવીરો, કેન્દ્ર કે રાજ્ય સરકારના જાહેર સાહસોના સુરક્ષા ગાર્ડો તથા હિરાની ફેકટરીઓ તથા સોના ચાંદીની દુકાનોમાં સલામતીની ફરજ બજાવતા ગાર્ડને કામકાજના સમય દરમિયાન લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો અમલ તા.૩૦/૪/૨૦૨૬ સુધી કરાશે. અને તેનો ભંગ દંડનીય છે.

# ચાર કે તેથી વધુ વ્યક્તિઓ ભેગા થવું નહીં

**સુરત શહેરમાં સભા કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ**

સુરત, તા.૯

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતોની સામાન્ય તેમજ નગરપાલિકાઓની પેટા ચૂંટણી-૨૦૨૬નો કાર્યક્રમ જાહેર થયો છે. જે મુજબ તા.૨૬/૪/૨૦૨૬ના રોજ મતદાન અને તા.૨૮/૪/૨૦૨૬ના રોજ મતગણતરી યોજાશે. જેને અનુલક્ષીને સુરત શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહરનામા દ્વારા કેટલાક પ્રતિબંધો મૂક્યા છે. જે અનુસાર શહેર પોલીસ કમિશનરેટની હદના વિસ્તારમાં સક્ષમ અધિકારીની પરવાનગી વિના ચાર કે તેથી વધુ વ્યક્તિઓના ભેગા થવા, સભા કરવા કે બોલાવવા, સરઘસ કાઢવા, સરઘસના આયોજન પર, ઉમેદવાર ઉમેદવારી પત્ર ભરવા કે ઉમેદવારી પત્રોની ચકાસણીમાં હાજરી આપવા માટે ચૂંટણી અધિકારી કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ સ્વરૂપે જવા, એકપક્ષી સભા યોજી હોય તેવા સ્થળે બીજા પક્ષે સરઘસ લઈ જવા કે ખલેલ પહોંચાડવા પર, ચૂંટણીના સરઘસ અને રેલીમાં સ્થાનિક કાયદાઓ આધીન ધ્વજ,બેનર્સ કે કટ આઉટ રાખવા પર કે આ સરઘસમાં પક્ષ દ્વારા પૂરા પાડેલ ટોપી, માસ્ક સિવાય સાડી, શર્ટ જેવા મુખ્ય વસ્ત્રો પહેરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. સાથે ઘેર ઘેર ચૂંટણી પ્રચાર માટે એક સાથે પાંચથી વધુ વ્યકતિના જવા પર, ચૂંટણી પ્રચાર પક્ષના કાર્યકરો નેતાઓ જેના પર પક્ષનું પ્રતિક હોય તેવા બેનર પ્રદર્શિત કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમ લગ્નના વરઘોડા, સિનેમા, ટાઉનહોલમાં, સ્મશાન યાત્રા, એસટી બસ, રેલ્વેમાં મુસાફરી કરતા, મંદિર મસ્જિદમાં પ્રાર્થના માટેના જતી વ્યક્તિઓ કે કામકાજના સ્થળે કામ કરતી વ્યક્તિઓને લાગુ પડશે નહી. આ જાહેરનામાનો તા.૩૦/૪/૨૦૨૬ સુધી અમલ કરાશે. તેનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
ગુરૂવાર, તા.૦૯ એપ્રિલ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

### સુરત મહાનગર પાલિકાની ચૂંટણી

## ભાજપના ઉમેદવારોના નામોની જાહેરાત આજે રાત્રીએ સંભવ

### ગાંધીનગર ખાતે પ્રદેશ સંકલન બેઠકમાં સાંજે સુરત માટેના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ભાજપ દ્વારા ઉમેદવારોની આખરી પસંદગી અર્થે છેલ્લા ચાર દિવસથી ગાંધીનગર ખાતે ભાજપની પ્રદેશ કક્ષાની સંકલન બેઠકમાં કવાયત ચાલી રહી છે. દરમિયાન આજે ગુરુવારે મોડી બપોરથી સુરત મહાનગરપાલિકાના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે.

રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સુરત સહિત કુલ ૧૫ મહાનગરપાલિકાઓની ચૂંટણી યોજવામાં આવનાર હોય ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા ખૂબ લાંબી બની ગઈ છે. આજે ચોથા દિવસે ગાંધીનગરમાં ભાજપની સંકલન બેઠક મળી છે. જેમાં વિવિધ મહાનગરપાલિકાના ઉમેદવારોના નામોની આખરી પસંદગી પ્રક્રિયા ચાલી રહી છે. આ દરમિયાન આજે સાંજે પાંચ વાગ્યાથી સુરત મનપાના ઉમેદવારોની આખરી પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે. સુરત ખાતેથી પ્રદેશ નિરીક્ષકો દ્વારા તૈયાર કરાયેલી પેનલ પરના વિવિધ ઉમેદવારો વચ્ચે જોરદાર સ્પર્ધા હોવાથી કુલ ૧૨૦ બેઠકો માટે ૧૨૦ નામોની પસંદગી કરવાની બાબત પ્રદેશના નેતાઓ માટે પણ અઘરી બની ગઈ છે. ટિકિટ માટે પ્રદેશ ભાજપ દ્વારા ઉમેદવારો માટે નક્કી કરેલા માપદંડો તથા નવી દાખલ થયેલી ઓબીસી અનામતને પગલે ધુરંધર કહેવાતા ભાજપના નેતાઓ માટે ટિકિટ મેળવવી મુશ્કેલ બની ગઈ હોવાનું જાણકાર સૂત્રો જણાવી રહ્યા છે. આજરોજ આખરી પસંદગી પ્રક્રિયા બાદ આજે રાત્રે જ ભાજપના ૧૨૦ ઉમેદવારોના નામોની સત્તાવાર જાહેરાત થાય તેવી પ્રબળ શક્યતા છે.

## ભાજપની યાદી જાહેર થાય પછી કોંગ્રેસ અને આપ નામો જાહેર કરશે

### કોંગ્રેસ અને આપ પાસે કેટલાક વોર્ડમાં મજબૂત ઉમેદવારો જ નથી

**સુરત, તા.૯**

સુરત મહાનગર પાલિકાની ચુંટણીમાં કોંગ્રેસ દ્વારા ૨૬ અને આમ આદમી પાર્ટી દ્વારા ૭૫ ઉમેદવારો જાહેર કરી દેવાયા છે. બાકીના ઉમેદવારો જાહેર કરવા બંને પાર્ટીઓ દ્વારા ભાજપના ઉમેદવારોના નામો જાહેર થાય તેની રાહ જોવામાં આવી રહી છે. સુત્રોના જણાવ્યા મુજબ આપના ૪૫ ઉમેદવારો તથા કોંગ્રેસના ૯૪ બાકી ઉમેદવારોના નામોની ઘોષણા કરવા ભાજપના ઉમેદવારોના નામો જાહેર થાય તે પછી જ કરવામાં આવે તેવી શક્યતા છે. વોર્ડના જાતિવાદી સમીકરણો અને જીતની શક્યતા ધરાવતા ઉમેદવારોના નામોની આખરી પસંદગી કરવા આપ અને કોંગ્રેસ પાર્ટી ભાજપની યાદીની પ્રતિક્ષામાં છે. કેટલાક વોર્ડમાં આપ અને કોંગ્રેસને મજબુત ઉમેદવાર નહીં મળતા હોવાથી પણ બાકીના નામોની જાહેરાત થઇ શકી નથી.

## તા.૧૧મીએ બપોરે ત્રણ કલાક સુધી ઉમેદવારી નોંધાવી શકાશે

### ભાજપ, કોંગ્રેસ, આપના છેલ્લી ઘડીએ જાહેર થનારા ઉમેદવારોએ ફોર્મ ભરવા સમયની કટોકટી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

સુરત મહાનગર પાલિકાના ચૂંટણી કાર્યક્રમ મુજબ તા.૧૧મી એપ્રિલ આખરી તારીખ છે અને આજે તા.૯મી હોવાથી ભાજપે આજે રાત્રી સુધીમાં ૧૨૦ બેઠકોના નામો જાહેર કરવા જ પડે એવી સ્થિતિ છે. આજે રાત્રે નામો નક્કી થાય તો આવતીકાલે શુક્રવાર અને આખરી દિવસ તા.૧૧મીના શનિવારે બપોરે ત્રણ વાગ્યા સુધીમાં ફોર્મ ભરવાની પ્રક્રિયા સંપન્ન કરવા માટે માત્ર દોઢ દિવસ બાકી રહે છે.

ભાજપમાંથી સુરત મહાનગર પાલિકાની ચૂંટણી લડવા ઉત્સુક ઉમેદવારોએ તમામ પ્રકારના ડોક્યુમેન્ટ તૈયાર કરી દીધા છે માત્ર મેન્ડેટની પ્રતિજ્ઞા છે. આવી જ સ્થિતિ કોંગ્રેસ અને આપના ટિકિટ વાંચ્છુઓની પણ છે એટલે તમામ રાજકીય પક્ષોએ આજે રાત્રે અને મોડામાં મોડું આવતીકાલે સવાર સુધી નામો જાહેર કરવા પડશે.

## ઉમેદવારોની પસંદગીમાં નેતાઓ વચ્ચે ખેંચ-તાણ

### વર્ચસ્વની લડાઈના કારણે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં વિલંબ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

ટિકિટની ફાળવણીમાં શહેરના તથા પ્રદેશ કક્ષાના નેતાઓ, ધારાસભ્યો, સાંસદો વચ્ચે ભારે ખેંચ તાણ ચાલુ રહેતા સુરત મનપાના ઉમેદવારોની પસંદગીમાં વિલંબ થઈ રહ્યો છે. ભાજપના પ્રદેશ સ્તરના ચૂંટાયેલા અને સંગઠનના નેતાઓ વચ્ચેનો ગજગ્રાહ આ ચૂંટણીમાં એ હદે પહોંચ્યો છે કે જેમાં તેઓ એકબીજાનું વર્ચસ્વ જ નહી, અસ્તિત્વ પૂરું કરવા મરણિયા થયા છે. આ તરફ કેટલાંક નેતાઓના વળતા પાણી જોઈને તેમના એક સમયના વફાદાર કાર્યકરો બીજી નાવમાં સવાર થઈ ગયા છે. આ જોતાં આ ચૂંટણી પૂરી થતા કંઇ કેટલાંય નેતાઓના પાણી મપાઈ જશે. એવું લાગી રહ્યું છે અને નેતાઓના રાજગ્રાહના કારણે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં વિલંબ થઈ રહ્યો છે.



ચૂંટણી દરમિયાન વિવિધ રાજકીય પાર્ટીઓના સાહિત્ય, ઝંડાઓ, સાડીઓ, થેલીઓ વગેરેનું ઉત્પાદન કરતા ઉધોગો માટે ચૂંટણી તેજીનો સમય હોય છે. એક કારખાનામાં પ્લાસ્ટિક વેસ્ટમાંથી ઉત્પાદીત થઈ રહેલા ભાજપના બેનરોની આ તસ્વીર છે. (તસવીર : હનીફ મલેક)

## એ.કે. રોડ પર ૧૦૦ ગ્રામ ગાંજા સાથે હરેશ સોનારિયા પકડાયો

### પ્રમુખ સ્વામી બ્રિજ નીચે પુણાગામનો યુવક ગાંજાનું છૂટક વેચાણ કરતો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

શહેરના અશ્વિનીકુમાર વિસ્તારમાં ગેરકાયદેસર નશીલા પદાર્થોના વેચાણ સામે પોલીસે મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરી છે. ૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ બપોરે અંદાજે ૧૨:૫૦થી ૪:૪૫ દરમિયાન પ્રમુખ સ્વામી બ્રિજ નીચે જાહેર સ્થળે પોલીસને મળેલી બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો.

આ મામલે અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેક્ટર જી.ડી. પરમાર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. કાર્યવાહી દરમિયાન હરેશ જાદવભાઈ સોનારિયા (ઉ.વ. ૩૫, રહે-સરીતા વિહાર સોસાયટી, પુણાગામ, સુરત)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે ગાંજાનો પુરવઠો આપતો અજાણ્યો ઈસમ હાલ પોલીસ પકડથી દૂર છે અને તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

પોલીસ તપાસ દરમિયાન આરોપી પાસેથી અંદાજે ૧૦૦ ગ્રામ ગાંજો, રોકડા રૂપિયા ૩,૪૩૦, હીરો કંપનીની ડસ્ટી મોપેડ તેમજ વનપ્લસ કંપનીનો મોબાઈલ મળી કુલ રૂપિયા ૪૮,૪૩૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપી ગાંજો વેચવાના ઈરાદે પોતાના કબ્જામાં રાખતો હતો.



સુરતના ઐતિહાસિક ઇન્ડોર સ્ટેડિયમ ખાતે વિશ્વ નવકાર દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વના ૧૦૮ દેશોમાં એકસાથે નવકાર મંત્રનો જાપ કરી આધ્યાત્મિક એકતાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ભારતમાં અંદાજે ૪થી ૮ હજાર સ્થળોએ સામૂહિક કાર્યક્રમો યોજાયા હતા. સુરતના ઇન્ડોર સ્ટેડિયમમાં ૭થી ૮ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ સામૂહિક નવકાર મંત્રનો જાપ કરી શાંતિ અને એકતાનું સંકલ્પ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન જણાવાયું કે સામૂહિક જાપની ઊર્જા સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાની શક્તિ ધરાવે છે. વિશ્વમાં યુદ્ધ અને આતંકના ભય વચ્ચે નવકાર મહામંત્ર શાંતિ, સ્થિરતા અને માનવતા માટે પ્રેરણારૂપ મંત્ર છે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહપણ વર્ચ્યુઅલી કાર્યક્રમ સાથે જોડાયા અને નવકાર મંત્રના વૈશ્વિક સંદેશને મહત્વપૂર્ણ ગણાવ્યો હતો.( તસવીર હનીફ મલેક)

## ઈન્ડોર સ્ટેડિયમમાં વિશ્વ નવકાર મહામંત્ર દિવસની ભવ્ય ઉજવણીમાં સામૂહિકજાપ

### ૧૦૮ દેશોમાં એક જ સમયે કાર્યક્રમ યોજાયો : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વર્ચ્યુઅલ જોડાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

વિશ્વ શાંતિ, અહિંસા અને આધ્યાત્મિક એકતાનો સંદેશ આપવાના ઉદ્દેશ સાથે ૯ એપ્રિલ ગુરુવારે સુરતમાં વિશ્વ નવકાર મહામંત્ર દિવસ નિમિત્તે ભવ્ય સામૂહિક મહાજાપનું આયોજન કરવામાં આવ્યું હજુ જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન સુરત દ્વારા આયોજિત આ કાર્યક્રમ ઈન્ડોર સ્ટેડિયમ ખાતે આજે સવારે ૫ ૭:૨૯ થી ૯:૩૬ વાગ્યા સુધી યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ, યુવાનો, પરિવારો અને સમાજના લોકો ભાગ લીધો હતો. આયોજકોના જણાવ્યા મુજબ આ કાર્યક્રમ માત્ર ધાર્મિક નથી, પરંતુ વૈશ્વિક સ્તરે શાંતિ, સૌહાર્દ, અહિંસા અને આધ્યાત્મિક જાગૃતિ માટે યોજાયો હતો. જીતોસુરતના જણાવ્યા પ્રમાણે આ વર્ષે ૯ એપ્રિલે વિશ્વ નવકાર મંત્ર દિવસ ૧૦૮થી વધુ દેશોમાં ઉજવાયો છે. જેમાં આશરે ૧૦ કરોડ લોકોએ ભાગીદારી કરી હતી આને વૈશ્વિક આધ્યાત્મિક એકતાના ઉત્સવ તરીકે જોવામાં આવી રહ્યું છે. કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વર્ચ્યુઅલ જોડાયા હતા. આ ઉપરાંત અનેક ગણમાન્ય મહાનુભાવોને પણ કાર્યક્રમમાં જોડાયા હતા.

## સગરામપુરાના અનસ ઉર્ફે મીંડી રંગરેજ વિરૂદ્ધ વ્યાજખોરી અંગે ગુનો દાખલ

### રૂા.ત્રણ લાખનું પ્રતિદિન રૂા.૯ હજાર વ્યાજ લેખે ચુકવ્યા પછી પણ મોટી રકમની બળજબરીપૂર્વક ઉઘરાણી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

સગરામપુરા વિસ્તારમાં વ્યાજખોરી અને પઠાણી ઉઘરાણીનો ગંભીર અને ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. લાલગેટ વિસ્તારમાં રહેતી અતીકાબાનુ મોહમદ સાદીક શેખ (ઉ.વ. ૩૬, વ્યવસાય-મજૂરી)એ આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો છે. આ ઘટનાને લઈને સ્થાનિક વિસ્તારમાં ભય અને ચિંતા વ્યાપી છે.

ફરીયાદ મુજબ, અતીકાબાનુએ લગભગ દોઢ વર્ષ પહેલા આરોપી અનસ ઉર્ફે મીંડી રંગરેજ તથા હુસેમાબાનુ સોહેલ ઉર્ફે મીંડી (રહે-ખંડેરાવપુરા, નાનપુરા, સુરત) પાસેથી રૂ. ૩,૦૦,૦૦૦ વ્યાજે લીધા હતા. શરૂઆતમાં સામાન્ય રીતે લેવડદેવડ ચાલતી હતી, પરંતુ બાદમાં આરોપીઓએ અતિશય વ્યાજ વસૂલવાનું શરૂ કર્યું હતું. રોજના રૂ. ૯,૦૦૦ના દરે વ્યાજની માંગણી કરી ફરીયાદીને આર્થિક રીતે કચડી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ફરીયાદી મુજબ, અત્યાર સુધીમાં તેમણે સ્કેનર (ઓનલાઈન પેમેન્ટ) તથા રોકડ મળી અંદાજે રૂ. ૧૫ લાખ જેટલી રકમ ચૂકવી દીધી છે. તેમ છતાં આરોપીઓ વધુ પૈસાની માંગણી કરતા રહ્યા હતા. આરોપીઓ વારંવાર ફોન કરીને ઘરે બોલાવતા અને પૈસા નહીં આપે તો જીવલેણ ધમકીઓ આપતા હતા. ખાસ કરીને "તારા બાળકોને ઉઠાવી લઈ જઈશું અને તને મારી નાખીશું" જેવી ધમકીઓ આપી માનસિક ત્રાસ આપ્યો હતો. સાથે ગાળાગાળી કરીને દબાણ વધારવામાં આવતું હતું. આ મામલે ૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ પોલીસને માહિતી મળતા પો.સ.ઈ. એ.આર. મહિડા દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે બંને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને સમગ્ર મામલાની વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આરોપીઓ દ્વારા અન્ય લોકોને પણ આ રીતે શિકાર બનાવ્યા હોવાની શક્યતા છે, જેને ધ્યાનમાં રાખીને તપાસ વિસ્તૃત કરવામાં આવી રહી છે.

## ખેતરમાં સુતેલી માસુમ બાળકી પર કાર ફરી વળતા કરૂણ મોત

### વાલક ગામે નદી કિનારાના ખેતરમાં સર્જાયો કરૂણ અકસ્માત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

શહેરના વાલક ગામ નજીક તાપી નદીના કિનારે આવેલા ખુલ્લા ખેતરમાં એક કરુણ અકસ્માતની ઘટના સામે આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ, ફરીયાદી સુકરામ લાલાભાઈ કતિજા (ઉ.વ. ૫૩, વ્યવસાય-કડિયાકામ મજૂરી) દ્વારા પોલીસમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર, ૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ સવારે આશરે ૧૦:૩૦ વાગ્યાના સુમારે આ દુર્ઘટના બની હતી.

ફરીયાદ મુજબ, ઘટના સમયે ફરીયાદીની ૧ વર્ષની પૌત્રી સોનલ મેહુલ કતિજા ખેતરમાં ઝાડ નીચે જમીન પર સુતી હતી. તે દરમિયાન HARIER કાર (નં. GJ-06-PH-0336)ના ચાલક વિપુલભાઈ વિનુભાઈ ઝાલાવાડીયાએ ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી હતી. ગાડીનું આગળનું ડ્રાઈવર સાઈડનું ટાયર બાળકીના માથા પર ચડી જતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટના બાદ તાત્કાલિક રીતે બાળકી ને સારવાર માટે પી.પી. માણિયા હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન તેણીનું મોત નિપજ્યું હતું. આ બનાવને પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે અને મામલાની વધુ તપાસ માટે પો.સ.ઇ. ડી.જી. વેકરિયા દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં બેદરકારીપૂર્વક વાહન ચલાવવાના આરોપો સામે આવ્યા છે.

## દહેજ અંગે ત્રાસના ગુનામાં પતિ સહિત બે નિર્દોષ છૂટ્યા

### ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતા કોર્ટે આરોપીઓને છોડી દીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

સુરતની અદાલતે વર્ષ ૨૦૦૮ના દહેજ અને શારીરિક-માનસિક ત્રાસના એક જૂના કેસમાં ફરિયાદ પર કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતા બે આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા.

પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ સુરતના સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં મે ૨૦૦૮માં રુક્સાનાબાનુ નામની મહિલાએ તેના પતિ મોહમદ અફઝલ અને અન્ય સંબંધીઓ વિરુદ્ધ દહેજ માટે ત્રાસ ગુજારવા બદલ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં આરોપ હતો કે પતિએ મોટરસાઈકલ ખરીદવા માટે ૩૦,૦૦૦ રૂપિયાની માંગણી કરી મહિલાને સળિયા વડે માર મારી માનસિક ત્રાસ આપ્યો હતો.

સુનાવણીના અંતે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ નોંધ્યું કે ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધ મજબૂત અને શંકાથી પર પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યો છે. માત્ર શંકાના આધારે કોઈને દોષિત ઠેરવી શકાય નહીં. આ સાથે જ ૨ આરોપીને આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે કેસની કાર્યવાહી દરમિયાન અન્ય બે આરોપીઓના નિધન થયા હતા. બચાવ પક્ષે વકીલ સમીર રહેમાનવાલાએ દલીલો કરી હતી.

## દંપતિ સહિત ત્રણ લોકો દ્વારા યુવકને બ્લેક મેઈલ કરી ૨.૫૯ લાખ પડાવાયા

### પ્રેમ સંબંધના બહાને યુવકને ષડયંત્રમાં ફસાવી રૂપિયા પડાવનાર વ્યાસ દંપતિ સહિત ત્રણ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

શહેરના પુણાગામ વિસ્તારમાં પ્રેમસંબંધના બહાને બ્લેકમેલિંગ અને રૂપિયા પડાવવાના ગંભીર આરોપો સાથેનો બનાવ સામે આવ્યો છે. આ અંગે ભાવેશ દેવશીભાઈ ચુડાસમા (ઉ.વ. ૩૩, વ્યવસાય-હિરા મજૂરી, રહે-નારાયણનગર, પુણાગામ) દ્વારા ૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરીયાદ મુજબ, વર્ષ ૨૦૨૩થી લઈને ૧૭ માર્ચ ૨૦૨૫ દરમિયાન આરોપી સપના મનોજભાઈ વ્યાસે ફરીયાદી સાથે પોતાની મરજીથી નજીકનો સંબંધ સ્થાપ્યો હતો. શરૂઆતમાં સામાન્ય રીતે ચાલતો આ સંબંધ બાદમાં કાવતરામાં ફેરવાયો હતો. ફરીયાદીનો આરોપ છે કે સપના વ્યાસ, તેના પતિ મનોજ જયંતી વ્યાસ અને તેમના સાથીદાર રાકેશ પાનસુરીયાએ પૂર્વયોજનાબદ્ધ રીતે આ સંબંધનો દુરુપયોગ કરી બ્લેકમેલિંગ શરૂ કર્યુ હતું.

આરોપીઓએ ફરીયાદીને ધાક-ધમકી આપીને તેમજ ગાળાગાળી કરીને વારંવાર રૂપિયા પડાવ્યા હતા. ફરિયાદ મુજબ, આરોપીઓએ અલગ-અલગ સમયે રોકડ રૂપે કુલ રૂ. ૧,૫૦,૦૦૦ પડાવ્યા હતા. ઉપરાંત, ડિજિટલ પેમેન્ટ એપ્સ જેમ કે ગૂગલ પે અને ફોન પે મારફતે રૂ. ૧,૦૯,૨૪૯ પણ ટ્રાન્સફર કરાવ્યા હતા. આમ કુલ મળી રૂ. ૨,૫૯,૨૪૯ની રકમ ફરીયાદી પાસેથી વસૂલવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

આ સમગ્ર ઘટના પુણાગામના નારાયણનગર વિસ્તારમાં આવેલ એક મકાનમાં બની હોવાનું જણાયું છે. બનાવ બહાર આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પોલીસે પ્રાથમિક તપાસના આધારે સપના વ્યાસ, મનોજ વ્યાસ અને રાકેશ પાનસુરીયા સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દસ્તાનની સોસાયટીના ઘરમાંથી રૂા.૨.૫૬ લાખનો દારૂ ઝડપાયો

### શ્રી વિનાયક વિલા સોસાયટીના મકાનમાં પોલીસનો છાપો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ પર કડક લગામ કસવાની ઝુંબેશ અંતર્ગત પલસાણા પોલીસને એક મોટી સફળતા મળી છે, જેમાં દસ્તાન ગામની એક સોસાયટીના મકાનમાંથી લાખોની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ સમગ્ર કામગીરી સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી રાજેશ ગઢીયાની સૂચના અને બારડોલી વિભાગના ડીવાયએસપી શ્રી એચ.એલ. રાઠોડના માર્ગદર્શન હેઠળ પલસાણા પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.ડી. ઝીલરીયા અને તેમની ટીમ દ્વારા પાર પાડવામાં આવી હતી.

ગઈકાલ તારીખ ૦૮/૦૪/૨૦૨૬ ના રોજ જ્યારે પલસાણા પોલીસનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન પોલીસ કર્મીઓ નિકેતકુમાર, નિલેશભાઈ અને વિષ્ણુભાઈને એક સચોટ અને સંયુક્ત બાતમી મળી હતી કે દસ્તાન ગામની સીમમાં આવેલી 'શ્રી વિનાયક વિલા સોસાયટી'ના મકાન નંબર ૮૭ માં મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક તે મકાનમાં રેડ પાડતા ત્યાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની નાની બોટલો અને ટીન બીયર મળી કુલ ૧૧૫૨ નંગનો જથ્થો મળી આવ્યો હતો, જેની અંદાજિત કુલ કિંમત ૨,૫૬,૮૦૦/- જેટલી થાય છે. આ મામલે પલસાણા પોલીસે ગેરકાયદેસર દારૂનો સંગ્રહ કરવા બદલ અજાણ્યા ઈસમો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(ઇ), ૮૧ અને ૧૧૬(બી) મુજબ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે, સાથે જ દારૂનો જથ્થો મંગાવનાર અને સંતાડનાર શખ્સોને વોન્ટેડ જાહેર કરી તેમને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. આ સફળ કામગીરીમાં પી.આઈ. બી.ડી. ઝીલરીયાની સાથે હેડ કોન્સ્ટેબલ નિકેતકુમાર, અમૃતભાઈ તથા કોન્સ્ટેબલ જીગરભાઈ, નિલેશભાઈ, વિક્રમભાઈ, સંજયભાઈ, વિષ્ણુભાઈ અને મહિપાલસિંહ જોડાયા હતા. સુરત ગ્રામ્ય પોલીસની આ સતર્કતા અને કડક કાર્યવાહીને પગલે પંથકના બુટલેગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## સીમાડામાં શ્રીરામ કાર મેળાના રસોડામાં રાત્રે આગ ફાટી નીકળી

### તાબડતોબ ફાયર બ્રિગેડ પહોંચી જતા કાર મેળાની તમામ મોટરો સલામત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

સીમાડા બીઆરટીએસ રોડ શ્રી રામ કાર વર્લ્ડ મેળામાં બનાવેલા રસોડામાં ગઈકાલે રાત્રિના સવા નવ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. રસોઈ બનાવતા સમયે લાગેલી આગની જ્વાળાઓ વધુ હોય તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરાતા ફાયરના લાશ્કરોએ સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. કાર મેળામાં પાર્ક કરાયેલી કારોને કોઈ નુકશાન ન થયું હોવાનું ફાયર સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

ફાયર કંટ્રોલ પાસેથી મળતી વિગત અનુસાર ગઈકાલે રાત્રે સવા નવ વાગ્યાની આસપાસ સીમાડા બીઆરટીએસ રોડ સેતુ બંધ હાઈટ્સની બાજુમાં આવેલા શ્રી રામ કાર વર્લ્ડ નામના કાર મેળાનાં કિચનમાં આગ લાગી હતી. કિચનની તમામ સામગ્રી આગમાં સળગી ગઈ હતી. ફાયર કંટ્રોલને જાણ કરાતા સરથાણા અને કાપોદ્રાની ગાડીઓ સ્થળ પર પહોંચી હતી અને આગ પર કાબુ મેળવ્યો હતો. આ બનાવમાં કોઈ ઈજા કે જાનહાનિ નોંધાઈ ન હતી. કિચનમાં લાગેલી આગની જ્વાળાઓ વધુ ફેલાતી ફાયર જવાનોએ અટકાવી હતી.